بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا رَسُوۡلَ اللّٰہِ — اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّم

اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا حَبِیۡبَ اللّٰہِ — اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં


**અઝ**

**મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**

(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)

**અનુવાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

Mo. 94274 64411 Mo. 96645 21477

Web.barkatekhwaja.net

BANK

BANK DETAILS

બેંક ઓફ બરોડા

A/c. No. 34620100000302

ANJUMANE RAZAE MUSTAFA

IFSC Code : BARBODAYADR

Zero

PhonePe

Mo. 94274 64411

G Pay paytm

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.:૨૮૦ | આવૃત્તિ–૨ | પ્રત:૨૦૦૦ |
| ૧૭–શાબાનુલ્ મુઅઝ્ઝમ | હિ.સ. ૧૪૪૬ | ૧૬/૦૨/૨૦૨૫ |

## ❑ અનુક્રમણિકા ❑


❒ **અનુવાદકના બે બોલ.....** **04**

❒ **રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં** **05**

❀ અહલે સુન્નતનો અક઼ીદો 05

❀ વહાબી ફિર્કાનો અક઼ીદો 06

❒ **અહલે સુન્નતની દલીલો કિતાબુલ્લાહથી ઈલ્મે ગયબની સાબિતી** **09**

❒ **હદીષ થકી ઈલ્મે ગયબની સાબિતી** **13**

❀ કુલ્લી તથા ઉમૂમી હદીષો 13

❀ ક઼યામતનો સમય ન બતાવવાનો સબબ 16

❀ રસૂલુલ્લાહ ﷺએ અ઼યન (ખરેખર) જન્નત તથા અ઼યન જહન્નમ જોઈ 18

❀ અલ્લાહે પોતાનો દસ્તે કુદરત પોતાના મહબૂબ ﷺના બે ખભાઓ વચ્ચે રાખીને દરેક ચીજ રોશન કરી આપી 22

❀ મને પૂર્વ પશ્ચિમની વચ્ચેની સર્વ ચીજોનો ઈલ્મ હાંસલ થઈ ગયો 24

❀ મેં જમીનની પૂર્વ તથા પશ્ચિમ દિશાઓને જોઈ લીધી 25

❀ આસ્માનની નાની મોટી વાતો સરકાર ﷺએ વર્ણવી આપી 25

❀ ખાસ તથા વિભાગીય (જુઝઈ) હદીષ 27

❀ સરકાર ﷺએ ખૂબ જ અધિક પ્રમાણમાં ક઼યામતની નિશાનીઓ વર્ણવીને એક હદ સુધી ક઼યામતના સમયથી માહિતગાર કરી આપ્યા 28

❀ વહાબીઓના ઈમામના મુજબ તે હવા ચાલી ચૂકી જે દરેક મો'મિન તથા મુસ્લિમ રૂહ ક઼બ્ઝ કરી લેશે 31

❀ પયગંબરે ખુદાના ફર્માન મુજબ થયું ! 31

❀ આવનારા જમાનાની ખબર કે અલ્લાહ હસને મુજતબા رضی اللہ عنہના થકી મુસલમાનોની બે મોટી જમાઅતોમાં સુલહ કરાવશે 33

❀ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہના હાથ પર ખૈબરની જીત થવાની અગાઉથી બશારત 35

# ❑ અનુક્રમણિકા ❑


- ❀ દુનિયા તથા આખેરતની ભલી હાલતોની ખબર તથા બશારત આપવું 37
- ❀ મદીનાથી સેંકડો માઈલ દૂર થનારા બનાવોથી સરકાર ﷺએ જે તે સમયે માહિતગાર કર્યા 38
- ❀ રસૂલ ﷺએ બતાવી આપ્યું કે કોણ ક્યાં મરશે ? 39
- ❀ પીઠ પાછળ જાહેર તથા બાતિનને જોવું 41
- ❀ દુનિયાથી ગયબી હાલતો અને કબ્રના પહોંચ બહારના રહસ્યોની ખબર 42
- ❀ કયામતની પ્રથમ નિશાની, જન્નતનો પ્રથમ ખોરાક અને અમુક મખ્લૂક વિશે ખબર 43
- ❀ હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رضی اللہ عنہما ની શહાદતની ખબર 45
- ❀ ઝુલ્ખવૈસરા તમીમીના બેઅદબ ગિરોહના ઝહૂર અને તેમના અહવાલની ખબર 46
- ❀ કયામત નજીક ચાલનારી હવાની આશ્ચયકારક તાષીર વિશે આગાહી તથા યકીની ખબર 47
- ❀ હઝરત ષાબિત બિન કૈસના સારા ખાત્મા અને તેમના જન્નતી હોવાનો ઈઝહાર તથા બશારત 48
- ❀ હઝરત માલિક બિન દુખ્શુન માટે સમર્થન અને દિલી ઈમાની શહાદત 49
- ❀ એક ખબર : રહસ્યમય પત્ર, પત્ર ધરાવનાર અને ગિરફતારીના સ્થળની ખબર 52
- ❀ આખરી જહન્નમી તથા આખરી જન્નતીના બારામાં યકીની ઈલ્મનું પ્રદર્શન અને તેના પર રબ્બાની ઈનામોની ખબર 54
- ❀ જહન્નમથી સૌથી આખરમાં નજાત પામનારની બખ્શિશનો દિલચસ્પ બનાવ તથા મહત્વની ગયબી ખબર 55
- ❀ જહન્નમથી મુક્ત આખરી જન્નતીના બનાવમાં ગયબદાનીની વિવિધ સાક્ષીઓ 56
- ❀ એકત્રીસ હદીષોનો સાર 57
- ❒ **ઈલ્મે ગયબના નકારની દલીલો** 58
- ❀ તત્બીક (વર્ગીકરણ)ની વિવિધ સ્થિતિઓ 59
- ❀ અલ્લાહના ઈલ્મ તથા નબીના ઈલ્મમાં વિવિધ પાયાના તફાવતની સ્પષ્ટતા 70

# અનુવાદકના બે બોલ.....

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેના પ્યારા મહબૂબ, દાનાએ ગુયૂબ, રહ્મતે આલમ નબીયે આખિરુઝ્ઝમાં ﷺને અગણિત નેઅમતોથી નવાઝયા છે. બેશુમાર અખત્યારો અર્પણ કરેલા છે, ગયબના ઈલ્મથી નબી કરીમ ﷺને સરફરાઝ કરેલા છે. સર્વ નબીઓને જે કમાલો તથા ખૂબીઓ અલગ અલગ રીતે આપવામાં આવ્યાં તે સર્વ કમાલો તથા ખૂબીઓ આપણા પ્યારા નબી અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺની એક જાતમાં આપી દીધી છે. આ બાબતોથી તો નબી ﷺના ઉમ્મતીએ ખુશ થવું જોઈએ, પણ એવા પણ કહેવાતા ઉમ્મતી છે જેઓને નબી પાક ﷺની ખૂબીઓના વર્ણનથી જલન થાય છે. તો એવા લોકો માટે કહી શકાય છે કે, *યહાં ભી જલે હૈં વહાં ભી જલેંગે !* અને છતાં તેઓ પોતાને મુસલમાન કહે છે !

બાતિલ ફિર્કા વહાબી ગૈર મુકલ્લિદ કહેવાતા અહલે હદીષ તેમજ વહાબી દેવબંદીઓની એ જ સ્થિતિ છે કે નબી પાક ﷺના કમાલો ખૂબીઓના વર્ણનથી તેમને એલર્જી છે, અલ્લાહના ગયબદાં રસૂલ ﷺના કમાલોનો ઝિક્ર સાંભળીને તેમને ખુજલી શરૂ થઈ જાય છે, ચહેરામાં કાળશા આવી જાય છે જે તેમના દિલની કાળશની છબી જાહેર કરે છે.

પ્રસ્તુત કિતાબમાં ફક્ત કુર્આની આયતો, સહીહ હદીષો થકી અલ્લાહે તેના પ્યારા મહબૂબ રસૂલ ﷺને "ગયબનો ઈલ્મ" આપ્યો છે તેની સાબિતી એ રીતે સ્પષ્ટ કરી છે કે જેનો ઈન્કાર કોઈ નહીં કરે પણ મુનાફિક઼. કેમ કે કુર્આની સહીહ હદીષોનો ભરમાર પ્રસ્તુત કિતાબમાં સિરાજુલ ફુક઼હા, મુહક્કિકે મસાઈલે જદીદા, **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી બરકાતી** مدظلہ العالی થકી પેશ કરવામાં આવેલો છે.

મારી સર્વ કલમાગો હઝરાતને વિનંતિ છે કે નિષ્પક્ષ બનીને જરૂરથી આ કિતાબનો અભ્યાસ કરશો અને વર્તમાન સમયની બદ્અક઼ીદાઓની ફેલાવેલી ગુમરાહીઓથી પોતાની, પોતાનાં ઘરવાળાં તથા મિત્રોની હિફાઝત માટે કોશિશ કરશો. ઈમાન જો સલામત રહ્યું તો આપણો બેડો પાર છે, જો એમાં ગોથુ ખાઈ ગયા તો બધો દબદબો, વાહવાહી, જાહોજલાલી આંખો મીંચાતાં જ ખત્મ થઈને હમેશાંના અઝાબમાં સપડાવું પડશે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તેની, તેના પ્યારા મહબૂબ ﷺની, તથા તેના સર્વ મહબૂબ બંદાઓની મહોબ્બત તથા તા'ઝીમમાં જિંદગી ગુજારવાની તૌફીક઼ આપે. (આમીન)

તા. ૧૮/૦૨/૨૦૨૫ **-પટેલ શબ્બીર અલી રઝવી**

**મસ્અલા-૭**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّیۡ عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ  اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ  اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

# રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ
## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અલ્લામુલ ગુયૂબ ખુદાએ અંબિયાએ કિરામને, ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺને અગણિત ગયબી ઈલ્મો અતા કર્યા અને આ ક્રમ કુર્આનના ઉતરાણની પૂર્ણતા સુધી ચાલુ રહ્યો.

### ★ અહલે સુન્નતનો અક઼ીદો ★

ખાલિસુલ એ'તેક઼ાદમાં ઈમામે અહલે સુન્નતે અહલે સુન્નતો અક઼ીદો આ પ્રમાણે વર્ણવ્યો છે :

- ❑ એના પર ઈજમાઅ છે કે અલ્લાહ عزوجلના આપવાથી અંબિયાએ કિરામ عليهم السلامને પુષ્કળ તથા અઢળક પ્રમાણમાં ગયબોનો ઈલ્મ આપ્યો છે. આ પણ જરૂરિયાતે દીનથી છે, જે **એનો મુન્કિર (નકારનારો) હોય તે કાફિર** છે, કે મુદલે નુબવ્વતનો જ મુન્કિર છે.
- ❑ એના પર ઈજમાઅ છે કે આ મહાન ફઝ્લમાં મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺનો હિસ્સો તમામ નબીઓ (તથા) તમામ જહાનથી ઉચ્ચ તથા મહાન કક્ષાનો છે. અલ્લાહ عزوجلની અતાથી હબીબે અકરમ ﷺને એટલા ગયબોનો ઈલ્મ છે જેની ગણત્રી અલ્લાહ عزوجل જ જાણે છે. મુસલમાનાનો

અહીં સુધી ઈજમાઅ હતો. (ખાલિસુલ એ'તેકાદ, ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે ઈસ્લામ મૌલાના અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ, પેજ–૨૩, ૨૪, રઝા એકેડમી–મુંબઈ, ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૮, પેજ–૫૮૨, કિતાબુલ એતેકાદ વલ્ કલામ, રિસાલા ખાલિસુલ એ'તેકાદ, ઈમામ અહમદ રઝા એકેડમી–બરેલી) તેમજ એમાં જ છે :–

❑ આ સર્વ ઈજમાઓ પછી આપણા ઉલમામાં મતભેદ થયો કે અગણિત ગયબના ઈલ્મો જે મૌલા ﷻએ પોતાના મહબૂબે આ'ઝમ ﷺને અતા કર્યા, શું તે પ્રથમ દિવસથી આખરી દિવસ સુધી સર્વ કાઈનાતને સમાવે છે જેવો કે સામાન્ય રીતે આયતો તથા હદીષોનો ફાયદો છે અથવા એમાં ખાસપણુ છે ?

ઘણા બધા જાહેરી ઈલ્મવાળા ખાસ પણા તરફ ગયા છે. અને સામાન્યપણે ઉલમાએ બાતિન અને તેમના અનુસરણમાં ખૂબ જ અધિક પ્રમાણે ઉલમાએ ઝાહિરે આયતો તથા હદીષોને તેમના સામાન્યપણા પર રાખી.... અમારો મુખ્તાર, કૌલે આખિર છે જે સામાન્ય આરિફો તથા પુષ્કળ પ્રમાણમાં અઅલામનો મસ્લક છે. *(ખાલિસુલ એતેકાદ, મુલ્તકતન, પેજ–૨૬, ૨૭, રઝા એકેડમી–મુંબઈ, રિસાલા ફતાવા રઝવિય્યહ)*

## ★ વહાબી ફિર્કાનો અકીદો ★

એનાથી ઉલ્ટુ વહાબી ફિર્કાના ઈમામ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાના ગિરોહનો મઝહબ આ દર્શાવે છે :

*"અલ્લાહના જેવો ઈલ્મ કોઈ અન્ય માટે સાબિત કરવું" તો આ અકીદાથી માણસ અલ્બત્ત મુશ્રિક થઈ જાય છે, ચાહે એ અકીદો અંબિયા, અવલિયાથી રાખે, ચાહે પીર તથા શહીદ સાથે, ચાહે ઈમામ તથા ઈમામ ઝાદાઓ સાથે, ચાહે ભૂત તથા પરી સાથે.*

*પછી ભલે એવું સમજે કે એ વાત એમને પોતાની જાતથી છે ચાહે અલ્લાહના આપવાથી. સારાંશ કે આ અકીદાથી દરેક રીતે શિર્ક સાબિત*

*થઈ જાય છે. (તક઼વિયતુલ ઈમાન, પેજ–૯, પ્રથમ પ્રકરણ : શિર્ક તથા તૌહીદના બયાનમાં, રાશિદ કંપની, દેવબંદ)*

જો કોઈ મઆઝલ્લાહ ! કોઈ બંદાના માટે એવું માને કે એને "ગયબનો ઈલ્મ ઝાતી" છે, એટલે કે એને અલ્લાહના આપ્યા વગર ખુદ પોતાની જાતથી ગયબનો ઈલ્મ હાંસલ છે, તો એ જરૂર શિર્ક છે અને એવો અક઼ીદો રાખનાર મુશ્રિક છે કે કોઈની અતા (અર્પણ) વિના જાતે પોતે ગયબના આલિમ (જાણકાર) હોવું એ આલિમુલ ગયબ વશ્શહાદાની સાથે ખાસ છે.

પણ આવો અક઼ીદો કે **અલ્લાહના માહિતગાર કરવાથી, અલ્લાહની અતાથી (આપવાથી) નબી ﷺને ગયબનો ઈલ્મ હાંસલ છે, એ કદાપિ શિર્ક નથી.** બલ્કે એમાં શિર્કની કોઈ રજમાત્ર શંકા પણ નથી, કે એ નબીના ઈલ્મ માટે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ (કુર્આન તથા હદીષ)થી સાબિત છે. જો "ઈલ્મે અતાઈ તથા ઈત્તેલાઈ" **શિર્ક હોત તો** અલ્લાહ તઆલા કદી પોતાના કોઈ રસૂલે મુર્તઝાને ગયબ પર માહિતગાર ન કરત કે ગયબ પર માહિતગાર કરવું હક઼ીક઼તમાં ગૈરુલ્લાહને પોતાનો ભાગીદાર (શરીક) બનાવવું છે. હક્ક઼ એ છે કે ઈલ્મે અતાઈ તથા ઈત્તેલાઈ બંદાની સાથે ખાસ છે. ખુદાએ અલીમો ખબીરનો ઈલ્મ કદી અતાઈ (કોઈનો અર્પણ કરેલો) કે ઈત્તેલાઈ (માહિતી આપેલો) હોય જ નથી શકતો.

અતા (અર્પણ) તેને કરવામાં આવે છે જેની પાસે ન હોય, અને અલ્લાહ પાસે તો સર્વ કાંઈ છે, સર્વ ગયબી ઈલ્મો જેની કોઈ હદ કે સીમા નથી એ તેને હમેશાંથી ઉપલબ્ધ છે અને હમેશાં રહેશે. તેના ઈલ્મી ખજાનાઓમાં શું કમી છે કે કોઈ તેને આપશે ! તે પણ ગૈરુલ્લાહ ! કે જે પોતે જ મોહતાજ તથા હાદિષ તથા ફાની છે. કોઈ છે જે તેને કોઈ ગયબ પર માહિતગાર કરશે ?! અને કયો ગયબ છે જેના પર અઝલથી અબદ (હમેશાંથી હમેશાં) સુધી માહિતગાર નથી ? તો પછી કયા ગયબ પર કોઈ બંદો માહિતી આપશે ?!

સારાંશ કે જ્યારે તે અલ્લામુલ ગુયૂબનો ઈલ્મ અતાઈ (કોઈનો આપેલો) હોય જ નથી શકતો તો પછી તેની અતા (આપવાથી) તથા ઈત્તેલાઅ (ખબર)

આપવાથી અંબિયા (નબીઓ) માટે ઈલ્મે ગયબ માનવો શિર્ક થશે નહીં. "અલ્લાહકા સા ઈલ્મ" (અલ્લાહ જેવો ઈલ્મ) કોઈને માટે સાબિત કરવો શિર્ક છે, તો શું "ઈત્તેલાઈ તથા અતાઈ" (ખબર કરવામાં આવેલો કે અર્પણ કરેલો) ઈલ્મ નબીના માટે માનવો "અલ્લાહના જેવો ઈલ્મ" છે ? જ્યારે તેનો ઈલ્મ અતાઈ થઈ જ નથી શકતો તો બંદાના માટે આ ઈલ્મ માનવો કદાપિ કદાપિ "અલ્લાહના જેવો" ઈલ્મ માનવું નથી, પછી શર્ક ક્યાંથી આવી ગયું ?! આ બાબત એટલી સ્પષ્ટ તથા રોશન છે કે એમાં કોઈ બુધ્ધિવાન તથા શાણાપુરૂષને કોઈ ખટકો હોઈ જ નથી શકતો.

હા ! જો વહાબી ફિર્કાના ઈમામ અલ્લાહ તઆલાનો ઈલ્મ કોઈની ઈત્તેલાઅ (કોઈના ખબર આપવા)થી તથા અતાથી માને છે એટલા માટે અંબિયાએ કિરામના માટે એ ઈલ્મ સાબિત કરવું શિર્ક કહે છે ! તો બતાવવામાં આવે કે :–

- ❀ કિતાબુલ્લાહથી એના માટે શું સબૂત છે ?
- ❀ નબવી હદીષોથી એના પર શું સાબિતી છે ?
- ❀ સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફે રબ્બાનિય્યીન (પાછલા ઉલમા સુલહા)થી એના પર શું સાબિતી છે ?
- ❀ બુધ્ધિ તથા સમજ સાથે એને શું સંબંધ છે ?

વાત સાફ, સુથરી, કોઈ જાતની હેર ફેર વિના આલિમાના વકારની સાથે થવી જોઈએ.

هاتوا برهانكم إن كنتم صٰدقين. فإن لم تفعلوا ولن تفعلوا فاتّقوا الله. وكُوْنُوا مع الصّٰدِقِيْنَ

**હા ! અમે અહલે હક્ક એહલે સુન્નત વ જમાઅતનો એતેકાદ (અકીદો) છે કે અલ્લાહ તબારક વ તઆલાએ અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો) عليهم السلامને ગયબ પર માહિતગાર કર્યા, બીજા શબ્દોમાં ઈલ્મે ગયબ અતા કર્યો એ કિતાબ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે.**

## અહલે સુન્નતની દલીલો :
## કિતાબુલ્લાહથી ઈલ્મે ગયબની સાબિતી

**૧.** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَ لٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

"અલ્લાહની એ શાન નથી કે (હે સામાન્ય લોકો !) તે તમને ગયબ પર માહિતગાર કરે, **પરંતુ** અલ્લાહ પોતાના રસૂલોમાંથી જેને ચાહે ગયબના માટે ચૂંટી કાઢે છે." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૭૯)*

**૨.** અલ્લાહનું ફર્માન છે :–

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۝ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"અલ્લાહ આલિમુલ ગયબ છે, તો **તે પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતના પસંદીદા રસૂલોના."**

*(સૂ. જિન, ૭૨/૨૬,૨૭)*

**૩.** રબ તઆલાનો ઈર્શાદ છે : وَ مَا هُوَ عَلَى الْغَيْبِ بِضَنِيْنٍ ۝ "અને **આ નબી ગયબ બતાવવામાં** કંજૂસ નથી." *(સૂ. તકવીર, ૮૧/૨૪)*

**૪.** ઈર્શાદે ખુદાવંદી છે : تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهَاۤ اِلَيْكَ

**"હે નબી ! આ ગયબની ખબરો અમે તને વહી કરીએ છીએ.** (ગુપ્ત રીતે બતાવીએ છીએ) *(સૂ. હૂદ, ૧૧/૪૯)*

**૫.** ઈર્શાદે ઈલાહી છે :–

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ۝

"અને હે મહબૂબ ! **અમે તમને તે સર્વ ઈલ્મો શીખવાડી દીધા જે આપ જાણતા ન હતા અને આપના પર અલ્લાહનો મહાન ફઝ્લ છે."**

*(સૂ. નિસાઅ, ૪/૧૧૩)*

૬. તેમજ અલ્લાહનો ઈર્શાદ છે : ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ **"આ ગયબની ખબરો છે જે અમે તારી તરફ વહી કરી છે."**

*(સૂ. આલે ઈમરાન, ૩/૪૪)*

આ આયતો સાક્ષી પૂરી રહી છે કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલોને ગયબની વાતો વહી થકી જણાવી, પોતાના પસંદીદા રસૂલો પર ગયબ જાહેર કર્યું, તેમને ગયબથી માહિતગાર કર્યા, તેમને ગયબની ખબર આપી.

અમે એ જ "ગયબની ખબર આપવું, ગયબને જાહેર કરવું અને ગયબની વહી કરવી"ને "અતાએ ગયબ" (ગયબનો ઈલ્મ આપવું)થી તા'બીર કરીએ છીએ, તો સાબિત થયું કે આલિમુલ ગયબ ﷻએ પોતાના રસૂલે મુજતબા તથા પોતાના પસંદીદા રસૂલોને ગયબી ઈલ્મો અતા કર્યા, અને આયત નં. ૩થી એ સાબિત થાય છે કે હુઝૂર ﷺને ઈલ્મે ગયબ હાંસલ છે, અને આપ દરિયાદિલી (ફૈયાઝી) અને વિશાળ હૃદયતાથી તેને વર્ણવે પણ છે, એવું નથી કે અમુક બતાવે અને અમુક ન બતાવે. **આ મુબારક આયતોના મુજબ મુસલમાન હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માને છે. પણ "અલ્લાહના જેવો ઝાતી ઈલ્મે ગયબ" નહીં, બલ્કે કેવળ અતાઈ (અર્પણ થયેલો) માને છે, પણ "વહાબી" ઝાતી તથા અતાઈ સૌને શિર્ક કહે છે !**

ઈમામે અહલે સુન્નત رضی اللہ عنہએ "અતાઈ ઈલ્મે ગયબ"ની સાબિતીમાં કુર્આને હકીમની આયાતે શરીફથી ખૂબ જ જબરદસ્ત દલીલો કરી છે. અમે અહીં તે દલીલો તેમના જ શબ્દોમાં સાધારણ ફેરફાર તથા સંપાદન સાથે નકલ કરીએ છીએ. આપ લખે છે :–

૭. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

نَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ وَّ هُدًى وَّ رَحْمَةً وَّ بُشْرٰى لِلْمُسْلِمِيْنَ

"અને હે મહબૂબ ! અમે તમારા પર "કિતાબ" ઉતારી જે દરેક ચીજનું રોશન વર્ણન છે અને મુસલમાનો માટે હિદાયત તથા રહમત તથા ખુશખબરી."

*(સૂ. નહ્લ, ૧૬/૮૯)*

૮. ખુદાએ પાક ફર્માવે છે :–

مَا كَانَ حَدِيْثًا يُّفْتَرٰى وَ لٰكِنْ تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ يَدَيْهِ وَ تَفْصِيْلَ كُلِّ شَىْءٍ

"કુર્આન તે વાત નથી જે બનાવવામાં આવે, બલ્કે આગલી કિતાબોનું સમર્થન છે, અને દરેક ચીજનું સાફ સાફ અલગ અલગ વર્ણન."

*(સૂ. યૂનુસ, ૧૨/૧૧૧)*

૯. ખુદાએ અલીમનું ફર્માન છે : مَا فَرَّطْنَا فِى الْكِتٰبِ مِنْ شَىْءٍ "અમે કોઈ ચીજ બાકી નથી રાખી." *(સૂ. અન્આઅ, ૬/૩૮)*

જ્યારે ફુર્કાને મજીદ દરેક ચીજનું રોશન તથા વિગતવાર વર્ણન છે અને અહલે સુન્નતના મઝહબમાં "શય" (ચીજ) દરેક મૌજૂદને કહે છે તો અર્શથી ફર્શ સર્વ કાઈનાત, સર્વ મૌજૂદ ચીજો આ વર્ણનના વર્તુળમાં સામેલ છે.

અને સર્વ મૌજૂદ ચીજોમાં લોહે મેહફૂઝનું લખાણ પણ છે જેથી વિના શંકાએ આ વર્ણનો તેના લખાણને પણ સમાવે છે.

હવે એ પણ કુર્આને અઝીમને પૂછી જોઈએ કે લોહે મેહફૂઝમાં શું શું લખ્યું છે ?

- ❑ અલ્લાહનો ઈર્શાદ છે : وَكُلُّ صَغِيْرٍ وَّ كَبِيْرٍ مُّسْتَطَرٌ "દરેક નાની મોટી ચીજ સૌ લખેલુ છે." *(સૂ. કમર, ૫૪/૫૩)*
- ❑ ઈર્શાદે બારી છે : وَكُلَّ شَىْءٍ اَحْصَيْنٰهُ فِىْۤ اِمَامٍ مُّبِيْنٍ "દરેક ચીજ અમે એક "રોશન પેશવા"માં જમા કરી આપી." *(સૂ. યાસીન, ૩૬/૧૨)*
- ❑ અલ્લાહનો ઈર્શાદ છે :–

وَلَا حَبَّةٍ فِىْ ظُلُمٰتِ الْاَرْضِ وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِىْ كِتٰبٍ مُّبِيْنٍ

"કોઈ દાણો નથી જમીનની અંધારીઓમાં અને ન કોઈ તર અને ન કોઈ સૂકુ, પણ એ કે સર્વ એક રોશન કિતાબમાં લખેલુ છે." *(સૂ. અન્આમ, ૬/૫૯)*

## ★ નકરા નફી હેઠળ ઉમૂમનો ફાયદો આપે છે ★

"નકરા" નફી હેઠળ ઉમૂમ માટે ફાયદામંદ છે, અને શબ્દ "કુલ" તો એવો

આમ (સામાન્ય) છે કે કદી ખાસ થઈને વપરાતો જ નથી. અને આમ ઈફાદાએ ઈસ્તેગરાક઼માં ક઼તઈ છે. અને નુસૂસ હમેશાં જાહેર પર મહમૂલ (આધારિત) થશે. શરઈ દલીલ વગર એમાં અર્થઘટન (તાવીલ) તથા ખાસ કરવાની ઈજાઝત નથી, નહીં તો શરીઅતથી અમાન ઉઠી જશે. તો محمد الله تعالى કેવું નસ્સે શરઈ તથા ક઼તઈથી રોશન થયું કે આપણા હુઝૂર સાહિબે કુર્આન ﷺને અલ્લાહ તઆલાએ સર્વ મૌજૂદાત (અસ્તિત્વવાળી ચીજો), સર્વ مَاكَانَ وَمَايَكُوْنُ إِلٰى يَوْمِ الْقِيَامَةِ (જે કાંઈ થઈ ગયું અને જે કાંઈ કયામત સુધી થશે) અને લોહે મેહફૂઝમાં લખવામાં આવેલ સર્વનો ઈલ્મ આપ્યો. **પૂર્વ તથા પશ્ચિમ, આસ્માન તથા જમીન અને અર્શ તથા ફર્શમાં કોઈ રજકણ હુઝૂર ﷺના ઈલ્મથી બહાર ન રહ્યો.**

અને જ્યારે કે આ ઈલ્મ કુર્આને અઝીમના تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ (દરેક ચીજનું રોશન બયાન) હોવાએ આપ્યો અને પૂર્ણપણે જાહેર કે આ વસ્ફ (ખૂબી) કલામે મજીદ પૂર્ણનો છે ન દરેક આયતનો ન દરેક સૂરતનો. તો કુર્આનના સંપૂર્ણ નુઝૂલથી પહેલાં જો અમુક અંબિયા عَلَيْهِمُ السَّلَامની નિસ્બત ઈર્શાદ થયો : لَّمْ نَقْصُصْ عَلَيْكَ (અમે તમને અમુક રસૂલોના અહવાલ ન વર્ણવ્યા. સૂ. ગાફિર, ૪૦,૭૮) અથવા મુનાફિકોના બારામાં ફર્માવવામાં આવે : لَا تَعْلَمُهُمْ (તમે એમને નથી જાણતા. સૂ. તૌબા, ૯/૧૦૧) તો એ કદાપિ એ આયતોના વિરૂધ્ધ અને ઈલ્મે મુસ્તફવીના ઘેરાવને નકારનાર નથી.

અલ્હમ્દુલિલ્લાહ ! તાઈફાએ વહાબિયા (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) જેટલા પ્રમાણમાં કિસ્સાઓ તથા રિવાયતો અને અખ્બાર (ખબરો) તથા હિકાયતો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના મહાન ઈલ્મને ઘટાડવાના માટે કુર્આની આયતોના મુક઼ાબલામાં પેશ કરે છે, એ સૌનો જવાબ આ જ બે વાક્યોમાં થઈ ગયો." *(રિસાલા અંબાઉલ મુસ્તફા બહાલે સિર્ર વ ઈખ્ફા, પેજ નં. ૪ થી ૬, રઝવી કિતાબ ઘર, બરેલી શરીફ)*

આ દલીલનો પાયો આયતે કરીમા : وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ (અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે દરેક ચીજનું રોશન વર્ણન છે. (સૂ.

નહ્લ્, ૧૬/૮૯) છે, જેનાથી એ સાબિત થાય છે કે કિતાબ મુક઼દ્દસ નાઝિલ કરીને અલ્લાહ عزوجلએ પોતાના નબી ﷺને દરેક ચીજના બારામાં રોશન માલૂમાતથી માહિતગાર કર્યા. અહીં تنزیل નો શબ્દ ગયબ અતા કરવા પર દલીલ પૂરી પાડે છે.

આ મુબારક આયતોથી બે વાતો જાણવા મળી :

- ❑ એક એ કે હુઝૂર સૈયદે આલમ ﷺને પુષ્કળ બાબતોનો ઈલ્મે ગયબ હાંસલ છે.
- ❑ બીજી એ કે એ ઈલ્મે ગયબ આલિમુલ ગયબ ખુદાની અતાથી હાંસલ છે. જેમ કે اِطلاع، تبیان، تنزیل، وحی અને اظہારના શબ્દો એના માટે દલીલ પૂરી પાડે છે.

શું ખુદાએ ઝુલજલાલે પોતાના નબીઓ તથા રસૂલો علیہم السلامને ગયબી બાબતોથી માહિતગાર કરીને તેમને પોતાના ઈલ્મમાં શરીક (ભાગીદાર) કરી દીધા ? અને શું કુર્આને મુક઼દ્દસની આ આયતો પર ઈમાન મઆઝલ્લાહ શિર્ક છે ?! ખુદા વહાબી ક઼ૌમને હિદાયત આપે.

## હદીષ થકી ઈલ્મે ગયબની સાબિતી

ખૂબ જ અતિ અધિક પ્રમાણમાં મુબારક હદીષોથી એ સાબિતી મળે છે કે હુઝૂર સૈયદે આલમ ﷺને ખુદા પાકની અતાથી ગયબી ઈલ્મો હાંસલ થાય છે.

આ હદીષો બે પ્રકારની છે : (અ) અમુકથી ઉમૂમી તથા કુલ્લી તૌર પર આપના માટે ઈલ્મે ગયબ હાંસલ હોવું સાબિત થાય છે. (બ) અને અમુકથી ખાસ, ખાસ, જુઝવી (આંશિક શાખાકીય) બાબતોમાં ઈલ્મે ગયબ હાંસલ હોવું સાબિત થાય છે.

### ★ કુલ્લી તથા ઉમૂમી હદીષો ★

*(હદીષ નંબર : 01)*

પહેલાં અમે ઉમૂમી હદીષો વર્ણવીએ છીએ :

عَنْ حُذَيْفَةَ رَضِيَ اللهُ عَنْهُ، قَالَ: ((لَقَدْ خَطَبَنَا النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ خُطْبَةً، مَا تَرَكَ فِيهَا شَيْئًا إِلَى قِيَامِ السَّاعَةِ إِلَّا ذَكَرَهُ)). عَلِمَهُ مَنْ عَلِمَه وَجَهِلَهُ مَنْ جَهِلَه

"હઝરત હુઝૈફા رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺએ અમને ખુત્બો આપ્યો તો કયામત સુધી ઉપસ્થિત થનારી સર્વ ચીજોનું વર્ણન કરી આપ્યું. જેણે યાદ રાખ્યું તેને ખબર છે અને જેણે યાદ ન રાખ્યું તે અજ્ઞાન છે."

*(સહીહ બુખારી, ૨/૯૭૭)*

આ જ સહીહ હદીષ સહીહ મુસ્લિમ શરીફમાં આ શબ્દોમાં છે :–

عَنْ حُذَيْفَةَ قَالَ: قَامَ فِينَا رَسُولُ الله صَلّى الله عليه وسلّم مَقَامًا مَا تَرَكَ شَيْئًا يَكُونُ فِي مَقَامِهِ ذَلِكَ إِلَى قِيَامِ السَّاعَةِ إِلاَّ حَدَّثَ بِهِ. حَفِظَهُ مَنْ حَفِظَهُ وَنَسِيَهُ مَنْ نَسِيَهُ

"હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺ અમારી વચ્ચે (ખુત્બો આપવા) ઉભા થયા, તો આપે એ સમયથી કયામત સુધી જે કાંઈ થવાનુ હતું સર્વ વર્ણવી આપ્યું. જેણે યાદ રાખ્યું એને તો યાદ છે અને જે ભૂલી ગયો, ભૂલી ગયો."

*(સહીહ મુસ્લિમ, ૨/૩૯૦, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺને ખુત્બો આપવાના સમયથી કયામત સુધીના સર્વ مایکون ભાવિના ગયબી ઈલ્મો હાંસલ છે.

### *(હદીષ નંબર : ૦૨)*

حَدَّثَنِي أَبُو زَيْدٍ (عَمْرُو بْن أَخْطَبَ) قَالَ: صَلَّى بِنَا رَسُولُ الله صلى الله عليه وسلَّمَ الْفَجْرَ وَصَعِدَ الْمِنْبَرَ فَخَطَبَنَا حَتَّى حَضَرَتِ الظُّهْرُ، فَنَزَلَ فَصَلَّى، ثُمَّ صَعِدَ الْمِنْبَرَ فَخَطَبَنَا حَتَّى حَضَرَتِ الْعَصْرُ، ثُمَّ نَزَلَ فَصَلَّى، ثُمَّ صَعِدَ الْمِنْبَرَ فَخَطَبَنَا حَتَّى غَرَبَتِ الشَّمْسُ فَأَخْبَرَنَا بِمَا كَانَ وَبِمَا هُوَ كَائِنٌ فَأَعْلَمُنَا أَحْفَظُنَا.

રસૂલુલ્લાહ ﷺના સહાબી અબૂ ઝયદ અમ્ર ઈબ્ને અખ્તબ رضی اللہ عنہ વર્ણવે

છે કે રસૂલુલ્લાહ ﷺએ ફજરની નમાઝ પઢાવી અને મિમ્બર પર હાજર થઈને અમને ઝહોર સુધી ખુત્બો આપ્યો. પછી મિમ્બરથી ઉતર્યા અને નમાઝ પઢાવી. પછી મિમ્બર પર જઈને ખુત્બો આપવા લાગ્યા ત્યાં સુધી કે અસરનો સમય આવી ગયો. પછી મિમ્બરથી ઉતર્યા નમાઝ પઢાવી. ત્યાર બાદ ફરી મિમ્બર પર તશરીફ લઈ ગયા અને ખુત્બો આપતા રહ્યા ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો.

હુઝૂર નબીયે રહમત ﷺએ એ દરમિયાન મકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ની ખબર આપી દીધી. તો અમારામાં અધિક ઈલ્મ તેને છે જેને અધિક યાદ રહ્યું.'' *(ઉપર મુજબ)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺ સર્વ માકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના ગયબોને જાણનારા છે.

અને આ નબુવ્વતનો મોજિઝો છે કે આપે ઘણા જ ટૂંકા સમયમાં પોતાના સહાબીઓને માકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ની ખબર આપી દીધી જે આપના એક ગુણ જવામિઉલ કલામ (સમૃધ્ધ વાણી)નો ફયૂઝાન છે.

***(હદીષ નંબર : 03)***

عَنْ (عبد الله) ابن عُمر ، قال : قال رسول الله صلى الله تعالى عليه وسلَّمَ : إِنَّ اللهَ عزَّ و جلّ قد رَفَعَ لِي الدُّنْيَا، فَأَنَا أَنْظُرُ إِلَيْهَا وَ إِلَى مَا هُوَ كَائِنٌ فيها إلى يوم القيامة، كأنما أنظر إلى كَفِّي هذه. جِلْيَانٌ مِّنَ اللهِ جَلَاهُ لِنَبِيِّهِ كَمَا جَلَا للنبيين من قبْلِهِ

''બેશક ! અલ્લાહે દુનિયાને મારી સમક્ષ કરી આપી તો હું એને તથા કયામત સુધી એમાં જે કાંઈ થવાનુ છે સૌને એ રીતે જોઈ રહ્યો છું જેમ કે મારી આ હથેળીને જોઈ રહ્યો છું. આ કાઈનાતનો મુશાહેદો (નિરીક્ષણ)એ રોશનીના સબબથી છે જે અલ્લાહે પોતાના નબી માટે રોશન કરી જેવી રીતે મારાથી પહેલાં અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના માટે રોશન કરી.

*(અલ મોઅજમુલ કબીર લિલ્ ઈમામિત્તિબ્રાની, ૧૩/૩૧૯, મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને ખત્તાબ, કાહિરા)*

આ હદીષે પાકથી સાબિત થયું કે :–

**અ.** અલ્લાહ ﷻએ આ દુનિયા અને કયામત સુધી જે કાંઈ એમાં થશે સૌને હુઝૂર ﷺની નજરો સમક્ષ કરી આપ્યું તો આપ પોતાના હાથની હથેળીની જેમ સર્વ મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ))નો દીદાર કરે છે, જેથી આપ અલ્લાહની અતાથી હાઝિર તથા નાઝિર છે.

**બ.** હુઝૂર ﷺ "જે કાંઈ થયું અને જે કાંઈ થશે" સૌનો ઈલ્મ ધરાવે છે. કે જ્યારે સર્વ કાંઈ આપની નઝર સમક્ષ છે તો આપ સૌથી માહિતગાર છે.

**ક.** પહેલાંના અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامને પણ અલ્લાહ ﷻએ "માકાન વમા યકૂન"ના ગયબો અતા કર્યા હતા અને સર્વ કાંઈ એમની નજરો સમક્ષ કરી આપ્યું હતું.

આ હદીષમાં إِنَّ اللهَ قَدْ رَفَعَ لِيَ الدُّنْيَا તથા جِلِّيَانٌ مِّنَ اللهِ جَلَاهُ لِنَبِيِّهٖના શબ્દો અંબિયા (નબીઓ)ના ગયબી ઈલ્મો અતાઈ (રબના આપેલા) હોવા પર સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે. તો શું આ રબનો અર્પણ કરેલ (રબનો અતિયો) શિર્ક છે ?

આ ત્રણેવ હદીષો સંયુક્તપણે એ હકીકત ઉઘાડી કરે છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને દુનિયાની શરૂઆતથી અંત સુધીની હાલતો વર્ણવી આપી. ત્યાં સુધી કે કયામત અને જન્નત તથા જહન્નમમાં જતા સુધીના સર્વ ગયબો બતાવી દીધા.

### ★ કયામતનો સમય ન બતાવવાનો સબબ ★

એ ગયબોમાં સૌથી મહત્વનો ઈલ્મ "કયામતનો ઈલ્મ" છે, એના બારામાં નબી અકરમ ﷺને કુર્આને હકીમમાં વારંવાર આદેશ આપવામાં આવેલો છે કે તેનો નિશ્ચિત સમય બતાવવામાં ન આવે, કેમ કે વિવિધ આયતોમાં આ સ્પષ્ટતા છે કે "કયામત અચાનક આવશે" દા.ત. આ આયતો જુઓ :–

حَتّٰۤى اِذَا جَآءَتْهُمُ السَّاعَةُ بَغْتَةً قَالُوْا یٰحَسْرَتَنَا عَلٰى مَا فَرَّطْنَا فِیْهَا

"ત્યાં સુધી કે જ્યારે એ (કાફિરો) પર અચાનક આવી ગઈ, બોલ્યા :

હાય ! અફસોસ ! એના પર કે એને માનવામાં ઉણપ વર્તી. *(સૂ. અન્આમ, ૬/૩૧)*

اَفَاَمِنُوْٓا اَنْ تَاْتِيَهُمْ غَاشِيَةٌ مِّنْ عَذَابِ اللّٰهِ اَوْ تَاْتِيَهُمُ السَّاعَةُ بَغْتَةً وَّ هُمْ لَا يَشْعُرُوْنَ۝

"શું (મુશ્રિક) એનાથી નીડર થઈ બેઠા કે અલ્લાહનો અઝાબ તેમને આવીને ઘેરી લે અથવા કયામત તેમના પર અચાનક આવી જાય અને તેમને ખબર ન હોય." *(સૂ. યૂસુફ, ૧૨/૧૦૭)*

وَ لَا يَزَالُ الَّذِيْنَ كَفَرُوْا فِيْ مِرْيَةٍ مِّنْهُ حَتّٰى تَاْتِيَهُمُ السَّاعَةُ بَغْتَةً

"અને કાફિર આ (કુર્આન અથવા ઈસ્લામ ધર્મ)ના બારામાં હમેશાં શકમાં રહેશે, ત્યાં સુધી કે કયામત એમના પર અચાનક આવી જશે."

*(સૂ. હજ, ૨૨/૫૫)*

هَلْ يَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ تَاْتِيَهُمْ بَغْتَةً وَّ هُمْ لَا يَشْعُرُوْنَ۝

"જાલિમ શાની રાહ જોવામાં છે, પણ કયામતની કે તેમના પર અચાનક આવી જશે અને તેમને ખબર ન થશે." *(સૂ. ઝુખ્રુફ, ૪૩/૬૬)*

بَلْ تَاْتِيْهِمْ بَغْتَةً فَتَبْهَتُهُمْ فَلَا يَسْتَطِيْعُوْنَ رَدَّهَا وَ لَا هُمْ يُنْظَرُوْنَ۝

"બલ્કે કયામત એમના (કાફિરો) પર અચાનક આવી પડશે, તો તેમને બેહવાસ (ભાન વગરના) કરી દેશે પછી તેઓ એને ફેરવી શકશે અને ન તેમને મોહલત આપવામાં આવી. *(સૂ. નિસાઅ, ૨૧/૪૦)*

આ વિષયની અન્ય પણ આયતો છે અને એ સૌથી એ સાબિત થાય છે કે કયામત કાફિરો પર અચાનક આવી પડશે કે એમને એની ખબર નહીં હોય.

આ આયતોને નાઝિલ કરીને માલિકિ યૌમિદ્દીન ﷻએ એ આદેશ આપી દીધો કે કયામતના નિશ્ચિત સમય તથા સનના બારામાં ખબર આપવામાં ન આવે. કેમ કે સમય તથા સનના નિશ્ચિત થઈ ગયા બાદ કયામતનું આવવું بَغْتَةً અથવા "અચાનક" ન હશે, ન તો બેખબરીમાં થશે.

એ જ કારણે અમીને વહીયે ઈલાહી હઝરત સૈયદના જિબ્રઈલે અમીન

علیہ السلامએ જ્યારે કયામતનો સમય પૂછયો તો આપે લા–ઈલ્મી (અજ્ઞાનતા) જાહેર નથી કરી બલ્કે પુર અસ્રાર (રહસ્યમય) અંદાઝમાં કયામતના સમયને પ્રદર્શિત કર્યો. આપના આદેશ મુબારક : مَا الْمَسْؤُلُ عَنهَا بِأَعْلَمَ مِنَ السَّاءِلِથી એ જ જાહેર થાય છે. છતાં સરકાર ﷺએ કયામતની નિશાનીઓ એ રીતે વર્ણવી આપી છે કે તેને લક્ષમાં રાખીને હઝરત ઈસા علیہ السلامના નુઝૂલ પછી લોકોને એ અંદાઝો થઈ જશે કે ફલાણા સમય સુધીમાં સૂર ફૂંકવામાં આવશે. સહીહૈન વગેરેની હદીષોથી આ બાબત ખૂબીપૂર્વક જાહેર છે.

## ★ રસૂલુલ્લાહ ﷺએ અયન (ખરેખર) જન્નત તથા અયન જહન્નમ જોઈ ★

### *(હદીષ નંબર : ૦૪)*

عَنْ أَسْمَاءَ بِنْتِ أَبِي بَكْرٍ، أَنَّهَا قَالَتْ--- فَلَمَّا انْصَرَفَ رَسُولُ اللهِ صلى الله تعالى عليه وسلم حَمِدَ اللهَ وَأَثْنَى عَلَيْهِ ثُمَّ قَالَ: مَا مِنْ شَيْءٍ كُنْتُ لَمْ أَرَهُ إِلَّا قَدْ رَأَيْتُهُ فِي مَقَامِي هَذَا حَتَّى الْجَنَّةَ وَالنَّارَ-

"હઝરત અસ્મા બિન્તે અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہا વર્ણન છે કે ......... જ્યારે રસૂલુલ્લાહ ﷺ નમાઝે ખુસૂફ તથા સૂર્ય ગ્રહણની નમાઝથી ફારિગ થયા તો આપે અલ્લાહની હમ્દો ષના કરી, પછી ફર્માવ્યું :–

''لفظ الشّيء أعم العام وقد وقع نكرة في سياق النّفي أيضا''

"મેં આ સ્થળે એ સર્વ ચીજો જોઈ લીધી જેને પહેલાં જોઈ ન હતી, ત્યાં સુધી કે જન્નત તથા જહન્નમને પણ જોઈ લીધાં."

*(સહીહ બુખારી : ૧/૧૪૪, ૧/૧૪૬, ૧/૩૧, ૧/૧૮, મજલિસે બરકાત)*

આ હદીષમાં شيءٌનો શબ્દ નકરા છે જે "નફી" (નકાર) હેઠળ આવેલો છે અને આવો નકરા આમ હોય છે અને શબ્દ شيء (શયઉન) શબ્દમાં આમ પણ ખૂબ જ પ્રમાણમાં ઉમૂમ (સામાન્ય પણુ) છે. ઈમામ શમ્સુદ્દીન મુહમ્મદ કિર્માની رحمۃ اللہ علیہ શરહે સહીહ બુખારીમાં લખે છે : (અર્થ) : શબ્દ شيء (શયઉન) આમથી પણ વધુ આમ છે, પછી તે નકરા પણ છે જે નફી બાદ આવેલ છે. (અને આવો નકરા આમેય આમ હોય છે.)

જેથી ما من شيء ના સામાન્યપણામાં સર્વ ચીજો સામેલ છે, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાનો દીદાર પણ સામેલ છે, જેવું કે અમે નજીકમાં જ એની સ્પષ્ટતા પણ રજૂ કરીશું.

અહીંથી જાણવા મળ્યું કે હુઝૂર સૈયદે આલમ ﷺ સર્વ વર્તમાન, ભૂત, ભાવિના કેવળ જાણનારા જ ન હતા બલ્કે ખુદાએ કદીર વ બસીરે આપને એ સર્વ ચીજો બતાવી પણ આપી હતી.

### *(હદીષ નંબર : ૦૫)*

عَنْ عَبْدِ الله بْنِ عَبَّاسٍ قَالَ : انْخَسَفَتِ الشَّمْسُ عَلَى عَهْدِ رَسُولِ اللّٰهِ صلى الله تعالى عليه وسلم فَصَلَّى رَسُولُ الله ﷺ (بالجماعة ن) ...

قَالُوا : يَا رَسُولَ الله رَأَيْنَاكَ تَنَاوَلْتَ شَيْئًا فِي مَقَامِكَ، ثُمَّ رَأَيْنَاكَ كَعْكَعْتَ.

فَقَالَ : إِنِّي رَأَيْتُ الْجَنَّةَ فَتَنَاوَلْتُ عُنْقُودًا، وَلَوْ أَصَبْتُهُ [أَخَذْتُه] لَأَكَلْتُمْ مِنْهُ مَا بَقِيَتِ الدُّنْيَا، وَأُرِيتُ النَّارَ فَلَمْ أَرَ مَنْظَرًا كَالْيَوْمِ قَطُّ أَفْظَعَ.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે કે નબી કરીમ ﷺના જમાનામાં સૂરજ ગ્રહણ લાગ્યું તો રસૂલુલ્લાહ ﷺએ જમાઅતની સાથે સૂર્યગ્રહણની નમાઝ (બે રકાત) પઢી. નમાઝ બાદ સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે જોયું કે આપ આપના નમાઝના સ્થાનેથી હાથ લંબાવીને કાંઈક લેવા ચાહતા હતા, પછી જોયું આપ પાછળ હટી ગયા ! તો સરકાર ﷺએ ફર્માવ્યું કે **મેં જન્નત જોઈ અને તેની દ્રાક્ષનો એક લૂમ હાથ લંબાવીને લેવા ચાહ્યું[૧]. જો હું લઈ લેત તો તમે લોકો દુનિયાના અસ્તિત્વ સુધી ખાતા રહેતા.** અને મને જહન્નમ દેખાડવામાં આવી તો મેં આજના જેવો ભયાનક મન્ઝર કદી નથી જોયો. (એ વખતે હું પાછળ હટી ગયો.)

*(સહીહુલ બુખારી, ૧/૧૪૪, અબ્વાબુલ કુસૂફ, મજલિસે બરકાત)*

આ હદીષના શબ્દો સંપૂર્ણ ધ્યાનપૂર્વક જોવાને પાત્ર છે :–

★ મેં જન્નતનો દ્રાક્ષનો લૂમ લેવા માટે હાથ લંબાવ્યો છે.

૧. શરહે સહીહ મુસ્લિમ, ૧/૪૯૭

★ તે લૂમ દ્રાક્ષનો તમારી પાસે લાવી દેત તો તમે લોકો દુનિયાના અસ્તિત્વ સુધી તેને ખાતા રહેત.

★ જહન્નમનો ભયાનક મન્ઝર જોઈને પાછળ હટી આવ્યો.

આ શબ્દો ગવાહ છે કે હુઝૂર સરવરે કાઈનાત ﷺએ પોતાના માથાની આંખો વડે અ્યન (Exact) જન્નત તથા અ્યન (ખરેખર) જહન્નમનો દીદાર કર્યો. કેમ કે જન્નતનો લૂમ હાથમાં લેવો અને તેને લાવવાની સ્થિતિમાં તેની અસીમ બરકતોનું જાહેર થવું અને જહન્નમના ભયાનક મન્ઝરથી નમાઝમાં પાછળ હટી જવું અ્યન જન્નત તથા અ્યન જહન્નમને જોવાની દલીલ છે.

*(અલ કવાકિબુદ્દરારી ફી શરહે સહીહુલ બુખારી અલ મઅરૂફ બિશરહિલ કિર્માની, ૨/૨૮)*

કિ્બ્લાની દીવાલમાં જન્નત તથા જહન્નમની છબી જોઈને કોઈ સદ્‌બુદ્ધિવાળો તેના લૂમો હાથમાં ન લેશે, ન તેને લાવવા પર તેની અસીમ બરકતોનું વર્ણન કરશે, ન તો જહન્નમની છબી જોઈને કોઈ ઉચ્ચ હિંમતવાન બુદ્ધિવાન મર્દ પાછળ હટશે.

મોબાઈલ વગેરેની સ્ક્રીન અને આઈનામાં કેવા કેવા ખુશનુમા તથા ભયાનક મંઝરો સામે આવે છે, પણ શું કોઈ બુદ્ધિવાળો તેમની સાથે અસલ દશ્યો જેવો વર્તાવ કરે છે ? કદાપિ નહીં ! એનો સ્વીકાર સૌને છે. તો આ અનૂભૂતિઓની રોશનીમાં અ્યન જન્નત તથા જહન્નમ અને તેની છબીઓના ફરકને પણ સમજવો જોઈએ.

હા ! અમુક નબવી હદીષોથી એ જણાય છે કે સરકારે અબદ કરાર ﷺએ કિબ્લાની દીવાલમાં જન્નત તથા જહન્નમની છબી જોઈ, પણ તે અલગ બનાવ છે અને આ તેનાથી અલગ બીજો બનાવ છે.

### (હદીષ નંબર : ૦૬)

عَنْ جَابِرٍ، قَالَ : انْكَسَفَتِ الشَّمْسُ فِي عَهْدِ رَسُولِ اللهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ يَوْمَ مَاتَ إِبْرَاهِيمُ ابْنُ رَسُولِ اللهِ صلى الله عليه وسلم . . . فَصَلَّى بِلنَّاسِ۔۔۔ فقال: فَإِذَا رَأَيْتُمْ شَيْئًا مِنْ ذٰلِكَ، فَصَلُّوا حَتَّى تَنْجَلِي.

مَا مِنْ شَيْءٍ تُوعَدُونَهُ إِلَّا قَدْ رَأَيْتُهُ فِي صَلَاتِي هٰذِهِ.

لَقَدْ جِيءَ بِالنَّارِ وَذٰلِكُمْ حِينَ رَأَيْتُمُونِي تَأَخَّرْتُ مَخَافَةَ أَنْ يُصِيبَنِي مِنْ لَفْحِهَا۔۔۔

ثُمَّ جِيءَ بِالْجَنَّةِ، وَذَلِكُمْ حِينَ رَأَيْتُمُونِي تَقَدَّمْتُ حَتَّى قُمْتُ فِي مَقَامِي.

وَلَقَدْ مَدَدْتُ يَدِي وَأَنَا أُرِيدُ أَنْ أَتَنَاوَلَ مِنْ ثَمَرِهَا لِتَنْظُرُوا إِلَيْهِ، ثُمَّ بَدَا لِي أَنْ لَا أَفْعَلَ.

فَمَا مِنْ شَيْءٍ تُوعَدُونَهُ إِلَّا وَقَدْ رَأَيْتُهُ فِي صَلَاتِي هَذِهِ.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે રિસાલતકાળમાં હઝરત ઈબ્રાહીમ ઈબ્ને રસૂલ ﷺના વિસાલના દિવસે ગ્રહણ લાગ્યું તો આપે સહાબાને ગ્રહણની નમાઝ પઢાવી. પછી ફર્માવ્યું : જ્યારે તમે કોઈ પણ ગ્રહણ જુઓ તો નમાઝ પઢો ત્યાં સુધી કે સૂર્ય રોશન થઈ જાય.

*(અસ્સહીહ મુસ્લિમ, ૧/૨૯૭, ૨૯૮)*

**તમને લોકોને જે જે ચીજોનો પણ વાયદો છે તે સર્વ ચીજો મેં મારી આ નમાઝમાં જોઈ લીધી.** જહન્નમ મારી સામે કરવામાં આવી. આ તે સમયની વાત છે જ્યારે તમે લોકોએ મને પાછળ હટતાં જોયો. હું તેની આંચ લાગવાના અંદેશાથી પાછળ હટી આવ્યો હતો.

ત્યાર બાદ જન્નત મારી નજરો સામે કરવામાં આવી. આ તે સમયની વાત છે જ્યારે તમે લોકોએ મને આગળ વધતો જોયો અને મેં હાથ લંબાવીને તેનાં કાંઈક ફળ લેવા ચાહયાં જેથી તમે લોકો પણ તેને જોઈ લો. પછી મારી રાય એ થઈ ગઈ કે એવું ન કરું.

**તમારાથી જે ચીજોનો વાયદો છે તે સર્વ ચીજો મેં મારી આ નમાઝમાં જોઈ લીધી.** આ હદીષોમાં مَا مِن شَيْءٍ كُنْتُ لَمْ أَرَهُ તથા مَا مِن شَيْءٍ تُوعَدُونَهُ ના શબ્દો એ સર્વ ચીજોને માટે સામાન્ય છે તથા તેમને સમાવે છે જેમને સરકાર ﷺએ પહેલાં કદી ન જોઈ હતી. સાથોસાથ એ સર્વ ચીજો માટે પણ સામાન્ય તથા તેમને સમાવે છે જેમનો બંદાઓથી કિતાબ તથા સુન્નતમાં વાયદો કરવામાં આવ્યો છે અને સરકાર علیہ الصلوٰۃ والسلامને એ સર્વ ચીજોનો મુશાહિદો (દીદાર) પણ કરાવવામાં આવ્યો.

આ ઉમૂમ (સામાન્યપણા)માં કબરની હાલતો, કયામતની હાલતો, હશ્ર નશ્ર, હૌઝે કૌષર જન્નત, જહન્નમ અને દીદારબાઝી પણ સામેલ છે. જેમ કે

ઈમામ શમ્સુદ્દીન કિર્માની رحمۃ اللہ علیہ લખે છે : આ હદીષ એ વાતની દલીલ છે કે રસૂલુલ્લાહ ﷺએ એ સ્થળે અલ્લાહ તઆલાની જામેઅ સિફાતવાળી જાતનો પર દીદાર કર્યો, કેમ કે શબ્દ "શય" એને પણ સમાવે છે અને બુદ્ધિ એના સામેલ હોવાથી મના કરનાર નથી અને ઉર્ફે શરઅ એને "શય" (ચીજ)ના ઉમૂમમાં સામેલ ન કરવાનો તકાદો નથી કરતી.

"રૂયત" (દીદાર)નો હકીકી ભાવાર્થ "માથાની આંખોથી જોવું છે" અને ✪ જન્નતી દ્રાક્ષ લેવા માટે હાથ લંબાવવો ✪ એનાથી નજીક થવા માટે આગળ વધવું ✪ અને જહન્નમની આંચથી બચવાના માટે પાછળ હટવું પણ અયન જન્નત તથા અયન જહન્નમના મુશાહિદા (દીદાર)ની દલીલ છે.

સારાંશ કે આ હદીષોથી સાબિત થાય છે કે અલ્લાહ عزوجل تعالیٰએ પોતાના બંદાઓથી જે જે ચીજોનો વાયદો કર્યો છે એ સર્વ ચીજોનો પોતાના મહબૂબ ﷺને મુશાહિદો પણ કરાવી દીધો, એટલા માટે આપ અલ્લાહ તઆલાની અતાથી અગણિત ગયબોના રાઝના જાણનાર તથા ગયબોના જાણનાર છે.

## ★ અલ્લાહે પોતાનો દસ્તે કુદરત પોતાના મહબૂબ ﷺના બે ખભાઓ વચ્ચે રાખીને દરેક ચીજ રોશન કરી આપી ★

**(હદીષ નંબર : ૦૭)**

عَنْ مُعَاذِ بْنِ جَبَلٍ قَالَ: احْتُبِسَ عَنَّا رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ذَاتَ غَدَاةٍ مِنْ صَلَاةِ الصُّبْحِ، حَتّٰى كِدْنَا نَتَرَاءَى عَيْنَ الشَّمْسِ، فَخَرَجَ سَرِيعًا، فَثُوِّبَ بِالصَّلَاةِ، فَصَلَّى رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَتَجَوَّزَ فِي صَلَاتِهِ، فَلَمَّا سَلَّمَ دَعَا بِصَوْتِهِ ، فَقَالَ لَنَا : عَلَى مَصَافِّكُمْ كَمَا أَنْتُمْ ، ثُمَّ انْفَتَلَ إِلَيْنَا فَقَالَ : ... أَنِّي قُمْتُ مِنَ اللَّيْلِ، فَتَوَضَّأْتُ ، فَصَلَّيْتُ مَا قُدِّرَ لِي ، فَنَعَسْتُ فِي صَلَاتِي فَاسْتَثْقَلْتُ ، فَإِذَا أَنَا بِرَبِّي تَبَارَكَ وَتَعَالَى فِي أَحْسَنِ صُورَةٍ ... فَرَأَيْتُهُ وَضَعَ كَفَّهُ بَيْنَ كَتِفَيَّ حَتَّى وَجَدْتُ بَرْدَ أَنَامِلِهِ بَيْنَ ثَدْيَيَّ، فَتَجَلَّى لِي كُلُّ شَيْءٍ وَعَرَفْتُ---

قال أبو عيسیٰ: هَذَا حَدِيثٌ حَسَنٌ، صَحِيحٌ. سَأَلْتُ مُحَمَّدَ بْنَ إِسْمَاعِيلَ، عَنْ هَذَا الحَدِيثِ، فَقَالَ : هَذَا حَدِيثٌ صَحِيحٌ---

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہએ વર્ણવ્યું કે એક સવારે રસૂલુલ્લાહ ﷺ ફજરની નમાઝ માટે (મસ્જિદમાં) આવવાથી રોકાયેલા રહ્યા, ત્યાં સુધી કે એવું લાગતું હતું કે સૂરજ ઉગી નીકળશે. એટલામાં સરકાર ﷺ જલ્દીમાં નીકળ્યા, નમાઝની તકબીર થઈ, તો રસૂલુલ્લાહ ﷺએ ટૂંકાણમાં નમાઝ પઢાવી અને સલામ ફેરવીને એલાન કર્યું કે તમે લોકો સફમાં પોત પોતાની જગાએ બેસેલા રહો. પછી હુઝૂરે અમારી તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે :–

"હું રાતે જાગ્યો, વુઝૂ કર્યું અને જે થઈ શકી નમાઝ પઢી પછી મને નમાઝમાં ઊંઘ આવી ગઈ અને તબીયત ભારે થઈ ગઈ. એટલામાં મેં મારા રબ તબારક વ તઆલાનો સારી સિફતમાં દીદાર કર્યો. મેં જોયું કે મારા રબે પોતાના દસ્તે કુદરતને મારા બંને ખભાઓ વચ્ચે રાખ્યો જેની ઠંડક મેં મારા સીનામાં મહેસૂસ કરી તો મારા માટે દરેક ચીજ રોશન થઈ ગઈ અને મેં (દરેક ચીજ) ઓળખી લીધી.

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી કહે છે કે આ હદીષ હસન સહીહ છે. મેં ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી رحمۃ اللہ علیہથી આ હદીષના બારામાં પૂછયું તો તેમણે ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૧૫૬, અબ્વાબુત્તફસીર, સૂરએ સ્વાદ, મજલિસે બરકાત, મુબારકપુર)*

كُلُّ شَيْءٍ એટલે "દરેક ચીજ"ના સામાન્યપણામાં આખી સૃષ્ટિ (કાયનાત) સામેલ છે. જેથી આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ કાયનાતે આલમની સર્વ ચીજોનો ઈલ્મ ધરાવે છે અને પહેચાને છે કે આ સર્વ ચીજો હુઝૂરના માટે રોશન છે.

પણ આ સર્વ ચીજો શું સરકાર ﷺની પોતાની જાતથી રોશન છે ? અને આપનો આ અમલ તથા ઈર્ફાન (ઓળખ) જાતી છે ? એવું નથી ! બલ્કે અલ્લાહ ﷻએ પોતાના ખાસ ફઝ્લથી આ એઝાઝ અતા કર્યો કે, "દસ્તે કુદરતને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સીના મુબારક પર રાખ્યો" અને દરેક ચીજ રોશન (જાહેર) થઈ ગઈ. તો આ ઈલ્મ તથા ઈર્ફાન ખાસ અતિયાએ રબ્બાની (રબનો અર્પણ કરેલ) છે.

## ★ મને પૂર્વ પશ્ચિમની વચ્ચેની સર્વ ચીજોનો ઈલ્મ હાંસલ થઈ ગયો ★

**(હદીષ નંબર : ૦૮)**

عَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ قَالَ : ﴿أَتَانِي رَبِّي فِي أَحْسَنِ صُورَةٍ، فَقَالَ : يَا مُحَمَّدُ ! فِيمَ يَخْتَصِمُ الْمَلأُ الأَعْلَى ؟ قُلْتُ: رَبِّ لَا أَدْرِي، فَوَضَعَ يَدَهُ بَيْنَ كَفَيَّ حتى وَجَدْتُ بَرْدَهَا بَيْنَ ثَدْيَيَّ فَعَلِمْتُ مَا بَيْنَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, 'મારો રબ ઘણી જ શાને જમાલો ઝૈબાઈની સાથે જાહેર થયો. અને પૂછયું કે, હે મુહમ્મદ ! મલાઈકા મુકર્રબીન (નિકટના ફરિશ્તા) કઈ ચીજના બારામાં બહષ તથા ચર્ચા કરે છે ? મેં કહ્યું, પરવરદિગાર ! મને માલૂમ નથી ! તો અલ્લાહ તઆલાએ પોતાનો દસ્તે કરમ મારા બંને ખભાઓ વચ્ચે રાખ્યો, ત્યાં સુધી કે મેં મારા સીનામાં તેની ઠંડક મહેસૂસ કરી અને મને **"પૂર્વ તથા પશ્ચિમ વચ્ચેની" સર્વ ચીજોનો ઈલ્મ થઈ ગયો.**

*(જામેઅ તિર્મિઝી, ૨/૧૫૬, મજલિસે બરકાત)*

ما بَیْنَ المشرقِ والمغربનો શબ્દ જમીનથી લઈને આસ્માન સુધી જે કાંઈ પણ પૂર્વ તથા પશ્ચિમમાં છે સૌના માટે સામાન્ય છે. કેમ કે ما સામાન્યપણાના શબ્દોથી છે અને المشرِق والمغرب તેના ઈત્લાક્ (લાગુ થવા)ના કારણે જમીન તથા આસ્માન બંનેને સમાવે છે. એનું સમર્થન હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની બીજી રિવાયતથી થાય છે, જેના શબ્દો આ પ્રમાણે છે : فَعَلِمتُ مَا فِي السَّمٰوٰتِ وَمَافِی الأرض "તો મને તે સર્વ કાંઈ માલૂમ થઈ ગયું જે આસ્માનોમાં છે અને જે જમીનોમાં છે." *(ઉપર મુજબ, પેજ–૧૫૫)*

હદીષે નબવીની આ બંને રિવાયતોથી સાબિત થાય છે કે હુઝૂર દાનાએ ગોયૂબ ﷺને ખુદા તઆલાની ખાસ અતાથી તે સર્વ કાંઈ માલૂમ થઈ ગયું જે આસ્માનોમાં છે અને જે જમીનોમાં છે અને જે બંનેની વચ્ચે પૂર્વ તથા પશ્ચિમની વિશાળતાઓમાં છે.

હઝરત શયખ અબ્દુલ હક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ હદીષના તર્જુમા તથા શરહ (સમજૂતી)માં લખે છે :

''پس دانستم ہر چہ در آسمانہا و ہر چہ در زمین بود'' عبارت است از حصول تمام علوم جزوی و کلّی و احاطۂ آں

''મેં જે કાંઈ આસ્માનો તથા જમીનોમાં હતું સર્વ જાણી લીધું.'' એનાથી મુરાદ એ છે કે આપને સર્વ જુઝવી (શાખાકિય) તથા કુલ્લી ઈલ્મો હાંસલ થઈ ગયા અને આપે એ સર્વને ઘેરી લીધા.

*(અશિઅતુલ લમ્આત, ૧/૩૫૭, મક્તબા હબીબિયા, પાક.)*

**(હદીષ નંબર : ૦૯)**

**★ મેં જમીનની પૂર્વ તથા પશ્ચિમ દિશાઓને જોઈ લીધી ★**

عَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ ''إِنَّ اللهَ زَوَى لِيَ الأَرْضَ حَتَّى رَأَيْتُ مَشَارِقَهَا وَمَغَارِبَهَا۔۔۔

હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના નબી ﷺએ ફર્માવ્યું કે બેશક ! અલ્લાહે મારા માટે જમીનને સમેટી દીધી, ત્યાં સુધી કે મેં જમીનની પૂર્વ બાજુઓ તથા પશ્ચિમ બાજુઓને જોઈ લીધી.

*(સહીહ મુસ્લિમ, ૨/૩૯૦, કિતાબુલ ફિતન, મજલિસે બરકાત)*

કોઈ ચીજને જોવી તેના ઈલ્મનો ઝરીયો હોય છે, જેથી પૂર્વ બાજુઓ અને પશ્ચિમ બાજુઓને જોઈ લેવી એ તે બાબતની દલીલ છે કે આપને પૂર્વ તથા પશ્ચિમની બાજુઓનો ઈલ્મે ગયબ હાંસલ છે. જમીન પોતાની વિશાળતાઓ છતાં સમેટાઈને નિગાહે નબુવ્વત સામે થઈ ગઈ અને તેના ઈલ્મો જે પહેલાં ગાયબ હતા આપના માટે શહાદત બની ગયા. (પહેલાં જાણતા ન હતા હવે જણાઈ ગયા)

**(હદીષ નંબર : ૧૦)**

**★ આસ્માનની નાની મોટી વાતો સરકાર ﷺએ વર્ણવી આપી ★**

عَنْ عَطَاءٍ قَالَ : قَالَ أَبُو الدَّرْدَاءِ : لَقَدْ تَرَكَنَا رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ وَمَا فِي السَّمَاءِ طَيْرٌ يَطِيرُ بِجَنَاحِهِ إِلاَّ ذَكَّرَنَا مِنْهُ عِلْمًا

نقلهُ الحافظ نورُ الدين عليُ بن أبي بكر الهيثمي في ''مجمع الزوائد'' وقال : رواه الطّبراني ورجالهُ رجالُ الصحيح

હઝરત અતા رضی اللہ عنہથી રિવાયત છે કે સહાબીયે રસૂલ હઝરત અબૂ દર્દા رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ અમને એ હાલમાં છોડયા કે આસ્માનમાં કોઈ પક્ષી પાંખો મારનાર એવું નથી જેના વિશે અમને રસૂલુલ્લાહ ﷺએ ઈલ્મ ન આપ્યો હોય.

*(મુસ્નદે અબૂ યઅ્લા અલ મૂસ્લી, ૯/૪૬, દારુલ મામૂન લિલ તરાષ, દમિશ્ક઼)*

આ હદીષને હાફિઝ નૂરુદ્દીન અલી બિન અબૂ બકર હૈષમીએ પોતાની કિતાબ ''મજમઉઝ્ ઝવાઈદ''માં નક઼લ કરીને લખ્યું કે આ હદીષને ઈમામ તિબ્રાનીએ રિવાયત કરી અને તેના રિજાલ ''સહીહ''ના રિજાલ છે.

*(મજમઉઝ્ ઝવાઈદ વ મમ્બઈલ ફવાઈદ, ૮/૪૭૨)*

**(હદીષ નંબર : ૧૧)**

عَنۡ أَبِي ذَرٍّ، قَالَ :تَرَكَنَا رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيۡهِ وَسَلَّمَ، وَمَا طَائِرٌ يُقَلِّبُ جَنَاحَيۡهِ فِي الۡهَوَاءِ، إِلَّا وَهُوَ يُذَكِّرُنَا مِنۡهُ عِلۡمًا۔

ذكره الحافظ نور الدين علي بن أبي بكر الهيثمي وقال : رواه أحمد والطّبراني ورجال الطبراني رجال الصّحيح غير محمد بن عبد الله بن يزيد المقري وهو ثقة، إهـ۔

હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ ﷺએ હાલમાં છોડીને તશરીફ લઈ ગયા કે હવામાં જે પક્ષી પણ પોતાની પાંખો હલાવે છે એના બારામાં આપે પોતાના ઈલ્મનો ઉલ્લેખ કર્યો. *(અલ મોઅજમુલ કબીર લિલ ઈમામિત્તિબરાની, ૨/૧૫૬, મુસ્નદે અબીઝર ગિફારી, કાહિરા)*

આ હદીષને હાફિઝ નૂરુદ્દીન અલી બિન અબૂ બકર હૈષમીએ મજમઉઝ્ ઝવાઈદમાં વર્ણવીને એવું લખ્યું કે આ હદીષને ઈમામ અહમદ તથા ઈમામ તિબ્રાનીએ રિવાયત કરી છે અને તિબ્રાનીના રિજાલ ''સહીહ''ના રિજાલ છે.

હા ! મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ યઝીદ મુક્રી સહીહના રિજાલથી નથી, તેમ છતાં ષિક્હ છે.

આ હદીષોથી એ દર્શાવાનો હેતુ છે કે હુઝૂર ﷺને નાનામાં નાની ચીજ અને એકે એક જુઝઈ (છૂટક છૂટક) વાતનો ઈલ્મ હતો.

## ★ ખાસ તથા વિભાગીય (જુઝઈ) હદીષ ★

હુઝૂર સૈયદે આલમ ﷺએ અમુક ખાસ ખાસ બનાવો અને વિભાગીય બાબતોમાં ખૂબ જ અધિક પ્રમાણમાં ગયબની ખબરો આપી છે, જેમાં ભૂતકાળની ખબરો પણ છે અને વર્તમાન તથા ભવિષ્યની પણ છે, પીઠ પાછળની ખબરો પણ છે, અને કબરોમાં ઉપસ્થિત થનારા હાલતો અને દિલોના રાઝો પણ, ત્યાં સુધી કે કોણ શહીદ થશે અને કોણ જન્નતી, અને કોનો ખાત્મો ખૈર સાથે થશે અને કોણ બુરી મૌત મરશે, આ સર્વ ગયબોની ખબરો સહીહ હદીષોમાં મૌજૂદ છે, અને સર્વ ઉપર જણાવેલી ઉમૂમી તથા કુલ્લી હદીષોને સમર્થન પૂર્ણ પાડે છે આ પ્રકારની હદીષ અગણિત છે. અમે આ ટૂંકા લેખમાં સૌને સમાવી નથી શકતા, તેમ છતાં અમુક હદીષો વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ :

***(હદીષ નંબર : ૧૨)***

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ بَارِزًا يَوْمًا لِلنَّاسِ فَأَتَاهُ جِبْرِيلُ فَقَالَ : ... مَتَى السَّاعَةُ ؟ قَالَ : مَا الْمَسْؤُولُ عَنْهَا بِأَعْلَمَ مِنَ السَّائِلِ--- ثُمَّ أَدْبَرَ، فَقَالَ : رُدُّوهُ فَلَمْ يَرَوْا شَيْئًا، فَقَالَ هَذَا جِبْرِيلُ، جَاءَ يُعَلِّمُ النَّاسَ دِينَهُمْ-

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺ એક દિવસ આમ મજમામાં મૌજૂદ હતા કે એવામાં એક શખ્સે ખિદમતમાં હાજર થઈને આ સવાલ કર્યો કે, "ક્યામત ક્યારે આવશે ?" તો આપે જવાબ આપ્યો કે, "મને પ્રશ્નકર્તા કરતાં વધુ ક્યામતનો ઈલ્મ નથી."

પછી તે શખ્સ પરત થયો, તો હુઝૂર ﷺએ તરત જ હુકમ આપ્યો કે એને પરત લાવો ! પણ તેમને કાંઈ પણ નજર ન આવ્યું. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, એ જિબ્રઈલ علیہ السلام હતા જે લોકોને દીન શીખવાડવા માટે

તશરીફ લાવ્યા હતા. *(સહીહુલ બુખારી, ૧/૧૪૪... મજલિસે બરકાત, મુબારકપુર)*

સરકાર ﷺના પુખ્તા જવાબમાં વિચારણા કરો ! આપ એવું નથી કહી રહ્યા કે, ''મને કયામતના સમયનો ઈલ્મ નથી'' બલ્કે એવું કહી રહ્યા છે કે, ''કયામતના બારામાં મને સાઈલ કરતાં વધુ ઈલ્મ નથી.'' એનો સાર બીજા શબ્દોમાં એ છે કે કયામતના સમયના બારામાં જે ઈલ્મ આપને પ્રાપ્ત છે તે જ મને પણ પ્રાપ્ત છે, એનાથી વધુ મને ઈલ્મ નથી.

અને આપને ખબર છે કે કયામતનો સમય બતાવવાથી નિર્દેશ રૂપે મના કરી આપ્યું છે, એ જ મને પણ ખબર છે, એ ખુદાએ અલ્લામુલ ગુયૂબનું છુપુ રહસ્ય છે જેને પ્રદર્શિત કરવું શાને નબુવ્વતના યોગ્ય નથી.

આ હૈસિયતથી જોવામાં આવે તો આ હદીષ હુઝૂર સૈયદે આલમ ﷺના કયામતના ઈલ્મની દલીલ છે, પણ આ એક રહસ્ય છુપુ હતું એટલા માટે કયામતના સમયથી લોકોને માહિતગાર નથી કર્યા. હા ! કયામતનો ઝાતી ઈલ્મ કેવળ અલ્લાહ તઆલા પાસે છે, અને અલ્લાહની અતાથી રસૂલુલ્લાહ ﷺને પણ હાંસલ છે, જેવું કે આપના ઈર્શાદોથી સાબિત થાય છે. જેનું વિગતવાર વર્ણન ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ 'અદવલતુલ મક્કિયા'' અને ''અલ ફુયૂઝાતિલ મક્કિયા''માં છે.

### ★ સરકાર ﷺએ ખૂબ જ અધિક પ્રમાણમાં કયામતની નિશાનીઓ વર્ણવીને એક હદ સુધી કયામતના સમયથી માહિતગાર કરી આપ્યા ★

**(હદીષ નંબર : 13)**

سَمِعْتُ عَبْدَ اللهِ بْنَ عَمْرٍو،۔۔۔۔ قَالَ : قَالَ رَسُولُ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :۔ يَخْرُجُ الدَّجَّالُ فِي أُمَّتِي فَيَمْكُثُ أَرْبَعِينَ لَا أَدْرِي : أَرْبَعِينَ يَوْمًا أَوْ أَرْبَعِينَ شَهْرًا أَوْ أَرْبَعِينَ عَامًا فَيَبْعَثُ الله عِيسَى ابْنَ مَرْيَمَ كَأَنَّهُ عُرْوَةُ بْنُ مَسْعُودٍ فَيَطْلُبُهُ فَيُهْلِكُه۔

ثُمَّ يَمْكُثُ النَّاسُ سَبْعَ سِنِينَ لَيْسَ بَيْنَ اثْنَيْنِ عَدَاوَةٌ۔

ثُمَّ يُرْسِلُ اللّٰهُ رِيحًا بَارِدَةً مِنْ قِبَلِ الشَّامِ . فَلَا يَبْقَى عَلَى وَجْهِ الْأَرْضِ أَحَدٌ فِي قَلْبِهِ مِثْقَالُ ذَرَّةٍ مِنْ خَيْرٍ أَوْ إِيمَانٍ إِلَّا قَبَضَتْهُ--- قَالَ: سَمِعْتُهَا مِنْ رَسُولِ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

قَالَ : ((فَيَبْقَى شِرَارُ النَّاسِ فِي خِفَّةِ الطَّيْرِ وَأَحْلَامِ السِّبَاعِ لَا يَعْرِفُونَ مَعْرُوفًا وَ لَا يُنْكِرُونَ مُنْكَرًا--- ثُمَّ يُنْفَخُ فِي الصُّورِ إِاٰخر الحديث

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે :–

- "મારી ઉમ્મતમાં દજ્જાલ નીકળશે જે ચાલીસ... સુધી રોકાશે." હું નથી જાણતો કે, આપે ચાલીસ દિવસ ફર્માવ્યું કે ચાલીસ મહીના કે ચાલીસ વરસ.
- પછી અલ્લાહ તઆલા હઝરત ઈસા ઈબ્ને મરયમ علیہ السلامને જે ઉરવા ઈબ્ને ષક્ફીના મુશાબિહ (મલતા જુલતા) હશે (આસ્માનથી) મોકલશે, તે દજ્જાલને શોધીને મારી નાખશે. પછી લોકો સાત વરસ સુધી (એવા ખુશગવાર માહોલમાં) રહેશે કે બે માણસો વચ્ચે કોઈ અદાવત નહીં હોય.
- પછી અલ્લાહ عزوجل શામ તરફથી એક ઠંડી હવા મોકલશે જે પૃથ્વીના પટ પર રહેનારા એવા સર્વ લોકોની રૂહ ક઼બ્ઝ કરશે જેના દિલમાં રજકણ બરાબર ભલાઈ તથા ઈમાન હશે.

હદીષના રાવી કહે છે કે મેં આ સર્વ વાતો રસૂલુલ્લાહ ﷺથી સાંભળી છે. સરકાર ﷺએ વધુમાં ફર્માવ્યું કે, "પછી બુરા લોકો રહી જશે જેઓ ચકલીઓ જેમ ઉતાવળા અને જંગલી જાનવરો જેવા ગુણવાળા, બુધ્ધિહિન હશે. તેઓ ન કોઈ સારી વાત સારી સમજશે અને ન બુરી વાતને બુરી.

- પછી ક઼યામતનું સૂર ફૂંકવામાં આવશે."

*(સહીહ મુસ્લિમ, ૨/૪૦૩, મજલિસે બરકાત)*

### *(હદીષ નંબર : ૧૪)*

قُلْنَا : يَا رَسُولَ الله وَمَا لَبْثُهُ فِي الأَرْضِ ؟ قَالَ: ((أَرْبَعُونَ يَوْمًا، يَوْمٌ كَسَنَةٍ وَيَوْمٌ كَشَهْرٍ وَيَوْمٌ كَجُمُعَةٍ وَسَائِرُ أَيَّامِهِ كَأَيَّامِكُمْ))

હઝરત નવાસ બિન સમ્આન કલાબી رضی اللہ عنہએ કયામતની નિશાનીઓની જે તફસીલ હુઝૂર સૈયદે આલમ ﷺના હવાલાથી વર્ણવી છે એમાં "ચાલીસ દિવસ"નું સ્પષ્ટ વર્ણન મૌજૂદ છે. તે ફર્માવે છે :–

فَبَيْنَمَا هُمْ كَذَٰلِكَ إِذْ بَعَثَ اللهُ رِيحًا طَيِّبَةً فَتَأْخُذُهُمْ تَحْتَ آبَاطِهِمْ، فَتَقْبِضُ رُوحَ كُلِّ مُؤْمِنٍ وَكُلِّ مُسْلِمٍ، وَيَبْقَى شِرَارُ النَّاسِ يَتَهَارَجُونَ فِيهَا تَهَارُجَ الْحُمُرِ، فَعَلَيْهِمْ تَقُومُ السَّاعَةُ

અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એ જમીનમાં ક્યાં સુધી રહેશે ? તો આપે ફર્માવ્યું, ચાલીસ દિવસ. (તેનો) એક દિવસ સાલભર જેટલો હશે. એક દિવસ એક મહીના જેટલો, અને એક દિવસ એક અઠવાડિયા બરાબર. અને બાકી દિવસો તમારા સામાન્ય દિવસો બરાબર હશે.

*(સહીહ મુસ્લિમ, ૨/૪૦૧, મજલિસે બરકાત)*

હઝરત નવાસ ઈબ્ને સમ્આનની હદીષનો આખરી ટુકડો આ પ્રમાણે છે : "અલ્લાહ એક પાકીઝા હવા મોકલશે જે એમની બગલો નીચેથી નીકળશે અને દરેક મો'મિન તથા મુસ્લિમની રૂહ કબ્ઝ કરી લેશે, અને બદતરીન લોકો રહી જશે જેઓ ગધેડાં જેમ સંભોગ કરશે તો એમના પર કયામત કાયમ થશે.

*(સહીહ મુસ્લિમ, ૨/૪૦૪, મજલિસે બરકાત)*

આ હદીષોમાં કયામતની નિશાનીઓનો ક્રમ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં આ વર્ણવવામાં આવ્યો :

**અ. દજ્જાલનું નીકળવું** : એ આપણા દિવસોના લેહાઝથી એક વરસ, બે મહીના, ચૌદ દિવસ આ જમીન પર રહેશે.

**બ. હઝરત ઈસા علیہ السلامનું આસ્માનથી ઉતરાણ** : આપ દજ્જાલનો પીછો કરીને તેને મૌતના ઘાટ ઉતારશે.

**ક. પછી સાત વરસો પછી** : અલ્લાહ તઆલા તે ઠંડી તથા પાકીઝા હવા મોકલશે જે દરેક ઈમાનવાળાની રૂહને કબ્ઝ કરી લેશે અને પૃથ્વીના પટ પર કેવળ બદતરીન લોકો રહી જશે, ક્યાંય કોઈ અલ્લાહ, અલ્લાહ કહેનાર હશે નહીં.

**ડ. પછી સૂર ફૂંકવામાં આવશે** : અને એ બદતરીન લોકો પર કયામત કાયમ થશે. હુઝૂર સૈયદે આલમ ﷺના ઈર્શાદો ઉઘાડા દિવસની જેમ પુરવાર કરે છે કે હજી ઈસ્લામ ઝિંદા છે, હજી ઈમાન બાકી છે.

એ હવા તો ત્યારે ચાલશે જ્યારે કયામત ખૂબ જ નજીક આવી ચૂકી હશે અને એનાથી પહેલાં દજ્જાલ નીકળી ચૂક્યો હશે અને હઝરત ઈસા عليه السلام આસ્માનથી તશરીફ લાવીને તેને હલાક (ખત્મ) કરી ચૂક્યા હશે.

આખી દુનિયા યકીન રાખે છે કે હજી ન એ દજ્જાલે અકબર આવ્યો, ન હઝરત ઈસા عليه السلام આવ્યા.

### ★ વહાબીઓના ઈમામના મુજબ તે હવા ચાલી ચૂકી જે દરેક મો'મિન તથા મુસ્લિમ રૂહ કબ્ઝ કરી લેશે ★

પણ વહાબી ફિર્કાના ઈમામ (ઈસ્માઈલ દહેલ્વી)ના મુજબ તે હવા ઘણા પહેલાં ચાલી ચૂકી. જેમ કે તે લખે છે :

''પછી અલ્લાહ પોતે જ એક એવી હવા મોકલશે કે સર્વ સારા બંદા જેમના દિલમાં થોડુ સરખુ પણ ઈમાન હશે તે મરી જશે અને તે જ લોકો રહી જશે કે જેમનામાં કાંઈ ભલાઈ નથી... જેથી પયગંબરે ખુદાના ફર્માવ્યા મુજબ થયું.

*(તકવિયતુલ ઈમાન, પેજ–૩૮, રાશિદ કંપની, દેવબંદ)*

### ★ પયગંબરે ખુદાના ફર્માન મુજબ થયું ! ★

એનો મતલબ સાફ સાફ એ જ છે કે એ હવા ચાલી ચૂકી, સર્વ મુસલમાન દુનિયાથી ઉઠાવી લેવામાં આવ્યા અને પૃથ્વીના પટ પર કેવળ કાફિરો જ રહી ગયા ! એ પણ ખયાલ ન રહ્યો કે જ્યારે સર્વ મુસલમાન ઉઠાવી લેવામાં આવ્યા અને કેવળ કાફિર રહી ગયા તો ખુદ જનાબ (ઈસ્માઈલ દહેલ્વી) તો એમનામાં જ થયા !

આ છે ફિર્કાએ હદીષના ઈમામની હદીષની સમજ ! અને મઝહબ તથા એતેકાદ (અકીદો) જે વિના શંકાએ હદીષે નબવીની વિરૂધ્ધ છે. ખૈર ! આ તો એક વાતને લગતી ચર્ચા હતી, અમે તો આ નબવી હદીષોથી એ સ્પષ્ટ કરવા

ચાહીએ છીએ કે :–

હુઝૂર સૈયદે આલમ ﷺને અલ્લાહ તઆલાએ ગયબી ઈલ્મો અતા કર્યા છે. એ હદીષોમાં જ ગયબી ખબરોનો ઉલ્લેખ છે એમનાથી અમુક આ છે :–

૦૧. કયામત આવવાથી પહેલાં દજ્જાલનું નીકળવું.

૦૨. તે ચાલીસ દિવસ સુધી આ પૃથ્વીના પટ પર રહેશે.

(૩ થી ૬) તેનો એક દિસ વરસભરનો, બીજો દિવસ એક મહીનાનો, ત્રીજો દિવસ એક અઠવાડિયાનો, અને બાકી દિવસો સામાન્ય નિયમ મુજબના.

૦૭. ત્યારબાદ આસ્માનથી હઝરત સૈયદના ઈસા علیہ السلام તશરીફ લાવશે.

૦૮. આપ علیہ السلام દજ્જાલનો પીછો કરીને તેને ખતમ કરી દેશે.

૦૯. ત્યારબાદ સાત વરસનો જમાનો ઘણા જ અમ્ન તથા મહોબ્બત તથા સુકૂનનો જમાનો હશે.

૧૦. પછી એક પાકીઝા, ઠંડી હવા ચાલશે જેનાથી તમામ ઈમાનવાળાઓ દુનિયાથી ઉઠાવી લેવામાં આવશે.

૧૧. જમીન પર કેવળ બુરા લોકો રહી જશે.

૧૨. પછી તેમના પર કયામત કાયમ થશે.

હદીષ અમે ટૂંકાણમાં નકલ કરી છે, પૂરી હદીષમાં અધિક વધુ ગયબી ખબરો છે, એ ગયબી ખબરોના આધારે અમે એ જ માનીએ છીએ કે હુઝૂર ﷺ અલ્લાહની અતાથી ગયબોના જાણનાર છે.

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ કયામતની નિશાનીઓ જે ક્રમસર વર્ણવી છે એનાથી ઈસા علیہ السلامના ઉતરાણથી જ ઈલ્મવાળાઓને કયામતના શકય સમયનો અંદાઝો થઈ જશે, અને એ જ કારણે એ જમાનાના લોકોના દિલોએથી કીનો નીકળી જશે, માલની મહોબ્બત જતી રહેશે અને તેમની નજરમાં એક સજદો દુનિયા તથા તેમાં જે કાંઈ છે એના કરતાં બેહતર હશે.

## ★ આવનારા જમાનાની ખબર કે અલ્લાહ હસને મુજતબા رضی اللہ عنہના થકી મુસલમાનોની બે મોટી જમાઅતોમાં સુલહ કરાવશે ★

**(હદીષ નંબર : ૧૫)**

عَنْ أَبِي مُوسَى، قَالَ : سَمِعْتُ الحَسَنَ (البصري) يَقُولُ: اسْتَقْبَلَ وَاللهِ الْحَسَنُ بْنُ عَلِيّ مُعَاوِيَةَ بِكَتَائِبَ أَمْثَالِ الْجِبَالِ، فَقَالَ عَمْرُو بْنُ الْعَاصِ: إِنِّي لَأَرَى كَتَائِبَ لَا تُوَلِّي حَتَّى تَقْتُلَ أَقْرَانَهَا . فَقَالَ لَهُ مُعَاوِيَةُ : وَكَانَ وَاللهِ خَيْرَ الرَّجُلَيْنِ أَيْ عَمْرُو، إِنْ قَتَلَ هُؤُلاءِ هَؤُلاءِ، وَهُؤُلَاءِ هُؤُلَاءِ مَنْ لِي بِأُمُورِ النَّاسِ ، مَنْ لِي بِنِسَائِهِمْ ، مَنْ لِي بِضَيْعَتِهِمْ .

فَبَعَثَ إِلَيْهِ رَجُلَيْنِ مِنْ قُرَيْشٍ مِنْ بَنِي عَبْدِ شَمْسٍ عَبْدَ الرَّحْمَنِ بْنَ سَمُرَةَ وَعَبْدَ الله بْنَ عَامِرٍ، فَقَالَ: اذْهَبَا إِلَى هٰذَا الرَّجُلِ ، فَاعْرِضَا عَلَيْهِ ، وَقُولَا لَهُ، وَاطْلُبَا إِلَيْهِ، فَأَتَيَاهُ ، فَدَخَلَا عَلَيْهِ فَتَكَلَّمَا، وَقَالَا لَهُ ، وَطَلَبَا إِلَيْهِ ـ

فَقَالَ لَهُمَا الْحَسَنُ بْنُ عَلِيّ : إِنَّا بَنُو عَبْدِ الْمُطَّلِبِ، قَدْ أَصَبْنَا مِنْ هَذَا الْمَالِ ، وَإِنَّ هٰذِهِ الأُمَّةَ قَدْ عَاثَتْ فِي دِمَائِهَا . قَالَا: فَإِنَّهُ يَعْرِضُ عَلَيْكَ كَذَا وَكَذَا، وَيَطْلُبُ إِلَيْكَ وَيَسْأَلُكَ. قَالَ: فَمَنْ لِي بِهَذَا ؟ قَالَا : نَحْنُ لَكَ بِهِ. فَمَا سَأَلَهُمَا شَيْئًا إِلا قَالَا : نَحْنُ لَكَ بِهِ . فَصَالَحَه.

فَقَالَ الْحَسَنُ: وَلَقَدْ سَمِعْتُ أَبَا بَكْرَةَ يَقُولُ : رَأَيْتُ رَسُولَ اللهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى الْمِنْبَرِ، وَالْحَسَنُ بْنُ عَلِيّ إِلَى جَنْبِهِ ، وَهُوَ يُقْبِلُ عَلَى النَّاسِ مَرَّةً وَعَلَيْهِ أُخْرى، وَيَقُولُ (( إِنَّ ابْنِي هَذَا سَيِّدٌ، وَلَعَلَّ اللهَ أَنْ يُصْلِحَ بِهِ بَيْنَ فِئَتَيْنِ عَظِيمَتَيْنِ مِنَ الْمُسْلِمِينَ۔

અબૂ મૂસાનું બયાન છે કે મેં હસન બસરી رضی اللہ عنہને એ ફર્માવતાં સાંભળ્યું કે હઝરત હસન ઈબ્ને અલી رضی اللہ عنہ હઝરત મુઆવિયાના મુકાબલામાં પહાડોના

સમાન લશ્કર લઈને ગયા. તો હઝરત અમ્ર ઈબ્ને આસે કહ્યું કે હું એવું લશ્કર જોઈ રહ્યો છું જે પરત નથી થઈ શકતું જ્યાં સુધી કે પોતાના મુક઼ાબલામાં આવેલ સર્વ લશ્કરવાસીઓને ક઼ત્લ ન કરી દે. એના પર હઝરત મુઆવિયાએ કહ્યું. અને અમીર મુઆવિયા બંને (અમીર મુઆવિયા તથા અમ્ર ઈબ્ને આસ)માં બેહતર હતા. હે અમ્ર ! જો આ લોકોએ એ લોકોને, અને એ લોકોએ આ લોકોને ક઼ત્લ કરી આપ્યા તો લોકો પર હુકૂમત કરવા માટે મારી પાસે કોણ હશે ? મારી પાસે એમની સ્ત્રીઓની દેખભાળ કરનાર કોણ હશે ? તેમનાં બેસહારા બાળકો અને અપંગો માટે કોણ હશે ?

પછી તેમણે કુરેશની શાખ બનૂ અબ્દે શમ્સના બે માણસો, અબ્દુર્રહમાન બિન સમુરહ અને અબ્દુલ્લાહ બિન આમિરને હઝરત હસને મુજતબા رضی اللہ عنہ પાસે આ હિદાયત સાથે મોકલ્યા કે, "એ સાહબની પાસે જાવ અને તેમની સમક્ષ સુલહ પેશ કરો, તેમની સાથે વાતચીત કરો અને તેમને સુલહની તરફ બોલાવો."

*(સહીહ બુખારી, ૧/૩૭૨, ૩૭૩, મજલિસે બરકાત–મુબારકપુર)*

એ બંને પ્રતિનિધિ હઝરત હસને મુજતબા رضی اللہ عنہની પાસે આવ્યા અને આપની સાથે મુલાકાત કરીને વાતચીત દરમિયાન સુલહની પેશકશ કરી. એના પર હઝરત હસને મુજતબા رضی اللہ عنہએ ફર્માવ્યું કે, "અમે અબ્દુલ મુત્તલિબની ઔલાદ છીએ, અમે આ માલ પામ્યો છે અને આ ક઼ૌમ પોતાના લોહીમાં ખરડાયેલી છે."

તે બંનેવે કહ્યું કે તે (હઝરત મુઆવિયા) આપની ખિદમતમાં આટલુ આટલુ પેશ કરશે અને સુલહના તાલિબ છે, અને સુલહનો સવાલ કરે છે.

હઝરત હસને પૂછયું, એનો જામિન કોણ છે ? તો બંનેએ અર્ઝ કરી કે અમે જામિન છીએ.

સારાંશ હઝરત હસન મુજતબા જે પણ સવાલ કરતા તો સૌના જવાબમાં એ બંનેવ પ્રતિનિધિ એ જ કહેતા કે અમે એના જિમ્મેદાર છીએ. એના પર હઝરત હસન મુજતબા رضی اللہ عنہએ સુલહ કરી લીધી.

હઝરત હસન બસરી رضی اللہ عنہ કહે છે કે મેં હઝરત અબૂ બક્રને ફર્માવતાં સાંભળ્યા કે મેં રસૂલ ﷺને મિમ્બર પર જલ્વા અફરોઝ જોયા, અને હસન

ઈબ્ને અલી હુઝૂરની બાજુમાં હતા. હુઝૂર કદીક મજમાની તરફ ધ્યાનિત થતા અને કદીક તેમની તરફ. અને ફર્માવતા : **"મારો આ બેટો સૈયદ છે, અલ્લાહ તઆલા એના થકી મુસલમાનોની બે મોટી જમાઅતોમાં સુલહ કરાવશે."** *(નુઝહતુલ કારી, થોડાક ફેરફાર તથા વધારા સાથે)*

આ હદીષમાં "બે મોટી જમાઅતો"થી મુરાદ હઝરત અમીર મુઆવિયા તથા હઝરત ઈમામ હસન رضی اللہ عنہماનાં બંને જબરદસ્ત લશ્કરો છે. અને સરકાર ﷺનો આ ઈર્શાદ વિના શંકાએ ગયબની મહત્વની ખબર છે.

એનાથી સાબિત થાય છે કે હુઝૂર ﷺને એ ખબર હતી કે હસન મુજતબા ભવિષ્યમાં ખિલાફત તથા સુલહના બારામાં શું ફેંસલો કરશે અને સરકાર ﷺના વિસાલના ત્રીસ વરસો પછી હજારો સહાબા તથા તાબઈનએ આ "ગયબી ખબર"ની સચ્ચાઈનો સુહાનો મન્ઝર પોતાની આંખો વડે જોયો. શું આવી ગયબી ખબરનું સમર્થન પણ શિર્ક હોય શકે છે ?!

## ★ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہના હાથ પર ખૈબરની જીત થવાની અગાઉથી બશારત ★

**(હદીષ નંબર : ૧૬)**

عَنْ سَلَمَةَ قَالَ : كَانَ عَلِيٌّ قَدْ تَخَلَّفَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي خَيْبَرَ، وَكَانَ بِهِ رَمَدٌ، فَقَالَ: أَنَا أَتَخَلَّفُ عَنْ رَسُولِ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَخَرَجَ عَلِيٌّ فَلَحِقَ بِالنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا كَانَ مَسَاءُ اللَّيْلَةِ الَّتِي فَتَحَهَا اللّٰهُ فِي صَبَاحِهَا، قَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : ((لَأُعْطِيَنَّ الرَّايَةَ أَوْ لَيَأْخُذَنَّ الرَّايَةَ غَدًا رَجُلاً يُحِبُّهُ اللهُ وَرَسُولُهُ أَوْ قَالَ يُحِبُّ اللهَ وَرَسُولَهُ يَفْتَحُ اللّٰهُ عَلَيْهِ۔)) فَإِذَا نَحْنُ بِعَلِيٍّ وَمَا نَرْجُوهُ، فَقَالُوا : هٰذَا عَلِيٌّ. فَأَعْطَاهُ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَفَتَحَ اللّٰهُ عَلَيْهِ۔

હઝરત સલમા رضی اللہ عنہا વર્ણવે છે કે હઝરત અલી رضی اللہ عنہ નબી અકરમ ﷺથી ગઝવએ ખૈબરમાં પાછળ રહી ગયા હતા. તેમને આંખો આવી હતી.

તેમણે વિચાર્યું કે હું તો રસૂલુલ્લાહ ﷺથી પાછળ રહી જઈ રહ્યો છું, જેથી એ નીકળી પડયા અને નબી અકરમ ﷺને જઈને મળ્યા. જ્યારે એ રાતની સાંજ થઈ જેની સવારે અલ્લાહ તઆલાએ ફતહ અતા કરી. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

"હું કાલે ઝંડો એક એવા શખ્સને અતા કરીશ અથવા ઝંડો એવો શખ્સ લેશે જેનાથી અલ્લાહ અને તેના રસૂલ ﷺ મહોબ્બત કરે છે, અથવા તે અલ્લાહ તઆલા અને તેના રસૂલથી મહોબ્બત કરે છે, એના હાથ પર અલ્લાહ તઆલા ફતહ ફર્માવશે."

અમે જોયું કે હઝરત અલી رضی اللہ عنہ આવી ગયા જ્યારે કે અમને તેમના આવવાની ઉમ્મીદ ન હતી. લોકો કહેવા લાગ્યા, આ તો હઝરત અલી છે ! આવી ગયા તો રસૂલુલ્લાહ ﷺએ તેમને ઝંડો અતા કર્યો પછી અલ્લાહ તઆલા એ તેમના હાથ પર ફતહ અતા કરી. *(સહીહ બુખારી, ૧/૫૨૫, મજલિસે બરકાત)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺને "આવનારી કાલમાં શું થશે" એની ખબર હતી. હઝરત અલી رضی اللہ عنہ એક તો પાછળ રહી ગયા હતા, બીજુ આંખો આવવાથી પરેશાન હતા, એટલા માટે કોઈને એ આશા ન હતી કે ખૈબરની જીતનો સેહરો એમના માથા પર સજશે. પણ તે આવી ગયા અને જેવું કે આ હદીષની બીજી રિવાયતમાં છે, "આપે તેમની આંખોમાં લુઆબે દહન (થૂંક મુબારક) લગાડી આપ્યું તો તે સાજી પણ થઈ ગઈ." પછી આપે હઝરત અલીને ઝંડો અતા કરીને જંગના મેદાન માટે રવાના કરી આપ્યા, તો દુનિયા એ જોઈને આશ્ચર્યમાં ડૂબી ગઈ કે તેમણે પોતાની ખુદાદાદ શક્તિ તથા બહાદુરીનું પ્રદર્શન કરતાં ખૈબરના કિલ્લાને ફતહ પણ કરી લીધો અને સરવરે કૌનેન ﷺની બશારતનો સર્વ લોકોએ પોતાના માથાની આંખો વડે નઝારો જોયો. શું આ સહીહ હદીષ સરકાર ﷺની ગયબ દાનીની ઉઘાડી દલીલ નથી ?! અને શું એનાથી એ સાબિત નથી થતું કે આપને કાલે ભાવિમાં ઉપસ્થિત થનારા બનાવોની ખબર છે.

## ★ દુનિયા તથા આખેરતની ભલી હાલતોની ખબર તથા બશારત આપવું ★

### *(હદીષ નંબર : ૧૭)*

عَنْ أَبِي هُرَيْرَةَ، أَنَّ أَعْرَابِيًّا جَاءَ إِلَىٰ رَسُولِ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَارَسُولَ الله ! دُلَّنِي عَلَى عَمَلٍ إِذَا عَمِلْتُهُ دَخَلْتُ الْجَنَّةَ. قَالَ: ((تَعْبُدُ اللهَ. لَا تُشْرِكُ بِهِ شَيْئًا، وَتُقِيمُ الصَّلَاةَ الْمَكْتُوبَةَ، وَتُؤَدِّي الزَّكَاةَ الْمَفْرُوضَةَ، وَتَصُومُ رَمَضَانَ)). قَالَ: وَالَّذِي نَفْسِي بِيَدِهِ، لَا أَزِيدُ عَلَىٰ هٰذَا شَيْئًا أَبَدًا وَلَا أَنْقُصُ مِنْهُ. فَلَمَّا وَلّٰى قَالَ النَّبِيُّ ﷺ ((مَنْ سَرَّهُ أَنْ يَنْظُرَ إِلَى رَجُلٍ مِنْ أَهْلِ الْجَنَّةِ فَلْيَنْظُرْ إِلَى هٰذَا))

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એક ગામડાવાસી સહાબી હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવો અમલ બતાવો જેને કરીને હું જન્નતમાં પ્રવેશી જઉં.

તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ❒ અલ્લાહની ઈબાદત કરો. ❒ અને એની સાથે કાંઈ પણ શિર્ક ન કરો. ❒ અને ફર્ઝ નમાઝ પાબંદીથી અદા કરો ❒ અને રમઝાનના રોઝા રાખો.

તો એ સહાબીએ અર્ઝ કરી, કસમ તે એકલી જાતની જેની કુદરતના હાથોમાં મારી જાન છે ! હું એ ફર્ઝો પર (મારા તરફથી) કાંઈ પણ અને કદાપિ વધારો કરીશ નહીં અને ન એમનામાં કોઈ કમી કરીશ જ્યારે તે પરત થયા તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું : **"જેને જન્નતવાસીઓના કોઈ માણસને જોવાથી ખુશી થાય તો તે એને જોઈ લે."**

*(સહીહ મુસ્લિમ, ૧/૩૧, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત–મુબારકપુર)*

આ હદીષમાં હુઝૂરે કાઈનાત ﷺએ ગયબની ત્રણ ખબરો આપી છે જેમ કે ઈમામ અબૂ ઝકરિયા મુહયુદ્દીન નવવી رحمۃ اللہ علیہના આ ખુલાસાથી જાહેર થાય છે, ફર્માવે છે :

નબવી આદેશથી જાહેર એ છે કે નબી કરીમ ﷺને એ માલૂમ હતું કે :

فالظاهر منه : أنّ النّبيّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :

❁ أَنَّهُ يُوْفِي بِمَا الْتَزَمَ ❁ وأَنَّهُ يدوم على ذٰلك ❁ و يدخُلُ الجَنَّةَ ـ

❐ એ સહાબીએ જે હુકમોના પાલનની વ્યવસ્થા કરી છે તેને પૂર્ણ કરશે. ❐ અને તે એમને હમેશાં કરશે. ❐ અને જન્નતમાં દાખલ થશે.

*(અલ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, ૧/૩૧, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત)*

વિના શંકાએ આ ત્રણેવ વાતો ગયબી ખબરો છે જે હુઝૂર ﷺને માલૂમ હતી, સાથોસાથ આ ગયબી ખબરો એ બાબત પર દલીલ પૂરી પાડે છે કે હુઝૂર સૈયદે અન્વર ﷺને એ ખબર હતી કે તે ગામડાવાસી સહાબી કાલે ભાવિમાં શું કરશે.

## ★ મદીનાથી સેંકડો માઈલ દૂર થનારા બનાવોથી સરકાર ﷺએ જે તે સમયે માહિતગાર કર્યા ★

### (હદીષ નંબર : ૧૮)

عَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَعَى زَيْدًا وَجَعْفَرًا وَابْنَ رَوَاحَةَ لِلنَّاسِ قَبْلَ أَنْ يَأْتِيَهُمْ خَبَرُهُمْ ، فَقَالَ : (( أَخَذَ الرَّايَةَ زَيْدٌ فَأُصِيبَ، ثُمَّ أَخَذَ جَعْفَرٌ فَأُصِيبَ، ثُمَّ أَخَذَ ابْنُ رَوَاحَةَ فَأُصِيبَ وَعَيْنَاهُ تَذْرِفَانِ حَتَّى أَخَذَ سَيْفٌ مِنْ سُيُوفِ اللّٰهِ حَتَّى فَتَحَ اللّٰهُ عَلَيْهِمْ ))

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءએ લોકોને હઝરત ઝૈદ, હઝરત જઅફર અને હઝરત ઈબ્ને રવાહાના શહીદ થવાની ખબર જંગથી તેમની શહાદતની ખબર આવતા પહેલાં જ આપી દીધી. આપે ફર્માવ્યું :

- ❑ ઝયદે ઝંડો હાથમાં લીધો અને તે શહીદ થઈ ગયા.
- ❑ પછી જઅફરે લીધો અને તે શહીદ થઈ ગયા.
- ❑ પછી ઈબ્ને રવાહાએ લીધો અને તે પણ શહીદ થઈ ગયા.

આ ખબર આપતી વખતે આપની આંખોથી આંસુ વહી રહ્યાં હતાં, ત્યાં સુધી કે સૈફુલ્લાહ (ખાલિદ ઈબ્ને વલીદ)એ ઝંડો પકડી લીધો અને અલ્લાહ તઆલાએ મુસલમાનોને ફતહ આપી. *(સહીહ બુખારી, ૨/૬૧૧, કિતાબુલ મગ઼ાઝી, બાબ : ગઝવતિ મુઅ્તા મિન અર્દિશામ, મજલિસે બરકાત, મુબારકપુર)*

સરકાર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء મદીના મુનવ્વરામાં હાજર હતા પણ જંગે મુઅ્તામાં ઉપસ્થિત થનાર મહત્વના બનાવોની ગયબી ખબરો એ રીતે આપી રહ્યા હતા કે જાણે કોઈ પોતાની હથેળીમાં નિશાનીઓ જોઈને બતાવી રહ્યું હોય.

આ હદીષે પાકમાં હુઝૂર પુરનૂર علیہ الصلوٰۃ والسلامએ આઠ ગયબી ખબરો આપી છે : બે બે ખબરો જંગનો ઝંડો હાથમાં લેવાની અને શહીદ થવાની. બે હાથમાં ઝંડો લેવાની અને જીત પામવાની. તો સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺ વિના શંકાએ ગયબોને જાણનાર (દાનાએ ગ઼ુયૂબ) છે. હુઝૂર સૈયદે આલમ ﷺ મુઅ્તાથી સેંકડો કિલોમિટર* દૂર રહેવા છતાં ખબર આપી રહ્યા છે કે કોણ ક્યાં મૃત્યુ પામી રહ્યું છે તો આપને بِأَيِّ أَرْضٍ تَمُوتُનો પણ ઈલ્મ છે.

## ★ રસૂલ ﷺએ બતાવી આપ્યું કે કોણ ક્યાં મરશે ? ★

### *(હદીષ નંબર : ૧૯)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે જંગે બદરના મોક઼ા પર જ્યારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین બદર સ્થળે પહોંચ્યા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :

هٰذَا مَصْرَعُ فُلَانٍ۔ وَيَضَعُ يَدَهُ عَلَى الْأَرْضِ هٰهُنَا وَهٰهُنَا. قَالَ: فَمَا مَاطَ أَحَدُهُمْ عَنْ مَوْضِعِ يَدِ رَسُولِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ۔

''આ ફલાણાના મરવાની જગા છે અને આપ પોતાનો હાથ જમીન પર રાખીને ફર્માવતા : અહીં અને અહીં. (એટલે ફલાણો ફલાણો અહીં, અહીં ક઼ત્લ થઈને પડશે) હદીષના રાવીનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથ

*★ **સેંકડો કિલોમિટર** : મુઅ્તા શામ (સીરિયા)નો એક કસ્બો છે જેનું અંતર મદીના મુનવ્વરાથી ૯૮૭ કિલોમિટર જેટલુ દર્શાવવામાં આવે છે.*

વડે જે નિશાન કર્યું હતું એ જગાથી હટીને આમ તેમ કોઈ ન પડયું.'' *(સહીહ મુસ્લિમ, ૨/૧૦૨, કિતાબુલ જિહાદ વસ્સિયર, બાબુ ગઝવએ બદર, અલ બરકાત)*

ઈમામ નવવી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં ફર્માવે છે :–

وفيه معجز تان مِن أَعْلامِ النوة- أحدُهما : إخبارُه صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بمَصرع جَبابِرَ تهم، فلم يتعدّ مَصْرَعَه- إلخ---

''આ હદીષમાં બે મો'જિઝાઓ છે જે નબુવ્વતની દલીલોમાંથી છે. પ્રથમ મો'જિઝો એ કે નબી કરીમ ﷺએ જાલિમોના કત્લ થવાની જગા બતાવી આપી તો કોઈ એનાથી આમ તેમ ન પડયો.

*(અલ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, ૨/૧૦૨, મજલિસે બરકાત)*

હુઝૂર પુરનૂર સૈયદુલ મુરસલીન ﷺનો આ ઈર્શાદ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ શબ્દોના કાંઈક ફરકની સાથે ખુદાની કસમ ખાયને વર્ણવ્યો છે. હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ રૂયતે હિલાલ (ચાંદ જોવા)ના એક બનાવનું વર્ણન કરતાં લખે છે :–

ثُمَّ أَنْشَأَ (عُمَرَ-ن) يُحَدِّثُنَا عَنْ أَهْلِ بَدْرٍ، فَقَالَ إِنَّ رَسُولَ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُرِينَا مَصَارِعَ أَهْلِ بَدْرٍ بِالْأَمْسِ يَقُولُ: ((هَذَا مَصْرَعُ فُلَانٍ غَدًا إِنْ شَاءَ اللّه)) . قَالَ : فَقَالَ عُمَرُ: فَوَالَّذِي بَعَثَهُ بِالْحَقِّ مَا أَخْطَئُوا الْحُدُودَ الَّتِي حَدَّ رَسُولُ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

''હઝરત ઉમર رضی اللہ عنہ અમને બદરવાસીઓના બારામાં વર્ણન કરવા લાગ્યા કે અલ્લાહના રસૂલ ﷺએ એક દિવસ પહેલાં અમને બદરવાસીઓની મરવાની જગાઓ બતાવી આપી હતી અને બતાવી આપ્યું હતું કે ફલાણો કાલે અહીં હલાક થશે, ઈન્શાઅલ્લાહ !''

*(સહીહ મુસ્લિમ, ૨/૩૮૬, ૩૮૭, મજલિસે બરકાત, મુબારકપુર)*

હઝરત ઉમરે કહ્યું : એ જાતની કસમ ! જેણે આપને હક્ક સાથે મોકલ્યા, રસૂલુલ્લાહ ﷺએ દરેક જણના મૃત્યુ પામવાની જે જગા બતાવી હતી તેનાથી કોઈ આમ તેમ ન પડયો.

હવે અહીં આયતે કરીમા : وَمَا تَدْرِیْ نَفْسٌۢ بِاَیِّ اَرْضٍ تَمُوْتُ (અને કોઈ જાન

નથી જાણતી કે કઈ જમીનમાં મરશે. સૂરએ લુકમાન, ૩૧/૩૪)ને પણ લક્ષમાં રાખો તો કિતાબ તથા હદીષમાં મુવાફિક્તની સ્પષ્ટ સ્થિતિ સામે આવશે કે કોણ ક્યાં મરશે એ કોઈને માલૂમ નથી, પરંતું ખુદાએ અલીમો ખબીરના બતાવવાથી રસૂલુલ્લાહ ﷺને માલૂમ પણ છે અને બતાવે પણ છે.

આ હદીષોથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺને માલૂમ હતું કે કોણ ક્યાં મરશે, અને એના બારામાં આપે જે ફર્માવ્યું તે જ થઈને રહ્યું.

## ★ પીઠ પાછળ જાહેર તથા બાતિનને જોવું ★

**(હદીષ નંબર : ૨૦)**

عَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: ((هَلْ تَرَوْنَ قِبْلَتِي هٰهُنَا، وَاللهُ مَا يَخْفٰى عَلَيَّ رُكُوعُكُمْ وَلاَ خُشُوْعُكُمْ وَإِنِّي لَأَرَاكُمْ وَرَاءَ ظَهْرِي))

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમે એવું સમજો છો કે મારુ ધ્યાન અહીં છે ?! અલ્લાહની કસમ ! મારા પર તમારા રુકૂઅ તથા ખુશૂઅ છુપાં નથી. હું વિના શંકાએ તમને મારી પીઠ પાછળ પણ જોઉં છું. *(સહીહ બુખારી, ૧/૧૦૨, કિતાબુલ અઝાન, મજલિસે બરકાત)*

**(હદીષ નંબર : ૨૧)**

عَنْ أَنَسِ بْنِ مَالِكٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: ((أَقِيمُوا الرُّكُوعَ وَالسُّجُودَ، فَوَاللهِ إِنِّي لَأَرَاكُمْ مِنْ بَعْدِي، وَرُبَّمَا قَالَ: مِنْ بَعْدِ ظَهْرِي إِذَا رَكَعْتُمْ وَسَجَدْتُمْ))۔

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءએ ફર્માવ્યું : તમે રુકૂઅ તથા સજદા સહીહ તૌર પર અદા કરો. હું અલ્લાહની કસમ ! તમને મારી પાછળથી પણ જોઉં છું. અને કદીક આપે ફર્માવ્યું, જ્યારે તમે લોકો રુકૂઅ તથા સજદા કરો છો તો હું તમને લોકોને મારી પીઠની પાછળથી જોઉં છું.''

*(સહીહ બુખારી, ૧/૧૦૨, મજલિસે બરકાત, મુબાકપુર)*

હુઝૂર સૈયદે આલમ ﷺએ આ હદીષોમાં પોતાની ગયબદાનીની બે સાબિતીઓ આપી છે :–

- એક એ કે આપ આપની પીઠ પાછળ થનારી બાબતોને જુએ છે. કોણ રુકૂઅ તથા સિજદા સહીહ તૌર પર અદા કરી રહેલ છે અને કોણ ગલત તૌર પર અદા કરી રહેલ છે. આ સર્વ સરકાર ﷺ જોઈ રહ્યા છે.
- બીજુ એ કે દિલી કૈફિયત પર પણ આપની નજર છે. ખુશૂઅ તથા ખુઝૂઅનો સંબંધ દિલના આંત્રિક ભાગથી છે પણ તે પણ આપની નજરથી છુપુ નથી.

## ★ દુનિયાથી ગયબી હાલતો અને ક્બ્રના પહોંચ બહારના રહસ્યોની ખબર ★

### (હદીષ નંબર : ૨૨)

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: مَرَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِحَائِطٍ مِنْ حِيطَانِ الْمَدِينَةِ أَوْ مَكَّةَ. فَسَمِعَ صَوْتَ إِنْسَانَيْنِ يُعَذَّبَانِ فِي قُبُورِهِمَا. فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : (( يُعَذَّبَانِ ، وَمَا يُعَذَّبَانِ فِي كَبِيرٍ)) . ثُمَّ قَالَ : ((بَلَى، كَانَ أَحَدُهُمَا لَا يَسْتَتِرُ مِنْ بَوْلِهِ، وَكَانَ الآخَرُ يَمْشِي بِالنَّمِيمَةِ ))۔ . ثُمَّ دَعَا بِجَرِيدَةٍ فَكَسَرَهَا كِسْرَتَيْنِ، فَوَضَعَ عَلَى كُلِّ قَبْرٍ مِنْهُمَا كِسْرَةً. فَقِيلَ لَهُ : يَا رَسُولَ اللهِ ! لِمَ فَعَلْتَ هٰذَا ؟ قَالَ : لَعَلَّهُ أَنْ يُخَفَّفَ عَنْهُمَا مَا لَمْ تَيْبَسَا أَوْ إِلَى أَنْ يَيْبَسَا))۔

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء મદીના પાકના એક બાગની પાસેથી પસાર થયા તો આપે બે માણસોનો અવાજ સાંભળ્યો જેમના પર તેમની ક્બ્રોમાં અઝાબ થઈ રહ્યો હતો. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "આ બંનેને અઝાબ આપવામાં આવી રહ્યો છે અને તેમને કોઈ એવા ગુનાહના કારણે અઝાબ નથી થઈ રહ્યો જેનાથી બચવું મુશ્કેલ હોય." પછી આપે ફર્માવ્યું : એ બંનેમાંથી એક પોતાના પેશાબથી બચતો ન હતો અને બીજો ચુગલખોરી કરતો હતો. પછી આપે ખજૂરની એક ડાળી મંગાવીને બે ટુકડા કર્યા અને એક એક ટુકડો બંને કબરો પર રાખી દીધો. આપને

અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે એવું કેમ કર્યુ ? તો આપે ફર્માવ્યું, જેથી આ ડાળીઓ જ્યાં સુધી સૂકી ન થાય ત્યાં સુધી તેમના અઝાબમાં ઘટાડો રહે." *(સહીહ બુખારી, ૧/૩૪, ૩૫, કિતાબુલ વુઝૂ, મજલિસે બરકાત)*

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ વર્તમાન તથા ભૂતકાળ બંને જમાનાના ગયબોની ખબર આપી છે :–

- ❑ આપ બતાવી રહ્યા છે કે બંને કબ્રવાળાઓ પર અઝાબ થઈ રહ્યો છે. આ વર્તમાનકાળનો ગયબ છે.
- ❑ અને આપે અઝાબનો સબબ બતાવ્યો કે એક પેશાબના નાપાક છાંટાઓથી બચતો ન હતો અને બીજો ચુગલખોરી કરતો હતો. આ બંને ગુનાહ ભૂતકાળ ના સમયના છે.

એ બંનેવે પોતાની જિંદગીમાં આ ગુનાહ ન જાણે ક્યારે ક્યારે કર્યા હશે, પણ સરકાર ﷺ બંનેની ખબર પૂરા જુર્મની સાથે આપી રહ્યા છે જે વિના શંકાએ ગયબી ખબરો છે.

## ★ કયામતની પ્રથમ નિશાની, જન્નતનો પ્રથમ ખોરાક અને અમુક મખ્લૂક વિશે ખબર ★

***(હદીષ નંબર : ૨૩)***

حَدَّثَنَا أَنَسٌ أَنَّ عَبْدَ اللهِ بْنَ سَلَامٍ بَلَغَهُ مَقْدَمُ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَدِينَةَ ، فَأَتَاهُ يَسْأَلُهُ عَنْ أَشْيَاءَ، فَقَالَ : إِنِّي سَائِلُكَ عَنْ ثَلَاثٍ لَا يَعْلَمُهُنَّ إِلَّا نَبِيٌّ.

❁ مَا أَوَّلُ أَشْرَاطِ السَّاعَةِ؟

❁ وَمَا أَوَّلُ طَعَامٍ يَأْكُلُهُ أَهْلُ الْجَنَّةِ؟

❁ وَمَا بَالُ الْوَلَدِ يَنْزِعُ إِلَىٰ أَبِيهِ أَوْ إِلَى أُمِّهِ؟

قَالَ : أَخْبَرَنِي بِهِ جِبْرِيلُ آنِفًا. قَالَ ابْنُ سَلَام ذَاكَ عَدُوُّ الْيَهُودِ مِنَ الْمَلَائِكَةِ ، قَالَ:

❁ أَمَّا أَوَّلُ أَشْرَاطِ السَّاعَةِ فَنَارٌ تَحْشُرُهُمْ مِنَ الْمَشْرِقِ إِلَى الْمَغْرِبِ-

❁ وَأَمَّا أَوَّلُ طَعَامٍ يَأْكُلُهُ أَهْلُ الْجَنَّةِ، فَزِيَادَةُ كَبِدِ الْحُوتِ۔

❁ وَأَمَّا الْوَلَدُ، فَإِذَا سَبَقَ مَاءُ الرَّجُلِ مَاءَ الْمَرْأَةِ نَزَعَ الْوَلَدَ، وَإِذَا سَبَقَ مَاءُ الْمَرْأَةِ مَاءَ الرَّجُلِ نَزَعَتِ الْوَلَدَ۔

❁ قَالَ: أَشْهَدُ أَن لَّا إِلَهَ إِلَّا اللّٰهُ وَأَنَّكَ رَسُولُ اللّٰهِ۔

હઝરત અનસ رضی اللہ عنہએ આ હદીષ વર્ણન કરી કે અબ્દુલ્લાહ ઈબ્ને સલામને નબી અકરમ ﷺના મદીના મુનવ્વરા તશરીફ લાવવાની ખબર મળી તો તે હુઝૂર ﷺથી અમુક ચીજોના બારામાં સવાલ કરવા માટે આપની ખિદમતમાં હાજર થયા.

તેમણે કહ્યું કે હું આપને ત્રણ એવી ચીજોના બારામાં સવાલ કરી રહ્યો છું જેમને નબી સિવાય કોઈ અન્ય નથી જાણતું :–

૦૧. ક઼યામતની સૌથી પહેલી નિશાની શું છે ?

૦૨. જન્નતવાસી સૌ પ્રથમ શું ખાશે ?

૦૩. ઔલાદ ક્યારેક પોતાના પિતાના જેવી (મુશાબેહ) હોય છે અને ક્યારેક પોતાની માના જેવી હોય છે. એનો સબબ શું છે ?

હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ જવાબમાં ફર્માવ્યું કે, હમણા હમણા હઝરત જિબ્રઈલ علیہ السلامએ મને એની ખબર આપી છે. ઈબ્ને સલામે કહ્યું, એ તો ફરિશ્તાઓમાં યહૂદીઓના દુશ્મન છે.

હુઝૂર ﷺએ જવાબમાં ફર્માવ્યું કે :–

- ❑ ક઼યામતની સૌ પ્રથમ નિશાની એક મહાન આગ છે જે લોકોને પૂર્વથી પશ્ચિમ તરફ ભેગા કરશે.
- ❑ અને જન્નતવાળાઓનો સૌ પ્રથમ ખોરાક માછલીના જિગરનો ટુકડો છે.
- ❑ રહ્યું ઔલાદનું બાપ કે માના જેવા હોવું, તો એનો સબબ એ છે કે જ્યારે પુરૂષનું વિર્ય સ્ત્રીના વિર્ય પર અગ્રતા લઈ જાય છે તો ઔલાદ પુરૂષના મુશાબેહ (જેવી) અને હમશકલ થાય છે. અને જ્યારે સ્ત્રીનું વિર્ય પુરૂષના વિર્ય પર અગ્રતા લઈ જાય છે તો ઔલાદ માના જેવી તથા હમશકલ થાય છે.

આ જવાબ સાંભળીને તે બોલી ઉઠયા : أَشْهَدُ أَن لَّا إِلٰهَ إِلَّا اللهُ وأَنَّكَ رسولُ الله હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને બેશક ! આપ અલ્લાહના રસૂલ છે.

*(સહીહ બુખારી, ૧/૫૬૧, કિતાબુલ બુન્યાનુલ કાબા, મજલિસે બરકાત, મુબારકપુર)*

## ★ હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رضی اللہ عنہماની શહાદતની ખબર ★

**(હદીષ નંબર : ૨૪)**

عَنْ قَتَادَةَ. أَنَّ أَنَسَ بْنَ مَالِكٍ حَدَّثَهُمْ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَعِدَ أُحُدًا وَأَبُو بَكْرٍ وَعُمَرُ وَعُثْمَانُ، فَرَجَفَ بِهِمْ. فَقَالَ: اثْبُتْ أُحُدُ! فَإِنَّمَا عَلَيْكَ نَبِيٌّ وَصِدِّيقٌ وَشَهِيدَانِ.

હઝરત કતાદા رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અનસ બિન માલિકે આ હદીષ વર્ણન કરી કે નબીએ અકરમ ﷺ અને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન ઓહદ પહાડ પર ચઢયા તો તે એ મુક઼દ્દસ હસ્તીઓના કારણે (ખુશીમાં) હાલવા લાગ્યો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે ઓહદ ! થોભી જા ! કેમ કે તારા પર એક નબી, એક સિદીક઼ અને બે શહીદ છે."

*(સહીહ બુખારી, ૧/૫૧૯, કિતાબુલ મનાક઼િબ, મજલિસે બરકાત)*

આ હદીષમાં "બે શહીદ"થી મુરાદ હઝરત સૈયદુના ઉમર ફારૂક઼ે આ'ઝમ અને હઝરત સૈયદુના ઉષ્માન ગની رضی اللہ عنہما છે. આ બંનેવ ખુલફાએ રાશિદીનથી છે અને આ પોત પોતાના ખિલાફતકાળમાં શહીદ થયા."

હુઝૂર સૈયદે આલમ ﷺએ જે વખતે આ હઝરાતની શહાદતની ગયબી ખબર આપી હતી તેના વરસો બાદ તેની સચ્ચાઈ દુનિયા સામે આવી અને એ હઝરાત શહીદ થઈ ગયા.

આ હદીષમાં સરકાર ﷺએ ત્રણ ત્રણ ગયબોની ખબર આપી છે :–

- ❑ એક એ હઝરાત જિંદગીના આખરી શ્વાસ સુધી ઈમાનવાળા રહેશે.
- ❑ બીજી ખબર એ કે તેમનો ખાત્મો પણ ઈમાન પર જશે.

❑ ત્રીજી ખબર એ કે મૌત શહાદતની થશે.

અને હક્ક એ છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ જેવી ખબર આપી હતી એવી જ અને એ જ ક્રમ પ્રમાણે પૂરી પણ થઈ.

## ★ ઝુલ્ખવૈસરા તમીમીના બેઅદબ ગિરોહના ઝહૂર અને તેમના અહવાલની ખબર ★

***(હદીષ નંબર : ૨૫)***

عَنْ أَبِي سَعِيدٍ قَالَ: بَيْنَا النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْسِمُ، جَاءَ عَبْدُ اللّٰه بْنُ ذِي الْخُوَيْصِرَةِ التَّمِيمِيُّ، فَقَالَ : اعْدِلْ يَا رَسُولَ اللّٰه، فَقَالَ : وَيْلَكَ، وَ مَنْ يَعْدِلُ، إِذَا لَمْ أَعْدِلْ. قَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ : ائْذَنْ لِي فَأَضْرِبْ عُنُقَهُ. قَالَ: ((دَعْهُ فَإِنَّ لَهُ أَصْحَابًا يَحْقِرُ أَحَدُكُمْ صَلَاتَهُ مَعَ صَلَاتِهِم، وَصِيَامَهُ مَعَ صِيَامِهِم، يَمْرُقُونَ مِنَ الدِّينِ كَمَا يَمْرُقُ السَّهْمُ مِنَ الرَّمِيَّةِ.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ બયાન કરે છે કે નબી અકરમ علیہ الصلوۃ والسلام (માલે ગનીમત) વહેંચી રહ્યા હતા. એટલામાં અબ્દુલ્લાહ ઝુલ્ખવૈસરા તમીમી આવ્યો અને કહેવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ તમે ઈન્સાફ કરો. તો આપે ફર્માવ્યું, તારી હલાકત (બર્બાદી) થાય ! જો હું ઈન્સાફ નહીં કરું તો પછી કોણ ઈન્સાફ કરશે ? એ સાંભળીને હઝરત ઉમર બિન ખત્તાબે અર્ઝ કરી, હુઝૂર ! મને ઈજાઝત આપો કે હું એની ગરદન ઉડાડી મૂકું ! તો આપે ફર્માવ્યું, એને છોડી આપો કે એના અમુક સાથી એવા થશે જેમની નમાઝની આગળ તમે તમારી નમાઝને, જેમના રોઝાની સરખામણીમાં તમારા રોઝાઓને મામૂલી સમજશો. તેઓ દીનથી એવા નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જાય છે. *(સહીહ બુખારી, ૨/૧૦૨૪, ૧૦૨૫)*

સરકાર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ઝુલ્ખવૈસરા તમીમીના જે ગિરોહની ખબર આપી છે તે ગિરોહ આજે પણ જોવા મળે છે. અને આ તે જ ગિરોહ છે જે હુઝૂર સૈયદે આલમ ﷺની શાને પાકમાં ગુસ્તાખી કરે છે. આપના ઘણા બધા

ફઝાઈલનો ઈન્કાર કરે છે પણ નમાઝો એટલી અધિક પ્રમાણમાં પઢે છે કે આપણે એમની સરખામણીમાં આપણી નમાઝોને મામૂલી ખયાલ કરીએ છીએ. આ "પેહચાન" થકી લોકોને પહેચાની લો તો ખુદ જ સરકાર ﷺના ઈલ્મે ગયબનું સમર્થન થઈ જશે.

## ★ ક્યામત નજીક ચાલનારી હવાની આશ્ચર્યકારક તાષીર વિશે આગાહી તથા યક઼ીની ખબર ★

**(હદીષ નંબર : ૨૬)**

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ : قَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : ((إِنَّ اللَّهَ يَبْعَثُ رِيحًا مِنَ الْيَمَنِ أَلْيَنَ مِنَ الْحَرِيرِ فَلاَ تَدَعُ أَحَدًا فِي قَلْبِهِ. قَالَ أَبُو عَلْقَمَةَ: مِثْقَالُ حَبَّةٍ. وَقَالَ عَبْدُ الْعَزِيزِ : مِثْقَالُ ذَرَّةٍ مِنْ إِيمَانٍ إِلَّا قَبَضَتْهُ۔))

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ عزوجل તઆલા યમનથી એક હવા મોકલશે જે રેશમ કરતાં વધુ નરમ હશે. તો જેના દિલમાં એક દાણા બરાબર અથવા રજકણ બરાબર પણ ઈમાન હશે તે હવા તેની રૂહ ક઼બ્ઝ કરી લેશે.

*(સહીહ મુસ્લિમ, ૧/૭૫, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હવા હઝરત ઈસા ઈબ્ને મરયમ علی نبینا وعلیہ الصلاۃ والسلام ના આસ્માનથી ઉતરાણ અને દજ્જાલ લઈનના ક઼ત્લ બાદ ચાલશે. જેવું કે સહીહ મુસ્લિમ, કિતાબુલ ફિતનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રની હદીષમાં એનું વર્ણન છે. અને હદીષ નં. ૧૪ના હેઠળ હઝરત નવાસ ઈબ્ને સમ્આનની રિવાયતમાં પણ વર્ણન થયું.

પણ વહાબી ફિર્કાના ઈમામના પ્રમાણે "તે હવા ચાલી ગઈ" જેનાથી સાફ જાહેર છે કે દુનિયાથી સર્વ ઈમાનવાળા ઉઠી ગયા અને હવે કેવળ કાફિર જ કાફિર રહી ગયા ! પોતાનો ઈક઼રાર (સ્વીકારવું) પોતાના માટે દલીલ હોય છે, બીજાઓ માટે નહીં. ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)નો ઈક઼રાર કહે છે કે તે હવા ચાલી ગઈ તો એ એમના માટે દલીલ છે. એમની મરજી ! તે પોતાના માટે જે ચાહે ઈક઼રાર કરે ! પરંતું અમે મુસલમાન એ અક઼ીદો ધરાવીએ છીએ કે, એ હવા એ વખતે

ચાલશે જ્યારે ક઼યામત ક઼ાયમ થવાનો સમય નજીકથી નજીકતર આવી ચૂક્યો હશે. અને સારાંશ એ હવાને ચાલવાની ખબર જરૂરથી ગયબી ખબરોમાંથી છે.

ઈમામુત્તાઈફ઼ા (ઈસ્માઈલ દહેલ્વી)ના કહ્યાનુસાર તો એ ગયબી ખબર ઝહૂરમાં આવી ચૂકી છતાં પણ તે નબી કરીમ ﷺના માટે ગયબના અક઼ીદાને મુત્લક઼ન્ શિર્ક કહે છે, એના પરથી તેમની હદીષ સમજવાની ક્ષમતાનો પણ અંદાજો કરી શકાય છે અને હદીષ પર અમલનો પણ.

## ★ હઝરત ષાબિત બિન ક઼ૈસના સારા ખાત્મા અને તેમના જન્નતી હોવાનો ઈઝહાર તથા બશારત ★

***(હદીષ નંબર : ૨૭)***

عَنْ أَنَسِ بْنِ مَالِكٍ أَنَّهُ قَالَ: لَمَّا نَزَلَتْ هٰذِهِ الْاٰيَةُ ''يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ'' إِلَى آخِرِ الْاٰيَةِ. جَلَسَ ثَابِتٌ فِي بَيْتِهِ، وَقَالَ: أَنَا مِنْ أَهْلِ النَّارِ، وَاحْتَبَسَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَأَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ سَعْدَ مُعَاذٍ. فَقَالَ: ''يَا أَبَا عَمْرٍو مَا شَأْنُ ثَابِتٍ، أَشْتَكٰى؟'' قَالَ سَعْدٌ: إِنَّهُ لَجَارِي، وَمَا عَلِمْتُ لَهُ بِشَكْوٰى۔ قَالَ فَأَتَاهُ سَعْدٌ فَذَكَرَ لَهُ، قَوْلَ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ ثَابِتٌ: أُنْزِلَتْ هٰذِهِ الْاٰيَةُ: وَلَقَدْ عَلِمْتُمْ أَنِّي مِنْ أَرْفَعِكُمْ صَوْتًا عَلٰى رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَنَا مِنْ أَهْلِ النَّارِ. فَذَكَرَ ذٰلِكَ سَعْدٌ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ رَسُولُ اللّٰهِ: صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: ''بَلْ هُوَ مِنْ أَهْلِ الْجَنَّةِ''۔

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે જ્યારે આયતે કરીમા : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ (હે ઈમાનવાળાઓ ! નબીના અવાજ પર તમારા અવાજોને બુલંદ ન કરો. સૂરએ હુજુરાત, ૪૯/૨) નાઝિલ થઈ તો હઝરત ષાબિત પોતાના ઘરમાં બેઠા હતા. તેમણે કહ્યું કે હું તો જહન્નમી થઈ ગયો ! (તે આ ખયાલના કારણે) નબી કરીમ

ﷺની ખિદમતમાં હાજરી આપવાથી પણ રોકાય ગયા. નબી કરીમ ﷺએ સઅદ ઈબ્ને મઆઝથી પૂછયું કે, હે અબૂ અમ્ર ! ષાબિતનો શો હાલ છે ? શું તે બીમાર છે ? તો સઅદે કહ્યું, હુઝૂર ! તે મારા પડોશી છે અને મને તેમની કોઈ બીમારીનો ઈલ્મ નથી.

ત્યારબાદ હઝરત સઅદ, ષાબિતની પાસે ગયા અને તેમને રસૂલુલ્લાહ ﷺના હાલ માલૂમ કરવાની વાત દર્શાવી, તો ષાબિતે કહ્યું કે આ આયત નાઝિલ થઈ છે : لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ અને તમે જાણો છો કે રસૂલુલ્લાહ ﷺના દરબારમાં મારો અવાજ સૌથી વધુ બુલંદ રહેતો હતો જેથી હું જહન્નમી છું ! હઝરત સઅદે નબી કરીમ ﷺને આ વાતનો ઉલ્લેખ કર્યો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવું નથી બલ્કે **એ તો જન્નતી છે."**

*(સહીહ મુસ્લિમ, ૧/૭૫, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

હઝરત અનસ ફર્માવે છે કે હઝરત ષાબિત બિન કૈસ અમારી વચ્ચે ચાલતા તો અમે એમના વિશે એતેકાદ રાખતા કે તે જન્નતી માણસ છે.

*(સહીહ મુસ્લિમ, ૧/૭૫, હવાલો ઉપર મુજબ)*

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ગયબની બે ખબરો આપી છે :

❑ પ્રથમ ખબર એ કે ષાબિત બિન કૈસ બિન શમાસ ઈમાન પર મૃત્યુ પામશે.

❑ બીજી ખબર એ કે જન્નતી છે.

આ હદીષમાંથી એ પણ જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین હુઝૂર ﷺને "દાનાએ ગુયૂબ" (ગયબના જાણનાર) જાણતા હતા એટલા માટે તેઓ હઝરત ષાબિત બિન કૈસને જન્નતી માનતા હતા.

## ★ હઝરત માલિક બિન દુખ્શુન માટે સમર્થન અને દિલી ઈમાની શહાદત ★

**(હદીષ નંબર : ૨૮)**

أَخْبَرَنِي مَحْمُودُ بْنُ الرَّبِيعِ الأَنْصَارِيِّ، أَنَّ عِتْبَانَ بْنَ مَالِكٍ رضي الله تعالى عنه وَهُوَ مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِمَّنْ شَهِدَ بَدْرًا مِنَ الأَنْصَارِ

أَنَّهُ أَتَى رَسُولَ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللّٰهِ ! قَدْ أَنْكَرْتُ بَصَرِي، وَأَنَا أُصَلِّي لِقَوْمِي وَإِذَا كَانَتِ الْأَمْطَارُ سَالَ الْوَادِي الَّذِي بَيْنِي وَبَيْنَهُمْ لَمْ أَسْتَطِعْ أَنْ آتِيَ مَسْجِدَهُمْ فَأُصَلِّيَ لَهُمْ . وَدِدْتُ أَنَّكَ يَا رَسُولَ اللّٰهِ تَأْتِي فَتُصَلِّي فِي مُصَلًّى ، فَأَتَّخِذَهُ مُصَلًّى ، قَالَ : فَقَالَ رَسُولُ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : ((سَأَفْعَلُ إِنْ شَاءَ الله تَعَالَى))

قَالَ عِتْبَانُ: فَغَدَا عَلَيَّ رَسُولُ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَبو بَكْرٍ الصِّدِّيقُ حِينَ ارْتَفَعَ النَّهَارُ ، فَاسْتَأْذَنَ رَسُولُ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَذِنْتُ لَهُ فَلَمْ يَجْلِسْ حَتَّى دَخَلَ الْبَيْتَ ، ثُمَّ قَالَ : ((أَيْنَ تُحِبُّ أَنْ أُصَلِّيَ مِنْ بَيْتِكِ)). قَالَ: فَأَشَرْتُ إِلَى نَاحِيَةٍ مِنَ الْبَيْتِ. فَقَامَ رَسُولُ اللّٰهِ ﷺ فَكَبَّرَ، فَقُمْنَا فَصَفَفْنَا فَصَلَّى رَكْعَتَيْنِ ثُمَّ سَلَّمَ.

قَالَ : وَحَبَسْنَاهُ عَلَىٰ خَزِيرٍ صَنَعْنَاهُ لَهُ. قَالَ: فَثَابَ فِي الْبَيْتِ رِجَالٌ مِنْ أَهْلِ الدَّارِ ذَوُو عَدَدٍ فاجتَمَعوا. فَقَالَ قَائِلٌ مِنْهُمْ: أَيْنَ مَالِكُ بْنُ الدَّخْشُنِ أَو ابن الدُّخَيْشِنِ. فَقَالَ بَعْضُهُمْ : ذَلِكَ مُنَافِقٌ لاَ يُحِبُّ اللهَ وَرَسُولَهُ. فَقَالَ رَسُولُ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : لاَ تَقُلْ لَهُ ذَٰلِكَ أَلَا تَرَاهُ قَدْ قَالَ : لَا إِلٰهَ إِلَّا اللّٰهُ، يُرِيدُ بِذٰلِكَ وَجهَ الله، قَالَ : اللّٰهُ وَرَسُولُهُ أَعْلَمُ. قَالَ: فَإِنَّمَا نَرَى وَجْهَهُ وَنَصِيحَتَهُ إِلَى الْمُنَافِقِينَ. قَالَ رَسُولُ اللّٰه صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔ فَإِنَّ اللّٰهَ عزّ و جلّ حرّمَ عَلَى النَّارِ مَنْ قَالَ لَآ إِلٰهَ إِلَّا اللّٰه۔ يَبْتَغِي بِذٰلِكَ وَجهَ اللّٰه۔

હઝરત મહમૂદ બિન રબીઅ અન્સારીએ મને ખબર આપી કે હઝરત ઈત્બાન બિન માલિક رضی اللہ عنہ જે રસૂલુલ્લાહ ﷺના તે અન્સારી સહાબામાંથી હતા જે બદરમાં શરીક થયા હતા. રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી નજર કમજોર થઈ ગઈ છે અને હું મારી કૌમને નમાઝ પઢાવું છું. જ્યારે વરસાદ થઈ જાય છે તો તે નાળુ જે મારા અને તેમના દરમિયાન છે વહેવા લાગે છે. તો હું તેમની મસ્જિદ સુધી નથી જઈ

શકતો કે તેમને નમાઝ પઢાવી દઉં. હું ચાહું છું યા રસૂલલ્લાહ ! ﷺ કે આપ મારા ઘરે ચાલો અને મારા ઘરમાં નમાઝ પઢી દો કે હું તેને નમાઝ પઢવાની જગા બનાવી લઉં. એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈન્શા અલ્લાહ ! હું એવું કરીશ. હઝરત ઈત્બાને બતાવ્યું કે બીજા દિવસે સવારે રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ સૂરજ બુલંદ થયા બાદ તશરીફ લાવ્યા. રસૂલુલ્લાહ ﷺએ (ઘરમાં દાખલ થવાની) ઈજાઝત માગી. મેં હુઝૂરને ઈજાઝત આપી. ઘરમાં તશરીફ લાવ્યા બાદ હુઝૂર બેઠા નહીં, ફર્માવ્યું : તમે ક્યાં પસંદ કરો છો કે હું તમારા ઘરમાં નમાઝ પઢું. તો મેં ઘરના એક ખૂણા તરફ ઈશારો કર્યો. રસૂલુલ્લાહ ﷺ ઉભા થયા અને તકબીર કહી. અમે પણ ઉભા થઈ ગયા અને સફ લગાડી. હુઝૂરે બે રકાત નમાઝ પઢી પછી સલામ ફેરવી દીધી.

અમે હુઝૂર ﷺના માટે ખરીઝા (એક પ્રકારનું ખાણુ) તૈયાર કર્યું હતું એના માટે રોકી લીધા. હવે ઘરમાં મહોલ્લાવાળાઓમાંથી ખૂબ જ સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા. તેમનામાંથી કોઈએ કહ્યું, માલિક બિન દુખ્શુન અથવા દુખૈશિન ક્યાં છે ? કોઈએ કહ્યું, તે મુનાફિક઼ છે, અલ્લાહ અને તેના રસૂલથી મહોબ્બત નથી રાખતો. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવું ન કહો, શું તમે નથી જાણતા કે તેણે અલ્લાહ جل جلالہ ની રઝા માટે "લાઈલાહ ઈલ્લલ્લાહ" પઢયું છે. એ શખ્સે અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ સારી રીતે જાણે છે. અમે એનું ધ્યાન તથા તેની ખૈર ખ્વાહી મુનાફિક઼ો તરફ જોઈએ છીએ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે અલ્લાહની રઝાની તલબના માટે لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ પઢી લીધું, અલ્લાહે તેને જહન્નમ પર હરામ કરી આપેલ છે.

*(સહીહ બુખારી, ૧/૬૦, કિતાબુસ્સલાત, મજલિસ, બરકાત, નુઝહતુલ ક઼ારી, ૨/૪૧૫, ૪૧૬, કિતાબુસ્સલાત, દાઈરતુલ બરકાત, ઘૌસી)*

સરકાર ﷺએ હઝરત માલિક બિન દુખ્શુનનાં બારામાં ફર્માવ્યું :

لا تَقُلْ ذٰلِكَ ، اَلَا تَرَاهُ قَدْ قَالَ : "لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ" يُرِيدُ بِذٰلِكَ وَجْهَ اللّٰهِ

તેને મુનાફિક઼ ન કહો, શું તમે નથી જાણતા કે : "તેણે અલ્લાહ عزوجل تعالٰی ની રઝાના ઈરાદાથી لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ કહ્યું છે."

બીજી રિવાયતમાં يُرِيدُ بِذٰلِكَ'ની જગાએ يَبْتَغِي بِذٰلِكَ وَجْهَ اللهِ છે, એટલે "અલ્લાહની રઝા ચાહતાં તેણે કલમો પઢયો છે."

*(સહીહ બુખારી, ૧૧/૧૫૮, કિતાબુત્તહજ્જુદ, મજલિસે બરકાત)*

અલ્લાહની "રઝાનો ઈરાદો" દિલનું કાર્ય છે અને અલ્લાહની "રઝા ચાહવું" પણ દિલનું કાર્ય છે. તો સરકાર ﷺ આ ખબર આપી રહ્યા છે કે માલિક બિન દુખ્શુને દિલથી કલમો પઢયો છે. તેણે અલ્લાહની રઝાના ઈરાદાથી અને તેની રઝા હાંસલ કરવા માટે કલમો પઢયો છે. એવું નથી કે મુનાફિકોની જેમ ઝબાનથી પઢી લે અને દિલમાં કુફ્ર છુપાવી રાખે.

તો આ ઈર્શાદે પાકના પછી સરકાર ﷺએ હઝરત માલિક બિન દુખ્શુનના દિલમાં છુપાયેલ ઈમાન તથા તસ્દીક (સમર્થન)ની ખબર આપી છે.

ઈમામ નવવી رحمۃ اللہ علیہ આ હદીષ હેઠળ લખે છે :

قَدْ نصَّ النبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ علىٰ إيمانه باطِنًا و براءته من النّفاق۔

"યકીનન ! નબી કરીમ ﷺએ સ્પષ્ટતા કરી આપી કે તે દિલથી મો'મિન છે અને નિફાકથી મુક્ત છે." *(અલ્ મિન્હાજ શરહુસ્સહીહુલ મુસ્લિમ બિન હજ્જાજ, ૧/૪૬, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

## ★ એક ખબર : રહસ્યમય પત્ર, પત્ર ધરાવનાર અને ગિરફ્તારીના સ્થળની ખબર ★

### (હદીષ નંબર : ૨૯)

أَخْبَرَنِي عُبَيْدُ اللهِ بْنُ أَبِي رَافِعٍ قَالَ: سَمِعْتُ عَلِيًّا رضى الله عنه يَقُولُ: بَعَثَنِي رَسُولُ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَا وَالزُّبَيْرَ وَالْمِقْدَادَ بْنَ الأَسْوَدِ، وَ قَالَ: انْطَلِقُوا حَتَّى تَأْتُوا رَوْضَةَ خَاخٍ، فَإِنَّ بِهَا ظَعِينَةً وَمَعَهَا كِتَابٌ، فَخُذُوهُ مِنْهَا. فَانْطَلَقْنَا تَعَادَى بِنَا خَيْلُنَا حَتَّى انْتَهَيْنَا إِلَى الرَّوْضَةِ، فَإِذَا نَحْنُ بِالظَّعِينَةِ. فَقُلْنَا: أَخْرِجِي الْكِتَابَ. فَقَالَتْ: مَا مَعِي مِنْ كِتَابٍ. فَقُلْنَا : لَتُخْرِجِنَّ الْكِتَابَ أَوْ لَنُلْقِيَنَّ الثِّيَابَ. فَأَخْرَجَتْهُ مِنْ عِقَاصِهَا ، فَأَتَيْنَا بِهِ رَسُولَ الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ، فَإِذَا فِيهِ :

''مِنْ حَاطِبِ بْنِ أَبِي بَلْتَعَةَ إِلَى أُنَاسٍ مِنَ الْمُشْرِكِينَ مِنْ أَهْلِ مَكَّةَ، يُخْبِرُهُمْ بِبَعْضِ أَمْرِ رَسُولِ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔''

فَقَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : يَا حَاطِبُ ، مَا هٰذَا ؟ قَالَ: يَا رَسُولَ اللهِ ! لاَ تَعْجَلْ عَلَيَّ، إِنِّي كُنْتُ امْرَأً مُلْصَقًا فِي قُرَيْشٍ، وَلَمْ أَكُنْ مِنْ أَنْفُسِهَا، وَكَانَ مَنْ مَعَكَ مِنَ الْمُهَاجِرِينَ لَهُمْ قَرَابَاتٌ بِمَكَّةَ، يَحْمُونَ بِهَا أَهْلِيهِمْ وَأَمْوَالَهُمْ، فَأَحْبَبْتُ إِذْ فَاتَنِي ذٰلِكَ مِنَ النَّسَبِ فِيهِمْ أَنْ أَتَّخِذَ عِنْدَهُمْ يَدًا يَحْمُونَ بِهَا قَرَابَتِي، وَمَا فَعَلْتُ كُفْرًا وَلَا ارْتِدَادًا وَلَا رِضًا بِالْكُفْرِ بَعْدَ الإِسْلاَمِ. فَقَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : لَقَدْ صَدَقَكُمْ، قَالَ عُمَرُ : يَا رَسُولَ اللهِ! دَعْنِي أَضْرِبْ عُنُقَ هٰذَا الْمُنَافِقِ. قَالَ: إِنَّهُ قَدْ شَهِدَ بَدْرًا، وَمَا يُدْرِيكَ لَعَلَّ اللهَ أَنْ يَكُونَ قَدِ اطَّلَعَ عَلَى أَهْلِ بَدْرٍ، فَقَالَ : اعْمَلُوا مَا شِئْتُمْ ، فَقَدْ غَفَرْتُ لَكُمْ ،

فقال سُفيانُ : وأيّ إسْنادٍ هٰذا۔

ઓબૈદુલ્લાહ ઈબ્ને અબૂ રાફેઅએ કહ્યું, મેં હઝરત અલી رضی اللہ عنہને આ કહેતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ ﷺએ મને અને ઝુબેર અને મિક્દાદ બિન અસ્વદને મોકલ્યા. ફર્માવ્યું, ચાલતા રહો ત્યાં સુધી કે ''રોઝએ ખાખ'' સુધી પહોંચો. ત્યાં એક (ઊંટના) કાઠલા પર બેઠેલી સ્ત્રી હશે. તેણી પાસે એક પત્ર છે. એ પત્ર તેણી પાસેથી લઈ લો. અમે ચાલ્યા. અમારા ઘોડા અમને દોડાવતા રહ્યા ત્યાં સુધી રોઝા સુધી પહોંચ્યા. ત્યાં અમને એક કાઠલા પર બેઠેલી સ્ત્રી મળી. અમે તેણીને કહ્યું, પત્ર કાઢો ! તેણીએ કહ્યું, મારી પાસે કોઈ પત્ર નથી. અમે કહ્યું, પત્ર કાઢો અથવા કપડાં ઉતારો ! તેણીએ પત્રને પોતાના ચોટલાથી કાઢયો. અમે તે પત્ર લઈને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા. ''આ પત્ર હાતિબ બિન અબી બલ્તઆ તરફથી મક્કાના કેટલાક મુશ્રિકોના નામે હતો. એ મુશ્રિકોને રસૂલુલ્લાહ ﷺની અમુક વાતોની ખબર આપી રહ્યા હતા.''

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે હાતિબ ! આ શું છે ?! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પર જલ્દી ન કરશો, હું કુરેશમાંથી નથી. એમનામાં

આવીને રહેવા લાગ્યો છું. હુઝૂરની સાથે જે મુહાજિરો છે તેમની મક્કામાં સગાઈઓ છે જેના કારણે તેઓ તેમનાં બીવી બચ્ચાં તથા માલોની હિફાઝત કરે છે. મેં એ ચાહ્યું કે જ્યારે કુરૈશથી મારો કોઈ નસબી સંબંધ નથી જેથી હું તેમના પર એક એહસાન કરું જેના કારણે તે લોકો મારાં સગાંઓની તરફદારી કરે. મેં કુફ્ર કે ઈર્તેદાદ (દીનથી ફરી જવું) કે ઈસ્લામ બાદ કુફ્ર પર રાજી રહેવાના કારણે આવું કર્યું નથી.

આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હાતિબ તમને સાચી વાત કહે છે." હઝરત ઉમરે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ "મને ઈજાઝત આપો કે હું આ મુનાફિક઼ની ગરદન ઉડાડી મૂકું !" હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, "આ બદરમાં શરીક થઈ ચૂકેલા છે. અને તમને શું ખબર ! અલ્લાહ તઆલાએ બદરવાળાઓ માટે આ ફર્માવ્યું છે : હવે તમે જે ચાહો કરો, મેં તેમને બખ્શી આપ્યા."

સુફયાને કહ્યું, આ હદીષની સનદ કેટલી ઉમદા છે ! *(નુઝહતુલ ક઼ારી, ૬/૨૫૪, ૨૫૫, ૨૫૬, બાબુલ જેહાદ, દાઈરતુલ બરકાત, ઘોસી)*

આ મુસલમાનોના એક મહત્વના જંગના રાઝની જાસૂસી હતી એટલા માટે શક્ય ત્યાં સુધી ગુપ્ત રાખવાની કોશિશ થઈ હશે. પરંતુ સરવરે કાઈનાત ﷺની ગયબદાનીએ એ "છુપા રાઝ"ને પણ પર જાહેર કરી દીધું.

અમે એવું નથી કહેતા કે હુઝૂર ﷺએ જાતે પોતે એ ગયબ જાણી લીધુ બલ્કે અમે એ એતેક઼ાદ રાખીએ છીએ કે ખુદાએ અલ્લામુલ ગુયૂબની ખબર આપવાથી આપને આ "છુપા રાઝ"નો ઈલ્મ થયો. وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ (અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે જાણતા ન હતા. સૂરએ નિસાઅ, ૪/૧૧૩)

જેથી સાબિત થયું કે સરકાર ﷺને ગયબ પર જાણકારી છે અને આ જાણકારી તદ્દન ફઝ્‌લે ખુદાવંદી છે.

## ★ આખરી જહન્નમી તથા આખરી જન્નતીના બારામાં યક઼ીની ઈલ્મનું પ્રદર્શન અને તેના પર રબ્બાની ઈનામોની ખબર ★

**(હદીષ નંબર : 30)**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُودٍ، قَالَ : قَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : ((إِنِّي

لأَعْلَمُ آخِرَ أَهْلِ النَّارِ خُرُوجًا مِنْهَا، وَآخِرَ أَهْلِ الْجَنَّةِ دُخُولاً الْجَنَّةَ.

رَجُلٌ يَخْرُجُ مِنَ النَّارِ حَبْوًا، فَيَقُولُ اللهُ تَعَالَى لَهُ: اذْهَبْ فَادْخُلِ الْجَنَّةَ، فَيَأْتِيهَا، فَيُخَيَّلُ إِلَيْهِ أَنَّهَا مَلأَى، فَيَرْجِعُ، فَيَقُولُ : يَا رَبِّ، وَجَدْتُهَا مَلأَى، فَيَقُولُ اللهُ تَعَالَى لَهُ : اذْهَبْ فَادْخُلِ الْجَنَّةَ، قَالَ: فَيَأْتِيهَا فَيُخَيَّلُ إِلَيْهِ أَنَّهَا مَلأَى، فَيَرْجِعُ فَيَقُولُ: يَا رَبِّ وَجَدْتُهَا مَلأَى ، فَيَقُولُ اللهُ تعالى لَهُ : اذْهَبْ، فَادْخُلِ الْجَنَّةَ، فَإِنَّ لَكَ مِثْلَ الدُّنْيَا وَعَشَرَةَ أَمْثَالِهَا۔

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે બેશક ! હું આખરી જહન્નમીને જે જહન્નમથી નીકળશે અને આખરી જન્નતીને જે જન્નતમાં દાખલ થશે જરૂર જાણુ છું. આ તે માણસ છે જે જહન્નમથી ઘસડાતો ઘસડાતો નીકળશે. તો અલ્લાહ તઆલા તેને કહેશે જાવ ! જન્નતમાં દાખલ થઈ જાવ ! સરકાર ﷺ ફર્માવે છે કે તે જન્નતમાં જશે તો તેને ખયાલ આવશે કે તે ભરાઈ ચૂકી છે તો તે પરત ચાલ્યો આવશે અને અર્ઝ કરશે, પરવરદિગાર ! જન્નત તો ભરાઈ ચૂકી છે ! તો અલ્લાહ તઆલા તેને ફર્માવશે, જાવ ! જન્નતમાં દાખલ થઈ જાવ ! હુઝૂર ફર્માવે છે કે તે બીજીવાર જન્નતમાં જશે તો એવું સમજશે કે જન્નત ભરેલી છે, તો પરત આવી જશે અને અર્ઝ કરશે, મારા રબ ! જન્નત તો મને ભરેલી મળી ! તો અલ્લાહ તઆલા ફર્માવશે, જાવ ! અને જન્નતમાં દાખલ થઈ જાવ ! કે તારા માટે જન્નતની વિશાળતા તથા ફેલાવો દુનિયાના બરાબર છે અને એનુ દસ ગણુ અધિક વધુ.

*(સહીહ મુસ્લિમ, ૧/૧૦૫, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

## ★ જહન્નમથી સૌથી આખરમાં નજાત પામનારની બખ્શિશનો દિલચસ્પ બનાવ તથા મહત્વની ગયબી ખબર ★

**(હદીષ નંબર : 31)**

عَنْ أَبِي ذَرٍّ قَالَ : قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ : ((إِنِّي لَأَعْلَمُ آخِرَ أَهْلِ الْجَنَّةِ دُخُولاً الْجَنَّةَ، وَآخِرَ أَهْلِ النَّارِ خُرُوجًا مِنْهَا، رَجُلٌ يُؤْتَى بِهِ يَوْمَ

الْقِيَامَةِ فَيُقَالُ: اعْرِضُوا عَلَيْهِ صِغَارَ ذُنُوبِهِ وَارْفَعُوا عَنْهُ كِبَارَهَا . فَتُعْرَضُ عَلَيْهِ صِغَارُ ذُنُوبِهِ، فَيُقَالُ: عَمِلْتَ يَوْمَ كَذَا وَكَذَا، كَذَا وَكَذَا وَعَمِلْتَ يَوْمَ كَذَا وَكَذَا، كَذَا وَكَذَا، فَيَقُولُ: نَعَمْ! لا يَسْتَطِيعُ أَنْ يُنْكِرَ وَهُوَ مُشْفِقٌ مِنْ كِبَارِ ذُنُوبِهِ أَنْ تُعْرَضَ عَلَيْهِ. فَيُقَالُ لَهُ: فَإِنَّ لَكَ مَكَانَ كُلِّ سَيِّئَةٍ حَسَنَةٌ. فَيَقُولُ : رَبِّ قَدْ عَمِلْتُ أَشْيَاءَ لاَ أَرَاهَا هٰهُنَا. فَلَقَدْ رَأَيْتُ رَسُولَ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ضَحِكَ حَتَّى بَدَتْ نَوَاجِذُهُ۔

હઝરત અબૂ ઝર ગિફારી رضی اللہ عنہનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : વિના શંકાએ હું યક઼ીનની સાથે એ માણસને જાણુ છું જે સૌથી છેલ્લે જન્નતમાં પ્રવેશ કરશે અને જહન્નમથી સૌથી છેલ્લે નીકળશે. આ તે માણસ છે જે કયામતના દિવસે બારગાહે ઈલાહીમાં રજૂ થશે તો હુકમ થશે કે તેના નાના ગુનાહ તેની સામે લાવો અને મોટા મોટા ગુનાહ અલગ રાખો. તો તેના નાના ગુનાહ તેની નજરો સામે કરી દેવામાં આવશે અને તેને કહેવામાં આવશે : તેં ફલાણા ફલાણા દિવસે આ અને આ ગુનાહ કર્યા હતા અને ફલાણા ફલાણા દિવસે તે અને તે ગુનાહ કર્યા હતા. તો તે કહેશે, હા ! તે ના પાડી શકશે નહીં. અને તે ડરી રહ્યો હશે કે ક્યાંક તેના મોટા ગુનાહ પણ પેશ કરી દેવામાં ન આવે. હવે તેને કહેવામાં આવશે કે, "તારા માટે દરેક ગુનાહની જગાએ એક (નેકી)નો બદલો છે." ત્યારે તે બોલી ઉઠશે કે, "પરવરદિગાર ! મેં કાંઈક અન્ય પણ ગુનાહ કરેલા છે જેને હું અહીં નથી જોઈ રહ્યો." હઝરત અબૂ ઝર ફર્માવે છે કે મેં આ મોક઼ા પર રસૂલુલ્લાહ ને જોયા કે આપ હસી પડયા, ત્યાં સુધી કે આપની દાઢના દાંત પણ જાહેર થઈ ગયા.

## ★ જહન્નમથી મુક્ત આખરી જન્નતીના બનાવમાં ગયબદાનીની વિવિધ સાક્ષીઓ ★

આ હદીષોમાં હુઝૂર સૈયદે આલમ ﷺની ગયબદાનીની વિવિધ સાક્ષીઓ મૌજૂદ છે. દ.ત. :–

❀ આપને યક઼ીનની સાથે માલૂમ છે કે જહન્નમથી નીકળનાર આખરી

જહન્નમી અને જન્નતમાં જનાર આખરી જન્નતી કોણ છે.

- ❀ એની (જન્નતી) સામે પ્રથમ તેના નાના ગુનાહો લાવવામાં આવશે પછી દરેક ગુનાહને નેકીથી બદલી દેવામાં આવશે.
- ❀ પ્રારંભમાં જ્યારે તે પોતાના ગુનાહ જોશે તો ડરી જશે, પછી લુત્ફે યઝદીથી એનો હોંસલો એટલો બુલંદ થઈ જશે કે તે પોતાના કબીરા (મોટા) ગુનાહ રજૂ ન થવાની શિકાયત કરશે.
- ❀ તે જહન્નમથી સીટભેર ઘસડાતો ઘસડાતો નીકળશે.
- ❀ તે બે વાર જન્નતમાં જશે અને એવું સમજશે કે જન્નત ભરાઈ ચૂકી છે એટલા માટે દરેક વખતે પરત આવીને બારગાહે ઈલાહીમાં અરજ કરશે કે જન્નત તો ભરાય ચૂકી છે.
- ❀ પછી અલ્લાહ તઆલા એ જન્નતને દુનિયા બરાબર, પછી તેની દસગણી અધિક વિશાળ કરી આપશે અને તેને હુકમ થશે કે હવે જન્નતમાં ચાલ્યો જા.

આ સાક્ષીઓ એક મુસ્લિમ માટે એ માની લેવા માટે પૂરતી છે કે હુઝૂર ﷺ ખુદાએ કરીમની અતાથી ગયબી બાબતો જાણે છે.

## ★ એકત્રીસ હદીષોનો સાર ★

આ એકત્રીસ હદીષો છે જેનાથી સર્વાંશે એ વાત સાબિત થાય છે કે હુઝૂર સૈયદે આલમ ﷺને ખુદાએ અલ્લામુલ ગુયૂબે અગણિત ગયબી ઈલ્મો અતા કર્યા છે. એ જ અગણિતમાં મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના સર્વ ગયબી ઈલ્મો પણ સામેલ છે. હા ! આપને આ સર્વ ઈલ્મો એકી સાથે અને એક જ સમયમાં નથી અતા કરવામાં આવ્યા, બલ્કે વિવિધ સમયોમાં અતા કરવામાં આવતા રહ્યા, ત્યાં સુધી કે નુઝૂલે કુર્આનની પરિપૂર્ણતાની સાથે આપને સૃષ્ટિની પેદાઈશથી કયામત સુધી, અને જન્નતીઓના જન્નતમાં અને જહન્નમીઓના જહન્નમમાં જવા સુધીના સર્વ ગયબો અતા કરી દેવામાં આવ્યા. અલ્લાહ عزوجل એ પોતાની કિતાબને تِبْیَانًا لِّکُلِّ شَیْءٍ "દરેક ચીજનું રોશન વર્ણન" (સૂરએ નહ્લ, ૧૬/૮૯) બતાવ્યું છે, તો એનો મતલબ એ જ છે કે પૂરી કિતાબ દરેક ચીજનું રોશન બયાન છે. એટલા માટે સર્વ **કાન વમા યકૂન** (ભૂત, વર્તમાન,

ભાવિ)નો ઈલ્મ સમગ્ર કિતાબના નુઝૂલની સાથે માનવામાં આવે છે.

એનાથી પહેલાં અંશિક રીતે કેટલાક એવા હાલાત તથા બનાવો પેશ આવી શકે છે જેનો ઈલ્મ આપને ન હોય અને બાદમાં બતાવવામાં આવે. કેટલાક ખાસ સંજોગોમાં આપ આજીજી રૂપે પણ ઈલ્મે ગયબને નકારી આપે છે અથવા કોઈ મસ્લેહતના આધારે મૌન અપનાવતા હતા.

## ઈલ્મે ગયબના નકારની દલીલો

કિતાબ તથા સુન્નતમાં એવી નસો (આયતો તથા હદીષો) પણ જોવા મળે છે જેનાથી જાહેરી રીતે આપના ગયબના જાણકાર હોવાનો નકાર થાય છે. દા.ત. :–

**આયત–૦૧** :– રબ તઆલાનો ઈર્શાદ છે :–

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ ۚ وَمَا يَشْعُرُوْنَ اَيَّانَ يُبْعَثُوْنَ ۝

"હે મહબૂબ ! ફર્માવી દો કે જે લોકો આસ્માનો અને જમીનમાં છે તે ગયબને નથી જાણતા પણ અલ્લાહ. અને એ પણ નથી જાણતા કે ક્યારે ઉઠાવવામાં આવશે." *(સૂરએ નમ્લ, ૨૭/૬૫)*

જ્યારે કે કુર્આન મજીદની વિવિધ આયતોમાં નબીઓ તથા રસૂલો ગયબ જાણનાર હોવાનું વર્ણન છે તો શું આ આયતોમાં ખુદાની પનાહ વિરોધાભાસ છે ?!

**આયત–૦૨** : وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ ۚ "અલ્લાહની જ પાસે ગયબની ચાવીઓ છે, ગયબ અલ્લાહ જ જાણે છે." *(સૂરએ અન્આમ, ૬/૫૯)*

જ્યારે કે વિવિધ મુબારક આયતોમાં આપે પઢ્યું કે અલ્લાહના ખબર આપવાથી નબી પણ ગયબ જાણે છે, તો શું આ આયત એ આયતોથી વિરુદ્ધ છે ?!

**આયત–૦૩** : રબનો ઈર્શાદ છે :–

اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ وَيُنَزِّلُ الْغَيْثَ ۚ وَيَعْلَمُ مَا فِي الْاَرْحَامِ ۚ وَمَا تَدْرِيْ نَفْسٌ مَّاذَا تَكْسِبُ غَدًا ۚ وَمَا تَدْرِيْ نَفْسٌ بِاَيِّ اَرْضٍ تَمُوْتُ ۚ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ۝

"બેશક ! અલ્લાહની જ પાસે કયામતનો ઈલ્મ છે ❑ અને તે જ વરસાદ વરસાવે છે અને ❑ જાણે છે જે કાંઈ માના પેટમાં છે ❑ અને કોઈ નથી જાણતુ

કે તે કાલે શું કરશે ❑ અને કોઈ નથી જાણતું કે તે કઈ જમીનમાં મરશે. બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે.'' *(સૂરએ લુકમાન, ૩૧/૩૪)*

આ પાંચેવ ચીજો جمیع ما کان و ما یکون (ભૂત, વર્તમાન, ભાવિ)માં સામેલ છે એટલા માટે હુઝૂર ﷺ ખુદા પાકના બતાવ્યાથી સર્વ ગયબોથી વાકેફ છે. બલ્કે જુઝઈ તૌર પર એની ગવાહીઓ પણ નબવી હદીષોમાં મૌજૂદ છે, તો શું એ ઘણી બધી સહીહ હદીષો આ આયતે કરીમાથી વિરુદ્ધ છે ?!

હક્ક઼ એ છે કે ન મુબારક આયતોની વચ્ચે આપસમાં કોઈ ટકરાવ છે અને ન તો આયતો તથા નબવી હદીષોનો અર્થ મતલબ અલગ અલગ છે. હવે એમના વચ્ચે તત્બીક઼ (વર્ગીકરણ)ની વિવિધ સ્થિતિઓ જુઓ :–

## ★ તત્બીક઼ (વર્ગીકરણ)ની વિવિધ સ્થિતિઓ ★

જે આયતો તથા હદીષોમાં ગૈરુલ્લાહથી ઈલ્મે ગયબની નફી (નકાર) કરવામાં આવેલ છે ત્યાં એનાથી મુરાદ ગયબનો ઝાતી ઈલ્મ છે. જે કોઈની અતા તથા બતાવ્યા વિના ખુદ રબની ઝાતના માટે હમેશાંથી હમેશાં માટે હાંસલ છે. એને કેટલાક ઉલમા 'ઈલ્મે ઈસ્તેક઼લાલી' પણ કહે છે કે આ ઈલ્મ અલ્લાહની જાત માટે મુસ્તક઼િલ તૌર પર કોઈ વાસ્તા વિના હાંસલ છે.

અને જે આયતો તથા હદીષોમાં અંબિયા તથા સૈયદુલ અંબિયા ﷺના માટે ઈલ્મે ગયબની સાબિતી આપવામાં આવી છે ત્યાં એનાથી મુરાદ ગયબનો અતા કરવામાં આવેલ તથા બતાવવામાં આવેલો ઈલ્મ છે. જેના માટે કિતાબ તથા સુન્નતમાં વિવિધ તાબીરો અપનાવવામાં આવેલી છે. દા.ત. :–

☆ تنزیل، تِبیان ☆ اِطلاع علیَ الغیب ☆ اِظہار علَی الغیب

☆ تعلیم ☆ وإعلام ☆ جَلاہ لِنبیّہ ☆ وَضَعَ یَدَہٗ بین کتِفَیّ

વગેરે શબ્દો જે અલ્લાહ عزوجل تعالٰیની તરફથી ગયબનો ઈલ્મ આપવામાં આવવા પર દલીલો પુરવાર કરે છે. આ વહેંચણી પહેલેથી ઉલમાએ દીન કરતા આવ્યા. દા.ત. અલ્લામા મુહમ્મદ અબ્દુર્રઉફ મુનાદી رحمۃ اللہ علیہ (હિ.સ. ૯૫૩–૧૦૩૧) લખે છે :– وقد وجدنا ذلك لغير واحد ''નબી કરીમ ﷺના ઈર્શાદ : ''એ પાંચ ગયબોને અલ્લાહ સિવાય કોઈ નથી જાણતુ''થી મુરાદ એ

છે કે અલ્લાહ સિવાય કોઈને એ ગયબોનો ઝાતી ઈલ્મ નથી કે એ તેની જાતથી હાંસલ થાય, પરંતુ ખુદાના બતાવવાથી આ ગયબો માલૂમ થઈ જાય છે. અને બેશક ! અને બેશક ! એવા ખાસ લોકો મૌજૂદ છે જે એમને જાણે છે.

*(ફયઝુલ કદીર શરહુલ જામિઉસ્સગીર, ૫/૫૨૬, હ–૮૧૯૦, બૈરૂત)*

જ્યારે ગયબની સાબિતીની આયતો તથા હદીષોમાં ઈલ્મે ગયબથી મુરાદ અતાઈ તથા બતાવવામાં આવેલ ઈલ્મ છે. તો અહીંથી નિશ્ચિત થઈ જાય છે કે ગયબની આયતો તથા હદીષોમાં ગયબથી અતાઈ તથા બતાવવામાં આવેલ ઈલ્મના સિવાય કાંઈક અન્ય મુરાદ છે, એને આપણે ''ઈલ્મે ગયબે ઝાતી વ ઈસ્તિક઼લાલી''થી તાબીર કરીએ છીએ.

વહાબી ફિર્કો હઝરાત અંબિયાએ કિરામ તથા સૈયદુલ અંબિયા عَلَيْهِمُ السَّلَامથી ઈલ્મે ગયબની નફી (નકાર)માં જેટલી આયતો તથા હદીષો પેશ કરે છે તેમનામાં ઝાતી ઈલ્મ તથા ઈસ્તિક઼લાલી ઈલ્મનો નકાર છે કે એ હઝરાત ખુદ બખુદ અલ્લાહના આપ્યા વિના અને તેના બતાવ્યા વિના ઈલ્મે ગયબ નથી ધરાવતા. એમાં اِطِّلَاع અથવા اِظْهَار عَلَى الْغَيْب જેવો કોઈ શબ્દ નથી જેનાથી એ ખયાલ થાય કે એ હઝરાતથી અતાઈ ઈલ્મનો નકાર કરવામાં આવેલ છે.

આપણે સર્વ આયતો તથા હદીષો પર ઈમાન ધરાવીએ છીએ એટલા માટે બંને પ્રકારની આયતો તથા હદીષોમાં તેમના જ શબ્દો તથા વાક્યોને લક્ષમાં રાખીને તત્બીક઼ (વર્ગીકરણ) કરીએ છીએ અને **જે લોકો અંબિયાએ કિરામ તથા સૈયદુલ અંબિયા** عليه الصلوة والسلام**ની ગયબદાનીનો મુત્લક઼ન ઈન્કાર કરે છે તે લોકો ગયબની સાબિતીની આયતો તથા હદીષોનો ઈન્કાર કરે છે !** છેવટે જ્યારે અલ્લાહ عزوجل تعالى એ તેમને ઈલ્મે ગયબથી સરફરાઝ કર્યા છે, જેવું કે અમારી પેશ કરેલી આયતોથી સાબિત છે તો તેનો ઈન્કાર કેમ કરવામાં આવે છે અને ન કેવળ ઈન્કાર બલ્કે ખૂબ બહાદુરીપૂર્વક તેને શિર્ક પણ કહેવામાં આવે છે.

**તત્બીક઼ (વર્ગીકરણ)–૨ :** જે આયતો તથા હદીષોથી એ સાબિત થાય છે કે ઈલ્મે ગયબ ખાસ ખુદા માટે છે. અલ્લાહ ﷻ સિવાય કોઈ નથી જાણતુ એમાં ઈલ્મે ગયબથી મુરાદ ઈલ્મે મુહીત તફસીલી છે, અને જે આયતો તથા હદીષોમાં ખાસ બંદાઓના માટે ઈલ્મે ગયબની સાબિતી છે એમાં ''ઈલ્મે

ગયબ''થી મુરાદ ગૈર મુહીત ઈજમાલી છે.

રબનો ઈર્શાદ છે :–

- وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ''અલ્લાહ દરેક ચીજને જાણે છે.''
*(સૂરએ અહઝાબ, ૩૩/૪૦)*
- وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ مُّحِيْطًا ''અલ્લાહે દરેક ચીજને ઘેરેલ છે.''
*(સૂરએ નિસાઅ, ૪/૧૨૬)*
- وَّاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ عِلْمًا ''અને બેશક ! અલ્લાહના ઈલ્મે દરેક ચીજને ઘેરેલ છે.'' *(સૂરએ તલાક઼, ૬૫/૧૨)*
- وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا بِمَا شَآءَ ''અને તે એની માલૂમાતમાંથી થોડાને પણ ઘેરી નથી શક્તા પણ **જેટલુ તે ચાહે.**'' *(સૂરએ બક઼રહ, ૨/૨૫૫)*
- وَمَآ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا ''અને તમને થોડોક જ **ઈલ્મ આપવામાં આવ્યો** છે.'' *(સૂરએ ઈસ્રા, ૧૭/૮૫)*

સર્વ કાંઈ માલૂમ હોય તો ''ઈલ્મે મુહીત'' છે અને થોડુક માલૂમ હોય, અમુક ન માલૂમ હોય તો ''ઈલ્મે ગયરે મુહીત'' છે.

આ બંને પ્રકારની તત્બીક઼ો પહેલાંના ઉલમાએ કરી છે. જેમ કે ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ પોતાના ''ફતાવા હદીષિયા''માં ફર્માવે છે : ''આયતમાં ગૈર ખુદાથી ઈલ્મે ગયબના નકારનો એ અર્થ છે કે ★ ગયબ પોતાની જાતે કોઈના બતાવ્યા વિના જાણવો ★ અને એવો ઈલ્મ કે જમીઅ માલૂમાતને મુહીત (સર્વ ઈલ્મને ઘેરનાર) થઈ જાય છે, એ અલ્લાહ સિવાય કોઈને નથી.''
*(અંબાઉલ મુસ્તફ઼ા, પેજ–૨૧, ૨૨, બરૈલી)*

**હા ! એ અલગ વાત છે કે મુત્લક઼ ઈજમાલી (થોડોક) ઈલ્મ પણ જાતે એટલો અતિ અધિક છે કે** علمِ ما کان و ما یکون **(ભૂત, વર્તમાન, ભાવિ)ના ઈલ્મને સમાવે છે.**

**તત્બીક઼ (વર્ગીકરણ)–૩** : ક્યાં તે આયતો તથા હદીષો જેમનામાં બંદાઓથી ઈલ્મે ગયબનો નકાર કરવામાં આવેલ છે, તે એવા સમયની છે જ્યારે અલ્લાહે આપને એ બનાવોનો ઈલ્મ આપ્યો ન હતો. એના અનુસંધાનમાં ઈમામે

અહલે સુન્નત, મુજદિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અને જયારે કે આ ઈલ્મ (جمیع ما کان و ما یکون) કુર્આને અઝીમના تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ "દરેક ચીજનું રોશન વર્ણન" (સૂ. નહલ, ૧૬/૮૯) હોવાનો આપ્યો અને પૂરી રીતે જાહેર છે કે આ વસ્ફ (ખૂબી) સર્વ કલામ મજીદનો છે ન દરેક આયત ન સૂરતનો. જો સંપૂર્ણ કુર્આન શરીફના નુઝૂલ પહેલાં જો અમુક અંબિયા علیہم السلام ની નિસ્બત ઈર્શાદ થયો : لَّمْ نَقْصُصْ عَلَيْكَ "અમુક અંબિયાના અહવાલ તમને વર્ણન નથી થયા." (સૂ. મુઅમિન, ૪૦/૭૮) અથવા મુનાફિકોના પ્રકરણમાં ફર્માવવામાં આવે : لَا تَعْلَمُهُمْ "તમે એમને નથી જાણતા." (૯/૧૦૧) તો એ કદાપિ એ આયતોના વિરૂધ્ધ તથા ઈલ્મે મુસ્તફવીના ઘેરાવને નકારનાર નથી.

અલ્હમ્દુલિલ્લાહ ! વહાબીઓ જેવી રીતે કિસ્સાઓ તથા રિવાયતો અને ખબરો તથા હિકાયતો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના મહાન ઈલ્મને ઘટાડવા માટે કતઈ કુર્આની આયતોની સરખામણીમાં પેશ કરે છે તે સૌનો જવાબ આ જ વાક્યોમાં થઈ ગયો.

આ કિસ્સા તથા રિવાયતો બે સ્થિતિથી ખાલી નથી : (૧) ક્યાં તો કિસ્સાઓનો ઈતિહાસ માલૂમ હશે. (૨) અથવા નહીં."

મિશ્કાતના બાબુલ બકા વલ્ખૌફમાં લખ્યું છે કે બુખારીએ વર્ણવ્યું કે નકલ કર્યું ઉમ્મુલ અલાએ કે કહ્યું, પયગંબરે ખુદા ﷺએ કહ્યું છે કે, કસમ અલ્લાહની કે નથી જાણતો હું જયારે કે હું રસૂલુલ્લાહ છું કે શું મામલો થશે મારાથી, અને શું તમારી સાથે.

એટલે જે કાંઈ કે અલ્લાહ પોતાના બંદાઓથી મામલો કરશે ચાહે દુનિયામાં, ચાહે કબરમાં, ચાહે આખેરતમાં, તો એની હકીકત કોઈને માલૂમ નથી, ન નબીને, ન વલીને, ન પોતાનો હાલ ન બીજાઓનો.

*(તકવિયતુલ ઈમાન, પેજ–૨૩, રાશિદ કંપની, દેવબંદ)*

આ દલીલ કેટલી મજબૂત છે એને ઈમામે અહલે સુન્નતથી સાંભળો :

- ❑ એને એક તરફ રાખીએ કે આ હદીષ ખુદ આહાદ છે.

- ❑ એને એક તરફ રાખીએ કે આ ક્યા સમયનો આદેશ છે.
- ❑ ખુદ બુખારી તથા મુસ્લિમની સહીહ હદીષોમાં તેની નાસિખ મૌજૂદ છે કે :

જ્યારે આયતે કરીમા : لِّيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَ مَا تَاَخَّرَ જેથી અલ્લાહ તમારા સબબથી ગુનાહ માફ કરશે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના. સૂ. ફતહ, ૪૮/૨) ઉતરી તો સહાબાએ અર્ઝ કરી :

هنِيًا لك يَا رسول الله، لَقَدْ بَيَّنَ اللّٰهُ لكَ مَاذَا يُفْعَلُ بِكَ، فَمَاذا يُفْعَلُ بِنَا يَا رسول الله ؟

હુઝૂરને મુબારક થાય ! ખુદાની કસમ ! એ તો અલ્લાહ ﷻએ સ્પષ્ટ વર્ણવી આપ્યું કે હુઝૂરની સાથે શું થશે ? હવે રહ્યું એ કે અમારી સાથે શું થશે ? એના પર આયતે કરીમા ઉતરી

لِّيُدْخِلَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَ يُكَفِّرَ عَنْهُمْ سَيِّاٰتِهِمْ ؕ وَ كَانَ ذٰلِكَ عِنْدَ اللّٰهِ فَوْزًا عَظِيْمًاۙ

(જેથી ઈમાનવાળા પુરૂષો અને ઈમાનવાળી સ્ત્રીઓને બાગોમાં લઈ જાય જેની નીચે નહેરો વહે છે. હમેશાં એમાં રહેશે અને એમની બુરાઈઓ એમનાથી ઉતારી દે અને આ અલ્લાહને ત્યાં મહાન કામયાબી છે." સૂ. ફતહ, ૪૮/૫)

*(રિસાલા અંબાઉલ મુસ્તફા, પેજ–૮, ફતાવા રઝવિય્યહ, ૧૮/૬૧૩, કિતાબુલ અક઼ાઈદ વલ કલામ, રિસાલા અંબાઉલ મુસ્તફા, ઈમામ અહમદ રઝા એકેડમી–બેરલી શરીફ)*

આ લખાણથી અમુક વાતો માલૂમ પડી :–

**અ.** ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)એ ઈલ્મે ગયબના નકારના માટે જે હદીષ નકલ કરી છે તે અખ્બારે આહાદથી છે, જ્યારે કે આપના માટે ઈલ્મે ગયબની સાબિતી કુર્આન હકીમની ક઼તઈ આયતોથી છે, અને ક઼તઈ આયતોની સામે (મુકાબલામાં) ખબરે વાહિદથી જે ઝન્ની છે દલીલ કરવી નિરર્થક છે.

**બ.** સહીહ બુખારી તથા મુસ્લિમની ઉપરોક્ત હદીષથી જાહેર થાય છે કે "વહાબીઓના ઈમામની વર્ણવેલ હદીષ કુર્આની આયત لِّيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَمَا تَاَخَّرَ પહેલાંની છે જેનાથી સાબિત થાય છે કે હુઝૂર ﷺને એ માલૂમ છે કે આપની સામે અલ્લાહ શું મામલો કરશે, અને એ પણ માલૂમ છે કે આપના સહાબીઓની સાથે શું મામલો

કરશે અને તે "ફૌઝે અઝીમ" છે, બલ્કે જયારે કુર્આનમાં આવી ગયું કે અલ્લાહ તઆલા હુઝૂર ﷺની સાથે શું મામલો કરશે તો એ તો સૌને માલૂમ થઈ ગયું. એટલા માટે મુસલમાનોનો અકીદો છે કે હુઝૂર ﷺને યકીનન ! માલૂમ છે કે અલ્લાહ આપની સાથે શું મામલો કરશે. આ છે ઈમામે અહલે સુન્નતની હદીષની સમજ !

તેમજ ઈમામે અહલે સુન્નત ફર્માવે છે : અને તેનો એ કૌલ છે કે, "હુઝૂર ﷺને પોતાની તથા પોતાની ઉમ્મતના ખાત્માનો હાલ માલૂમ નથી" **એ કુફ્ર છે કેમ કે એ ઘણી બધી રોશન આયતોનો ઈન્કાર છે.**

અલ્લાહ તઆલા ફર્માવે છે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى "હે મહબૂબ ! યકીનન ! આપની આખેરત દુનિયા કરતાં બેહતર છે." *(સૂરએ દોહા, ૯૩/૪)*

અને ઈર્શાદ ફર્માવે છે : وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى "યકીનન ! નજીકમાં જ આપનો રબ આપને એટલુ આપશે કે આપ રાજી થઈ જશો."

*(સૂરએ દોહા, ૯૩/૫)*

અને અલ્લાહ ફર્માવે છે :–

يَوْمَ لَا يُخْزِى اللّٰهُ النَّبِىَّ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۚ نُوْرُهُمْ يَسْعٰى بَيْنَ اَيْدِيْهِمْ

"એ દિવસે અલ્લાહ બેઈજ્જત (રુસ્વા) નહીં કરે નબીને, ન ઈમાનવાળાઓને જે આપની સાથે છે, તેમનું નૂર તેમની આગળ પાછળ દોડી રહ્યું હશે."

*(સૂરએ તહરીમ, ૬૬/૮)*

તેમજ અલ્લાહ તઆલા ફર્માવે છે :

عَسٰۤى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا "નજીકમાં જ આપને આપનો રબ 'મકામે મહમૂદ' અતા ફર્માવશે." *(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૯)*

તેમજ ફર્માવે છે :–

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا

"અલ્લાહ તો એ જ ચાહે છે હે નબીનાં ઘરવાળાંઓ ! કે તમારાથી દરેક નાપાકી

દૂર કરી આપે અને તમને પાક કરીને ખૂબ સુથરા કરી દે." *(સૂરએ અહઝાબ, ૩૩/૩૩)*

તેમજ ફર્માવે છે :–

تَبٰرَكَ الَّذِیْۤ اِنْ شَآءَ جَعَلَ لَكَ خَیْرًا مِّنْ ذٰلِكَ جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ وَ یَجْعَلْ لَّكَ قُصُوْرًا

"બરકતવાળો છે અલ્લાહ, તે જો ચાહે તો તમારા માટે આ (ખઝાના તથા બાગથી જેની તલબ આ કાફિર કરી રહ્યા છે)થી બેહતર કરી આપે જન્નતો, જેની નીચે નહેરો વહી રહી હશે, અને તમારા માટે ઊંચા મહેલો બનાવશે."

*(સૂરએ ફુર્કાન, ૨૫/૧૦)*

આયતોની તફસીર તથા તશ્રીહમાં જે હદીષો મુતવાતિરુલ મઅના આવેલી છે તે એક કિનારા વિનાનો સમુદ્ર છે, પણ આ લોકો અલ્લાહ અને તેની આયતો પછી કઈ હદીષ પર ઈમાન લાવશે ?! *(અદ્દવલતુલ મક્કિયા, અન્નઝરુલ અવ્વલ, પેજ : ૨૮, ૨૯, ૩૦......., રિસાલા અંબાઉલ ગયબ, પેજ : ૨૩, ૨૪, રઝવી કિતાબ ઘર, બરેલી, ફતાવા રઝવિય્યહ્, ૧૮/૬૨૩, કિતાબુલ અક઼ાઈદ વલ કલમ, અંબાઉલ મુસ્તફા, ઈમામ અહમદ રઝા એકેડમી)*

**(૫) ઈમામુલ વહાબિયા** મિશ્કાતના પ્રકરણ બાબુલ એલાનુન્નિકાહથી બુખારી શરીફની એક હદીષ નકલ કરીને લખે છે :–

"રબીઅ એક બીબી હતાં અન્સારમાંથી. તેમની શાદીમાં પૈગંબરે ખુદા તશરીફ લાવ્યા અને તેમની પાસે આવીને બેઠા તો એ લોકોની કેટલીક છોકરીઓ કાંઈક ગાવા લાગી. એમાં પૈગંબરે ખુદાની તારીફમાં આ વાત કહી (وفينا نبیٌّ یَعْلَمُ مَا فِیْ غَدٍ) કે એમને અલ્લાહે એવો મર્તબો આપ્યો છે કે ભવિષ્યની વાતો જાણે છે."

તો પૈગંબરે ખુદાએ મના કર્યું અને ફર્માવ્યું કે, "આ વાત ન કહો, જે કાંઈ પહેલાં ગાતી હતી એ જ ગાતી રહો."

આ હદીષથી જાણવા મળ્યું કે કોઈ અંબિયા તથા ઔલિયા અથવા ઈમામ અથવા શહીદની જનાબમાં કદાપિ એ અક઼ીદો ન રાખે અને ન તેમની તારીફમાં એવી વાત કહે. (તકવિયતુલ ઈમાન, ઈસ્માઈલ દહેલ્વી, પેજ : ૨૨, ૨૩, અલ

ફસ્લુષ્ષાની ફી રદ્દિલ ઈશ્રાક ફિલ ઈલ્મ, રાશિદ કંપની, દેવબંદ) વર્ણવેલ હદીષથી જાહેર એ છે કે સરકાર ﷺએ ગાવા વગાડવાની મેહફિલમાં નઅત શરીફનો કોઈ શેઅર અથવા કડી પઢવું નાપસંદ કર્યું, એનાથી એવું કદાપિ સાબિત નથી થતુ કે **હુઝૂરના માટે ઈલ્મે ગયબનો અક઼ીદો રાખવો શિર્ક ફિલ ઈલ્મ અથવા ગલત છે.**

એના બારામાં ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક જગાએ લખ્યું : હુઝૂરે અક઼દસ ﷺએ لَهْوِ مُبَاح માં તો પોતાનો ઝિક્રે કરીમ નાપસંદ કર્યો અને અન્સારની નાની વયની છોકરીઓએ શાદીના પ્રસંગ બાદ ગાવામાં આ કડી પઢી : وَفِيْنَا نَبِيٌّ يَعْلَمُ مَا فِي غَدٍ "આપણામાં તે નબી છે ભવિષ્યની વાતો જાણે છે." તો એમને મના કરી આપ્યું : دَعِي هَذِهِ وَ قُوْلِي بِالَّذِي كُنْتِ تَقُوْلِيْنَ "એને રહેવા દો અને એ જ કહેતી રહો જે કહી રહી હતી.

ઈમામ હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી قدس سرہઈહયાઉલ ઉલૂમ શરીફમાં કિતાબુલ મસ્અલતિસ્સમાઅમાં ફર્માવે છે :

وَلِذَا لَمَّا دَخَلَ رَسُوْلُ اللهِ ﷺ بيتَ الرُّبَيِّع بنتِ مُعوِّذ و عندها جَوَارٍ يُغَنِّيْنَ، فَسَمِعَ إحداهن تقولُ: ''وَ فِيْنَا نَبِيٌّ يَعْلَمُ مَا فِي غَدٍ'' عَلَى وَجْهِ الغناءِ. فَقَالَ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ - :دَعِي هٰذَا وَ قُوْلِي مَا كُنْتِ تَقُوْلِيْنَ۔

وهٰذِهِ شَهَادَةٌ بِالنُّبوَّة فَزَجَرَها عَنْهَا . وَرَدَّهَا إِلى الغِنَاءِ الَّذِي هُوَ لَهْوٌ؛ لِأَنَّ هٰذا جِدٌّ مَحْضٌ، فلا يُقرَن بصورة اللّهوِ

"આ શેઅર હુઝૂરની નબુવ્વતની ગવાહી હતો કે ખુદાના બતાવવાથી ................ ગયબનું જાણવું નબુવ્વતની જ શાન છે, તો હુઝૂર પુરનૂર ﷺએ ન ચાહ્યું કે તેને ખેલકૂદના સ્વરૂપમાં સામેલ કરવામાં આવે. જેથી એનાથી રોકી દીધું." *(ઈહયાઉલ ઉલૂમ, ૬/૧૧૭૫, કિતાબુ આદાબિસ્સમાઅ વલ્વજ્દ ........દારુશ્શોઅબ, કાહિરા)*

વહાબીઓ આ હદીષને ક્યાંથી ક્યાં લઈ જાય છે ! જ્યારે કે વાત કેવળ

આટલી જ હતી કે જો હુઝૂર ઈલ્મે ગયબની નિસ્બત નાપસંદ કરતા હતા તો કોનાથી ? ઓછી સમજવાવાળી સ્ત્રીઓથી તે પણ છોકરીઓથી. અને જ્યારે આકિલ પુરૂષ ''માલિક ઈબ્ને ઔફ હવાઝની' رضی اللہ عنہએ પોતાના હુઝૂર માટેના નઅતિયા કસીદામાં અર્ઝ કરી છે જેમાં ફર્માવ્યું : وَمَتٰى تَشَا يُخۡبِرُكَ عَمَّا فِي غَدٍ "તો તું જ્યારે ચાહે ત્યારે આ નબી તને ભવિષ્યની વાતો બતાવી આપે." તો એના પર કેમ ઈન્કાર ન કર્યો ?! જ્યારે કે તેમણે તો એ સ્ત્રીઓ કરતાં ઘણુ વધારે કહ્યું છે જેનાથી કયામત સુધીના કુલ ગયબો બિલ ફેઅલ હુઝૂર ﷺને માલૂમ હોવું અથવા કમસે કમ તેમને જાણી લેવું હુઝૂરના અખત્યારમાં આપી દેવામાં આવવું જાહેર છે.........એનો ઈન્કાર કરવાનું તો દૂર રહ્યું પણ હુઝૂર પૂરનૂર ﷺએ એ કસીદાના બદલામાં તેમના માટે ભલી દુઆઓ આપી અને તેમને ખિલ્અત પહેરાવી અને તેમને તેમની કૌમ હવાઝિન તથા ષમાલા તથા સલમા તથા ફહમ પર સરદાર નિયુક્ત કર્યા.

كما رواه المعانى (أبو الفرج المعاني بن زكريا النهر والي) في ''الجليس والأنيس'' بطريق الحرماذى عن أبي عبيدة بن الجرّاح رضى الله تعالى عنه ، و ابن إسحاق عن أبي وجزة يزيد بن عبيد السعدى

*(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ આખિર, પેજ–૨૬, ૨૭, રિસાલા અલકશ્ફુશ્શાફિયા, કિતાબુલ ખતર વલ અબાહા, ફતાવા રઝવિય્યહ, ૧૫/૭૫૪, કિતાબુલ ખતર વલ અબાહા, ઈમામ અહમદ રઝા, એકેડમી, બરેલી, અલજલીસુસ્સાલિહ વલ અનીસુન્નાસિહ લિલ ઈમામુલ મઆની અન અબી ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ, ૧/૩૭૩, ૩૭૪, અહસન માકૂબ્લફી વસ્ફુલ માઅ, અલ મકતબતુશ્શામિલા)*

આ લખાણથી આ ફાયદા હાંસલ થયા :–

અ. બાળકોએ એ પઢીને કે, **"અમારામાં તે નબી છે જેઓ ભાવિની વાતો જાણે છે."** નબુવ્વતની શહાદત આપી છે કે, "નબુવ્વત"નો અર્થ જ છે "ગયબની ખબરો આપવી[1] અને નબી "નબુવ્વતની શહાદત"થી નથી રોકી શકતા.

બ. આ કલમા (વાક્ય)થી રોકવાનો સબબ એ નથી કે આપ ભવિષ્યની વાતો નથી જાણતા, અને એ કારણ કેવી રીતે હોય શકે છે જ્યારે કે ખુદ આપે

સહીહ હદીષોમાં વારંવાર એનું એલાન કર્યુ છે, બલ્કે એનું કારણ એ છે કે ''નબીની નઅત'' અને ''નબુવ્વતની શહાદત.'' જેથી મહાન ચીજનો ઉલ્લેખ સરકાર ﷺએ ગાવા વગાડવાની મેહફિલમાં પસંદ ન કર્યો, ભલે એ ગાવુ વગાડવું મુબાહ હતું, કે મહાનતાવાળી (મોઅઝ્ઝમાત) ચીજોનો ઉલ્લેખ મોઅઝ્ઝમ મજલિસમાં થવો જોઈએ.

ક. એ જ કારણે હઝરત માલિક બિન ઔફ હવાઝની رضی اللہ عنہએ જ્યારે બારગાહે રિસાલતમાં હાજર થઈને આ કડી પઢી : وَمَتٰى تَشَا يُخْبِرْكَ عَمَّا فِيْ غَدٍ ''તું જ્યારે ચાહે આ નબી તને ભવિષ્યની વાતો બતાવી આપે.'' તો હુઝૂર ﷺએ તેમને નથી રોક્યા. જ્યારે કે આ વાકય وَفِينَا نَبِيٌّ يَعْلَمُ مَا فِيْ غَدٍ થી વધીને છે. કારણ એ છે કે હઝરત માલિક ''બારગાહે અર્શજાહ''માં પઢી રહ્યા હતા. તેમજ એમાં સામાન્યપણુ ઘણુ છે.

શક્ય છે કોઈને એ શંકા થાય કે હઝરત માલિક ઈબ્ને ઔફ رضی اللہ عنہની હદીષ સિહાહમાં નથી એટલા માટે તેનાથી દલીલ પુરવાર કરવું ઝઈફ છે. પણ એ શંકા એટલા માટે રદ બાતલ છે કે હઝરત માલિક બિન ઔફ رضی اللہ عنہની **આ કડી ખૂબ જ અધિક પ્રમાણમાં સિહાહની હદીષો બલ્કે સહીહ હદીષોનો ખુલાસો છે** જેની એક પસંદગી અમે પાછલા પેજોમાં રજૂ કરી.

આ સંપૂર્ણ ચર્ચાનો સાર એ થયો કે :–

૦૧. ગયબનો ઈલ્મ અલ્લાહની પાસે જ છે, અને એ ''ઝાતી ઈલ્મ'' છે જે કોઈના આપ્યા વિના તેને પોતાની જાતથી હાંસલ છે. અને એ વિના શંકાએ ઝાતી ઈલ્મ ખુદાએ વહદહૂ લાશરીકની સાથે ખાસ છે. એ મખ્લૂકમાં કોઈને ઉપલબ્ધ નથી.

૦૨. અલ્લાહ તઆલાએ પોતાના ખાસ કરમથી પોતાના નબીઓ તથા રસૂલોને અગણિત ગયબી ઈલ્મો અતા કર્યા અને તેમને મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના ગયબો પર ખબર આપી, આ ''અતાઈ ઈલ્મ'' છે જે બંદાઓ સાથે ખાસ છે. આ ઈલ્મ અલ્લાહ તઆલા માટે હોય જ શકતો નથી, કેમ કે કોઈ એને અતા કરનારુ નથી.

૦૩. કોઈ બંદાના માટે "અલ્લાહના જેવો ઈલ્મ" માનવો શિર્ક છે. ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે ઈસ્લામ લખે છે : "ઈલ્મે ઝાતી અલ્લાહ ﷻથી ખાસ છે જે એમાંથી કોઈ ચીજ ભલે એક રજકણથી ઓછી ગૈરે ખુદા માટે માને તે યકીનન ! કાફિર તથા મુશ્રિક છે." *(ખાલિસુલ એ'તેકાદ, પેજ : ૯, ૧૦, રઝા એકેડમી મુંબઈ, ❖ અદલવતુલ મક્કિયા, પેજ–૧૩, ઈસ્તંબુલ ❖ ફતાવા રઝવિય્યહ, ૧૮/૫૭૧, કિતાબુલ અકાઈદ વલ્કલામ)*

૦૪. આપણે અહલે હક્ક અહલે સુન્નત વ જમાઅત અંબિયા તથા મુરસલીન عَلَيْهِمُ السَّلَامના માટે અથવા કોઈ પણ બંદાના માટે "ઈલ્મે ઝાતી" અને ઈલ્મે મુહીત, તફસીલી નથી માનતા, બલ્કે કેવળ અને કેવળ અતાઈ ઈજમાલી (સંક્ષિપ્ત) માનીએ છીએ.

૦૫. અહલે હદીષ ફિર્કાના ઈમામ, અંબિયા તથા મુરસલીન માટે "અતાઈ ઈલ્મ" માનવા પણ તૈયાર નથી ! અને "અલ્લાહના જેવો ઈલ્મ" બતાવે છે અને તેને "શિર્ક" ઠરાવે છે, પણ આ સો ટકા ગલત છે. એને "અલ્લાહના જેવો ઈલ્મ" અને "શિર્ક" સાબિત કરવા માટે જરૂરી છે કે :–

★ તેને માનનારા કિતાબુલ્લાહની આયતો અને રસૂલુલ્લાહ ﷺની હદીષોથી સાબિત કરે કે આ ખુદાએ ગની તથા બેનિયાઝનો (ઈલ્મ એ) અતા કરેલો ઈલ્મ છે.

★ સાથોસાથ એ પણ સ્પષ્ટ કરે કે તેને ઈલ્મે ગયબ કોણે અતા કર્યો અને ક્યારે અતા કર્યો ?

નામો તો આ ફિર્કાએ પોતાના માટે ઘણા સારાં સારાં તજવીઝ કર્યાં : "અહલે હદીષ, અષરી, સલફી" એટલા માટે અમે ગુઝારિશ કરીએ છીએ કે પોતાના નામની તો કાંઈક લાજ રાખો ! "અહલે હદીષ" છો તો હદીષ પેશ કરો ! "અષરી" છો તો "અષર" લાવો ! "સલફી" છો તો સલફે સાલેહનથી (પૂર્વજ બુઝુર્ગોથી) નકલ પેશ કરો કે અલ્લાહનો ઈલ્મ અતાઈ છે, અને ફલાણાએ ફલાણા સમયે અતા કર્યો. જો નથી પેશ કરી શકતા અને કદાપિ પેશ નથી કરી શક્તા ! તો તૌબા કરીને અહલે હક્કના વર્ગમાં (અહલે સુન્નત)માં સામેલ થઈ જાવ.

## ★ અલ્લાહના ઈલ્મ તથા નબીના ઈલ્મમાં વિવિધ પાયાના તફાવતની સ્પષ્ટતા ★

અમે આ પ્રકરણમાં ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہથી ''અલ્લાહના ઈલ્મ'' અને ''નબીના ઈલ્મ'' દરમિયાન તફાવત સ્પષ્ટ કરવા ચાહીએ છીએ જેથી ન્યાયપ્રિય લોકો પર એ જાહેર થઈ જાય કે અમે અહલે સુન્નત નબી કરીમ ﷺના માટે કદાપિ કદાપિ ''અલ્લાહના જેવો ઈલ્મ'' નથી માનતા. આપ લખે છે :–

- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ ઝાતી છે અને મખ્લૂક્નો ઈલ્મ અતાઈ (અલ્લાહનો આપેલો).
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ તેની ઝાતના માટે વાજિબ છે અને મખ્લૂક્નો ઈલ્મ તેની ઝાતના માટે શક્ય નથી.
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ અઝલી (હમેશાંથી), સરમદી (હમેશાં માટે), ક્દીમ (હમેશાં માટેનો), હકીકી છે. એવું નહીં કે પહેલાં ન હતો પછી જોયો. અને મખ્લૂક્નો ઈલ્મ હાદિષ (પાછળથી મળેલો) કે પહેલાં ન હતો પછી થયો.
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ ગૈર મખ્લૂક્ છે અને મખ્લૂક્નો ઈલ્મ મખ્લૂક્ છે.
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ કોઈની કુદરત (તાબા) હેઠળ નથી, અને મખ્લૂક્નો ઈલ્મ અલ્લાહ તઆલાની કુદરતના હેઠળ અને તેના અખત્યાર હેઠળ છે.
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ બાકી રહેવો વાજિબ છે, અને મખ્લૂક્નો ઈલ્મ એવો નથી, તેનું ફના થવા શક્ય છે.
- ❑ અલ્લાહ તઆલાના ઈલ્મમાં ફેરફાર થવું મુહાલ (અશક્ય) છે અને મખ્લૂક્ના ઈલ્મમાં ફેરફાર શક્ય છે.

ومع هذه التفريقات لا يتوهم المساواة إلّا الذين أعمى الله أبصارهم

*(અદ્દવલતુલ મક્કિયા, પેજ–૩૦, ઈસ્તંબુલ)*

તેમજ ફર્માવે છે :

- કોઈ મખ્લૂકનું અલ્લાહની માલૂમાતને સંપૂર્ણ તફસીલ સાથે મુહીત થઈ જવું (ઘેરી લેવું) શરીઅતથી પણ મુહાલ (અશક્ય) છે, અને બુદ્ધિથી પણ. બલ્કે જો સર્વ દુનિયાવાળાઓ, આગલા પાછલા સૌના ઈલ્મોનો સમૂહ કરવામાં આવે તો તેમને અલ્લાહના ઈલ્મો સાથે એ નિસ્બત ન થશે જે એક ટીપાને દસ લાખ હિસ્સાઓમાંથી એક હિસ્સાને દસ લાખ સમુદ્રોથી છે. *(ખાલિસુલ એ'તેકાદ, પેજ–૧૦, ફતાવા રઝવિય્યહ્, પેજ–૨૧, ૨૨, ઈસ્તંબુલ)*

તેમજ લખે છે : ઈલ્મે ઝાતી અને ઈલ્મે મુહીત તફસીલી અલ્લાહ ﷻ સાથે ખાસ છે, બંદાઓના માટે કેવળ એક ગણો ઈલ્મ અલ્લાહની અતાના રૂપે છે. *(ખાલિસુલ એતેકાદ, પેજ–૧૧, અદ્દવલતુલ મક્કિયા, પેજ–૩૬, ફતાવા રઝવિય્યહ્, ૧૮/૫૭૪, કિતાબુલ અક઼ાઈદ વલ્કલામ, ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી)*

તેમજ ફર્માવે છે : "અમે ન ઈલ્મે ઈલાહીથી બરાબરી માનીએ છીએ અને ગૈરના માટે ઈલ્મ બિઝ્ઝાત (ઝાતી ઈલ્મ) માનીએ છીએ અને અલ્લાહની અતાથી પણ અમુક જ ઈલ્મ મળવું માનીએ છીએ."

*(ખાલિસુલ એતેકાદ–૧૧, ફતાવા રઝવિય્યહ્, ૧૮/૫૭૪, કિતાબુલ અક઼ાઈદ વલ કલામ, બરેલી, અદ્દવલતુલ મક્કિયા)*

**'અલ્લાહના ઈલ્મ' અને 'નબીના ઈલ્મ'માં આટલા સ્પષ્ટ તફાવતો અને રોશન ઉઘાડી સ્પષ્ટતાઓ હોવા છતાં પણ જો કોઈ તેને "અલ્લાહકા સા" (અલ્લાહના જેવો ઈલ્મ) અને "શિર્ક" કહે તો વિના શંકાએ મહાન ઝિયાદતી (જુલ્મ) છે.** *(સંપૂર્ણ)*

# ઈમામુલ કલામ કલામુલ ઈમામ

અઝ : શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, મુજદ્દિદે આ'ઝમ

**ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

લમ્ યાતિ નઝીરુક ફી નઝરિન્ મિષ્લે તૂ ન શુદ પૈદા જાના
જગ રાજ કો તાજ તોરે સર સોહે, તુઝકો શહે દોસરા જાન

અલ્ બહ્રુ અલા વલ્ મવ્ જુ તગા, મન બેકસો તૂફાં હોશ રુબા
મઝધારમેં હૂં બિગળી હૈ હવા, મોરી નૈયાં પાર લગા જાના

યા શમ્સુ નઝર્તિ ઈલા લય્લી ચૂ બહ્ તયબહ્ રસી અર્ઝે બકની
તોરી જોત કી જલ જલ જગમેં રચી, મેરી શબને ન દિન હોના જાના

લક બદ્રુન્ ફીલ્ વજ્હિલ્ અજ્મલ્ ખ઼ત હાલાએ મહ ઝુલ્ફ અબ્રે અજલ
તોરે ચંદન ચંદર પરો કન્દલ રહમત કી ભરન્ બરસા જાના

અના ફી અતંસિવ્ વ સખ઼ાક અતમ્ અય ગેસૂએ પાક અય અબરે કરમ
બરસન હારે રિમ ઝિમ રિમ ઝિમ દો બુંદ ઈધર ભી ગિરા જાના

યા ક઼ાફિલતિ જીદી અજલક્ રહમે બર હસ્રતે તિશ્ના લબક
મોરા જિયરા લરજે દરક દરક તયબહ્સે અભી ન સુના જાના

વાહલ્ લિ સુવય્આતિન્ ઝહબત્ આં અહદે હુઝૂરે બાર ગહત
જબ યાદ આવત્ મોહે કરનહ્ પરત દર્દાવો મદીને કા જાના

અલ્ ક઼લ્બુ શજ્જિંવ વલ્ હમ્મુ શુયૂં દિલ ઝાર ચુનાં જાં ઝેરે ચુનૂં
પત અપની બિપત મૈં કાહે કહૂં મેરા કૌન હૈ તેરે સિવા જાના

અર્ઈહુ ફિદાક ફઝિદ્ હર્ક઼ન યક શોઅ્લા દિગર બરઝન અશ્ક઼ા
મોરા તન મન ધન સબ ફૂંક દિયા યે જાન ભી પ્યારે જલા જાના

બસ ખ઼ામએ ખ઼ામે નવાએ 'રઝા' ન યહ તર્ઝ મેરી ન યહ રંગ મેરા
'ઈર્શાદે' અહિબ્બા 'નાતિક઼' થા નાચાર ઈસ રાહ પળા જાના